સૌરાષ્ટ્ર આવૃત્તિ

દૈનિક મુંબઈ સમાચાર

૨૦૫ વર્ષ

R.N.I. No. GUJ GUJ /2013/58486 *

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 159 ■ વિક્રમ સંવત ૨૦૮૨

નિજ જયેષ્ઠ વદ-૭ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 7 July 2026, Tuesday ■ REGD.No. MCS/058/2018-20

મંગળવાર, ૭ જુલાઈ ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦

તરોતાજા પૂર્તિ ૫ ૬ ૭

LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# મહારાષ્ટ્રમાં આકાશી સુનામીથી ભયંકર તારાજી

■ મુંબઈમાં મોસમનો ૫૩.૬૫ ટકા વરસાદ વરસી ગયો ■ ૭૦-૮૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાતા અનેક ઝાડ તૂટી પડ્યાં ■ ૪૮ કલાકમાં ૧૩ જણનાં મોત ■ લોનાવાલામાં ૨૭ ઇંચ વિક્રમી વરસાદ ■ પાલઘર આખું જળબંબોળ ■ ગુજરાતની જતી-આવતી ટ્રેનો અટવાઈ ■ વસઈ, નાલાસોપારા, વિરારમાં પૂર ■ મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે બંધ ■ મિસિંગ લિંકના કામની પોલ ખૂલી ■ મુંબઈ-પુણેનો ટ્રેન-રોડ સંપર્ક તૂટ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ખાસ કરીને મુંબઈ, પુણે, થાણે અને પાલઘરમાંમાં પડેલા અનરાધાર વરસાદને કારણે સર્જાયેલી દુર્ઘટનાઓમાં ત્રણ લોકોના મોત થયા છે. વરસાદ એટલો ભયાનક હતો કે તેને કારણે ભેખડો ધસી પડવાને લીધે મુંબઈનો પુણે અને બીજી તરફ ગુજરાત સાથેનો સંપર્ક તૂટ્યો હતો. મધ્ય રેલવે અને પશ્ચિમ રેલવેની લાંબા અંતરની ટ્રેન સેવાને ગંભીર અસર પહોંચી હતી. સાથે રોડ ટ્રાફિકને પરિવહન વ્યવસ્થાને ભારે અસર પહોંચાડી હતી અને સોમવારે સામાન્ય જનજીવન ઠપ કરી દીધું હતું. વરસાદને લીધે છેલ્લા ૪૮ કલાકમાં ૧૩ જણનાં મોત થયા હતા. માનખુર્દમાં ચાલ તૂટી પડવાની ઘટનામાં મરણાંક છ થયો હતો. મુંબઈમાં મોડે મોડે આવેલા વરસાદે જુલાઈ મહિનામાં તમામ રેકોર્ડ તોડી રહ્યા છે. છેલ્લા છ દિવસમાં મુશળધાર વરસાદને પગલે જુલાઈ મહિનાના પહેલા અઠવાડિયામાં જ મુંબઈનો ચોમાસાનો સરેરાશ ૫૩.૬૫ ટકા વરસાદ વરસી ગયો છે. તેમાં પણ છેલ્લા બે દિવસમાં શહેરમાં ૧૨ ઇંચ પૂર્વ ઉપનગરમાં સાડા પંદર ઈંચ અને પશ્ચિમ ઉપનગરમાં ૧૪ ઇંચ વરસાદ નોંધાયો છે. આ રેકોર્ડ બ્રેક વરસાદની સાથે જ ૭૦થી ૮૦ કિ.મી. પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા પવનોને કારણે સર્જાયેલી કટોકટીની પરિસ્થિતિ સર્જાઈ હતી.

મુંબઈમાં રવિવાર મોડી રાતથી શરૂ થયેલા મુશળધાર વરસાદે ફરી એક વખત મુંબઈગરાને બાનમાં લીધા હતા. વરસાદની તીવ્રતાને પગલે સોમવારના ઓરેન્જ અલર્ટને રેડમાં અપગ્રેડ કરવામાં આવ્યું હતું. સવારના સમયે અનેક નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયાં હતાં. ભારે વરસાદને પગલે વિમાન સેવાને અસર થઈ હતી. ટ્રાફિક જૅમની સાથે રેલવે સેવાને પણ ફટકો પડ્યો હતો. ભારે વરસાદની ચેતવણીને પગલે સરકારી અને ખાનગી કંપનીઓમાં બપોર બાદ રજા આપી દેવામાં આવી હતી. કલાકના ૭૦ કિલોમીટરની ઝડપે ફૂંકાઈ રહેલા પવનોને કારણે મુંબઈમાં અનેક જગ્યાએ વૃક્ષો તૂટી પડવાની ઘટના પણ બની હતી. હવામાન વિભાગે આજે પણ મુંબઈ માટે ઓરેન્જ અલર્ટ આપીને ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે.

મુંબઈ, પુણે, પાલઘરમાં રસ્તાઓ નદીમાં ફેરવાઈ ગયા હતા, વૃક્ષો ધરાશાયી થયા હતા અને મુંબઈ-પુણે એક્સપ્રેસ-વેનો નવો ખુલેલો 'મિસિંગ લિંક' વિભાગ પણ ચોમાસાની પ્રથમ કસોટીમાં નિષ્ફળ રહ્યો હતો. આનું મુખ્ય કારણ લોનાવલામાં પડેલો વિક્રમી વરસાદ છે. લોનાવલામાં ૨૭ ઇંચ કે ૬૭૭ મિ.મી. વરસાદ પડતા હજારો સહેલાણીઓ ફસાઈ ગયા હતા. ભારે વરસાદને કારણે ભૂસ્ખલનની ઘટનાઓ બની હતી, જેના લીધે સત્તાવાળાઓએ મુંબઈ-પુણે એક્સપ્રેસ-વે બંધ કરવો પડ્યો હતો અને રેલવે સેવાઓ પણ સ્થગિત કરવી પડી હતી. પુણે જિલ્લાના માવળ તાલુકાના પાટણ ગામમાં ભૂસ્ખલનને કારણે એક ઘર દબાઈ જતાં બે વ્યક્તિઓના મોત થયા હતા, જ્યારે પુણેના ખેડ તાલુકામાં પૂરના પાણીમાં તણાઈ જતાં એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું. પુણેનાં આણંદીમાં ભયંકર પૂર આવ્યા હતા. મહારાષ્ટ્ર ડિઝાસ્ટર મેનેજમેન્ટ મંત્રી ગિરીશ મહાજને જણાવ્યું હતું કે છેલ્લા ત્રણ-ચાર દિવસમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૧૩ લોકોના મોત થયા છે.

આવતીકાલે નાશિકમાં વાદળ ફાટવાની સંભાવના છે, તેથી ત્ર્યમ્બકેશ્વર મંદિરને બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શહેરના તમામ મંદિરોની સાથે પર્યટન સ્થળોને બંધ રાખવાની સ્કૂલ-કોલેજ બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી હતી.

આ દરમ્યાન મુંબઈમાં સોમવારે સવારે પૂરા થયેલા ૨૪ કલાકમાં કોલાબામાં ૧૨૮ મિ.મી. અને સાંતાક્રુઝમાં ૧૫૯ મિ.મી. વરસાદ નોંધાયો હતો. પાલિકાના જણાવ્યા મુજબ છેલ્લા બે દિવસમાં શહેરમાં ૩૦૦ મિ.મી (૧૨ ઈંચ), પૂર્વીય ઉપનગરમાં ૩૮૦ મિ.મી (સાડા પંદર ઈંચ), અને પશ્ચિમી ઉપનગરમાં ૩૪૫ મિ.મી. (૧૪ ઈંચ) વરસાદ નોંધાયો છે. આ રેકોર્ડ બ્રેક વરસાદની સાથે જ ૭૦થી ૮૦

(જુઓ પાનું ૨) ▶▶







જળબંબોળઃ મુંબઈના નાલાસોપારા, લોનાવલા તથા પુણેના આણંદીમાં ભારે વરસાદે તારાજી સર્જી હતી.

## સુરત-વાપી પાણી પાણીઃ વીજકરંટથી બે જણનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં ફરી વરસાદે ધમાલ મચાવી હતી અને બપોર બાદ વરસેલા વરસાદે શહેરને પાણી પાણી કરી નાખ્યું હતું. શહેરના અઠવાલાઈન્સ, કતારગામ, વરાછા, અડાજણ, ઉધના, લિંબાયત, વેસુ, પીપલોદ, ડભોલી, રાંદેર અને મહિધરપુરા સહિતના વિસ્તારોમાં ઘૂંટણથી કમર સુધી પાણી ભરાઈ ગયાં હોવાના અહેવાલો છે. આને લીધે સામાન્ય જનજીવન ખોરવાઈ ગયું છે. શાળાઓ, કોલેજો અને ઓફિસો બંધ થયા તે સમયે વરસાદ શરૂ થતા શહેરના મુખ્ય માર્ગો પર ભારે ટ્રાફિક જૅમ થયો હતો, જ્યારે ઘણાં વાહનો પાણીમાં ફસાઈ ગયાં હોવાથી વાહનચાલકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. દરમિયાન મળતી માહિતી અનુસાર અહીંના રાંદેર વિસ્તારમાં બે યુવકના વીજકરંટને લીધે મોત નિપજ્યા હતા.

શહેરમાં છ વાગ્યા સુધીમાં ૪.૪૧ ઇંચ વરસાદ વરસ્યો હતો, જેમાંથી ત્રણેક ઇંચ વરસાદ તો એક જ કલાકમાં વરસી ગયો હતો. સુરત રેલવે સ્ટેશન પર પણ ભારે વરસાદની અસર જોવા મળી હતી. સ્ટેશનનો વેઇટિંગ એરિયા ઘૂંટણ સુધી પાણીથી ભરાઈ ગયો હોવાથી મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. સ્ટેશન પરિસર અને બહારના રસ્તાઓ પણ પાણી ભરાયું હોવાના અહેવાલો મળ્યા છે. વિઝિબિલિટી ઘટતા વાહનચાલકોને દિવસ દરમિયાન પણ હેડલાઇટ ચાલુ રાખીને વાહન ચલાવવાની ફરજ પડી હતી. ભારે વરસાદ અને પાણી ભરાઈ જવાથી ઘણા રસ્તાઓ પર લાંબા ટ્રાફિક જૅમ સર્જાયા હતા. ભારે વરસાદ વચ્ચે, સુરત જિલ્લા વહીવટીતંત્રને અલર્ટ પર રાખવામાં આવ્યું છે. તમામ તાલુકા મામલતદાર કચેરીઓમાં કંટ્રોલ રૂમ કાર્યરત કરવામાં આવ્યા છે. નાગરિકોની મદદ માટે

(જુઓ પાનું ૨) ▶▶

## ચોરી એ ચોરીઃરામ મંદિર ટ્રસ્ટ

### આમ કહીને ટ્રસ્ટે ચંપત રાય અને અનિલ મિશ્રાનાં રાજીનામાં સ્વીકારી લીધાં

અયોધ્યાઃ અયોધ્યાના રામમંદિરના ચંદા-ચોરીના વિવાદને પગલે શ્રી રામ જન્મભૂમિ તીર્થક્ષેત્ર ટ્રસ્ટે મહામંત્રી ચંપત રાય અને ટ્રસ્ટી અનિલ મિશ્રાનાં રાજીનામાં સ્વીકાર્યાં હતાં. ટ્રસ્ટે કહ્યું હતું કે આ નિર્ણય ટ્રસ્ટના બંધારણ અનુરૂપ લેવામાં આવ્યા છે.

પત્રકારોને સંબોધતા ટ્રસ્ટના ખજાનચી ગોવિંદગિરિએ કહ્યું હતું કે આ બન્ને હોદ્દેદારનાં રાજીનામાં બંધારણ પ્રમાણે સ્વીકારવામાં આવ્યા છે. જોકે રાજીનામાં સ્વીકારતી વખતે અમે તેમના યોગદાનની સરાહના કરી હતી.

રામ મંદિર ટ્રસ્ટને કરાતા દાનમાં ઉચાપતના આક્ષેપોને પગલે ચંપત રાય અને અનિલ મિશ્રાએ રાજીનામાં આપ્યા હતા. ટ્રસ્ટના સિનિયર સભ્ય પંકજ યસ્વાલે આ બાબતને યાતનારૂપ ગણાવી હતી. તેમણે દાનની રકમની ગણતરી વખતે થયેલી ઉચાપતને 'શરમજનક' ગણાવી હતી.

ટ્રસ્ટે માળખાકીય ફેરફારો પણ કર્યા હતા. ક્રિશા મોહનને વચગાળાના મહામંત્રી બનાવામાં આવ્યા છે અને ગોવિંદગિરિ ટ્રસ્ટના ખજાનચી તરીકે ચાલુ રહેશે. ટ્રસ્ટે નવા સીઈઓની પસંદગી માટે ત્રણ સભ્યની સમિતિ રચી છે.

ટ્રસ્ટના અધિકારીઓએ કહ્યું હતું કે હવે આગામી બેઠક ૨૨ જુલાઈએ યોજાશે. આ સમય દરમિયાન સ્પેશ્યલ ઇન્વેસ્ટિગેશન ટીમ તેનો અંતિમ અહેવાલ આપી દે એવી અપેક્ષા છે.

ગિરિએ પ્રતિબદ્ધતા પર ભાર મૂકતા કહ્યું હતું કે કોઈ પણ ગુનેગારને છોડાશે નહીં.

તેમણે કહ્યું હતું કે ચોરી એ ચોરી છે. સિટ એનું કામ કરે છે. અમે ભારપૂર્વક કહીએ છીએ કે જે પણ આરોપી છે જ્ઞાત કે અજ્ઞાત બધાને સજા થવી જોઈએ

ચંદા ચોરી કેસમાં આઠ આરોપી છે અને આઠેની ધરપકડ કરાઈ છે.

બેઠક ટ્રસ્ટના પ્રમુખ નૃત્ય ગોપાલ દાસના મઠ મણિ રામ છાવણીમાં ભરાઈ હતી. ટ્રસ્ટના ખજાનચી ગોવિંદ દેવગિરિએ બધા નિયમિત અને એક્સ ઑફિસિયો (હોદ્દાની રૂએ બનેલા) સભ્યોને બેઠકમાં હાજરી આપવા આમંત્રણ આપ્યું હતું.

ટ્રસ્ટના પ્રમુખ નૃત્ય ગોપાલ દાસને ગંભીર સ્થિતિમાં હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે અને સિનિયર ટ્રસ્ટી

(જુઓ પાનું ૨) ▶▶

## પહલગામ હુમલાનું કાવતરું હાફીઝ સઈદે ઘડ્યું હતુંઃ એનઆઈએ

નવી દિલ્હી : નેશનલ ઇન્વેસ્ટિગેટિંગ એજન્સી (એનઆઈએ)એ સોમવારે લશ્કર-એ-તૈયબાના વડા હાફિઝ સઈદ સામે આરોપનામું નોંધાવીને પહલગામની બૈસારન વેલીના આતંકવાદી હુમલામાં પાકિસ્તાનની ભૂમિકા સિદ્ધ કરી હતી. આ હુમલામાં પચીસ સહેલાણી અને એક ઘોડાવાળાની હત્યા કરવામાં આવી હતી.

કેન્દ્રીય તપાસ એજન્સીએ કહ્યું હતું કે પૂરક તહોમતનામામાં પહેલેથી આતંકવાદી જાહેર કરાયેલા સઈદનું નામ છે. આ તહોમતનામું જમ્મુ અદાલતમાં નોંધવામાં આવ્યું હતું. આમાં સઈદનુ નામ વ્યક્તિગત રીતે કાવતરું ઘડવા માટે અને તૈયબાના અને તેના પ્રોક્સી સંગઠન 'ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ'ના વડા તરીકે સામેલ છે.

એજન્સીએ એક નિવેદનમાં કહ્યું હતું કે ગયા વર્ષે ૧૫ ડિસેમ્બરમાં ૧૫૯૭ પાનાનું મૂળ

(જુઓ પાનું ૨) ▶▶

## ભાવનગરમાં રથયાત્રા પૂર્વે પોલીસનું મેગા કોમ્બિંગઃ સંવેદનશીલ રૂટ પર ૨૦૦ જવાનો દ્વારા ચેકિંગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરમાં આગામી ૧૬ જુલાઈના રોજ યોજાનારી ૪૧મી ભગવાન જગન્નાથજીની રથયાત્રાને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન કરાવવા માટે ભાવનગર પોલીસ સંપૂર્ણ એક્શન મોડમાં આવી ગઈ છે. રથયાત્રા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ તંત્ર દ્વારા આગોતરા સુરક્ષા પગલાં લેવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે.

રેન્જ આઈજીપી અને એસપી નિતેશ પાંડેના સીધા માર્ગદર્શન હેઠળ મોડી રાત્રે રથયાત્રાના ૨ કિલોમીટર જેટલા અતિ સંવેદનશીલ રૂટ પર એક વિશાળ મેગા કોમ્બિંગ ઓપરેશન હાથ ધરાયું હતું. આ સમગ્ર કામગીરીને સુવ્યવસ્થિત રીતે અંજામ આપવા માટે પોલીસ દ્વારા ૫ વિશેષ ટીમોની રચના કરવામાં આવી હતી, જેમાં ૨૦ જેટલા ઉચ્ચ અધિકારીઓ અને ૨૦૦થી વધુ પોલીસ જવાનો સઘન ચેકિંગમાં જોડાયા હતા.

આ ઓપરેશન અંગે માહિતી આપતા ડી.વાય.એસ.પી.એ જણાવ્યું હતું કે, કોમ્બિંગ ઓપરેશન દરમિયાન વિસ્તારના જાણીતા અસામાજિક તત્ત્વો અને બુટલેગરોના ઘરોમાં કાયદાકીય રીતે સઘન તલાશી લેવામાં આવી હતી. આ સર્ચ ઓપરેશન દરમિયાન કેટલાક ઘરોમાંથી છરી જેવા ઘાતક હથિયારો મળી આવ્યા છે, જેને પગલે સંબંધિત શખ્સો સામે કાયદેસરના ગુના નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.સુરક્ષા

(જુઓ પાનું ૨) ▶▶

## ભાવનગર જિલ્લાના જીવાદોરી સમાન શેત્રુંજી ડેમ છલકાયો, ૫૯માંથી ૨૦ દરવાજા ખોલાયા; ૧૭ ગામોને અલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ સૌરાષ્ટ્રના સૌથી મોટા અને ભાવનગર જિલ્લાના જીવાદોરી સમાન પાલિતાણા ખાતે આવેલા શેત્રુંજી ડેમે ચોમાસાની શરૂઆતમાં જ સંપૂર્ણ ક્ષમતા હાંસલ કરતાં સોમવારે સાંજે ઓવરફ્લો થયો હતો. ઉપરવાસમાં પડેલા ધોધમાર વરસાદને પગલે છેલ્લા ૨૪ કલાક દરમિયાન ડેમમાં પાણીની જોરદાર આવક થતાં ડેમ ૧૦૦ ટકા ભરાઈ ગયો હતો. ડેમ છલકાતા જિલ્લાના ખેડૂતો તેમજ ભાવનગર શહેરના નાગરિકોમાં આનંદ અને રાહતની લાગણી વ્યાપી ગઈ હતી.

૩૪ ફૂટની સંપૂર્ણ જળસપાટી ધરાવતા શેત્રુંજી ડેમના ઓવરફ્લો થતાં ભાવનગર શહેર માટે આગામી એક

(જુઓ પાનું ૨) ▶▶

## નહીં ભૂલીએ અમે

### ખામનેઇની દફનવિધિમાં હાજરી બદલ ભારતનો આભાર માનતા ઈરાને કહ્યું

તહેરાનઃ ઇરાને તેના સર્વોચ્ચ નેતા આયાતુલ્લાહ અલી ખામનેઇની દફનવિધિમાં હાજરી આપવા બદલ ભારતનો આભાર માન્યો હતો. અત્રે નોંધનીય છે કે ૨૮ ફેબ્રુઆરીના રોજ અમેરિકાના હુમલામાં તેમનું મૃત્યુ થયું હતું.

ભારતમાં ઇરાની દૂતાવાસે આ પગલા માટે ભારતનો આભાર માનતા જણાવ્યું કે આ પરસ્પર આદર અને સાચી એકતાનું શક્તિશાળી ઉદાહરણ છે. તહેરાનમાં ખામનેઇની દફનવિધિમાં ભારતનું પ્રતિનિધિત્વ કરનાર ભારતીય પ્રતિનિધિમંડળમાં કોંગ્રેસ નેતા અને ભૂતપૂર્વ વિદેશ પ્રધાન સલમાન ખુર્શીદ, પીડીપીનાં વડાં મહેબૂબા મુફ્તી, વિદેશ રાજ્ય પ્રધાન પબિત્ર માર્ગરિટા અને બિહારના રાજ્યપાલ લેફ્ટનન્ટ જનરલ (નિવૃત્ત) સૈયદ અતા હસનૈનનો સમાવેશ થતો હતો. ભારતમાંઇઈરાનના દૂતાવાસે પોસ્ટમાં જણાવ્યું

(જુઓ પાનું ૨) ▶▶

## કાશ્મીરમાં પૂરને લીધે ભેખડો ધસી પડી, અનેક વાહનો દટાયાં

*સુરેશ એસ ડુગ્ગર*

જમ્મુઃ ભારે વરસાદને કારણે સોમવારે જમ્મુ અને કાશ્મીરના કિશ્તવાડ જિલ્લામાં ૫૪૦ મેગાવોટ ક્વાર ઇલેક્ટ્રિક પાવર પ્રોજેક્ટ નજીક ભૂસ્ખલન થયું હતું, જેમાં અનેક વાહનો દટાયાં હતાં.

ભૂસ્ખલનને કારણે વિસ્તારમાં પાર્ક કરેલા અનેક વાહનો દબાઇ ગયા છે, વાહનોને ભારે નુકસાન થયું છે અને હજુ પણ કાટમાળ નીચે ફસાયેલા છે.

કાટમાળ દૂર કરીને, ફસાયેલા વાહનોને બહાર કાઢીને રસ્તો શરૂ કરવા માટે, ભારે મશીનો સાથે બચાવ ટીમો તહેનાત કરવામાં આવી છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે પડોશના ડોડા જિલ્લામાં પણ સતત વરસાદને કારણે પૂરથી જનજીવન પ્રભાવિત થયું છે અને ઘણી જગ્યાએ નુકસાન થયું છે. તેમણે કહ્યું કે બંને જિલ્લામાં જાનહાનિની કોઈ માહિતી નથી. બચાવ અને રાહત કાર્ય ચાલી રહ્યું છે અને અધિકારીઓ પરિસ્થિતિ પર નજીકથી નજર

(જુઓ પાનું ૨) ▶▶





આજથી આરંભ

એક મધરાતે ...
એક ફૂટડી કન્યા ઘેરથી ભાગી છૂટે છે...
ઘરના જ લોકો એના વેરી થયા છે એની કરોડોની મિલકત હડપ કરી જવા માટે...
એ જ રાતે ટ્રેનમાં એની મુલાકાત થાય છે એક સોહામણા યુવક સાથે...
અને પછી આકાર લે છે એ યુવતીના વેરીઓને કઈ રીતે શિકસ્ત આપવાની
રહસ્ય, રોમાંચ, ઉત્તેજનાસભર આગવી કથા...

પ્રારંભ
ચૂકશો નહીં!
ધારાવાહિક નવલકથાનું રોજ એક તાજું પ્રકરણ!

વાંચો-વંચાવો સદાબહાર
૨૦૫ વર્ષ મુંબઈ સમાચાર

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ચીનની પાવર કંપનીઓ પર સરકાર અચાનક કેમ ઓળઘોળ?

**ચીન** સાથેના ભારતના સંબંધો અત્યારે તણાવપૂર્ણ છે ત્યારે જ કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે ચીનની ચાર પાવર ઈક્વિપમેન્ટ કંપનીઓને સરકારી પ્રોજેક્ટની હરાજીમાં ભાગ લેવાની મંજૂરી આપતાં વિવાદ થઈ ગયો છે. ૨૦૨૦માં ગલવાન ખીણમાં ચીનાઓએ ભારતના ૨૦ સૈનિકોની હત્યા કરી પછી ભારતે ચીની કંપનીઓ પર કોઈ પણ સરકારી કોન્ટ્રાક્ટમાં હરાજીમાં ભાગ લેવા પર પ્રતિબંધ મૂકેલો.

અત્યંત અનિવાર્ય હોય એવા કિસ્સામાં હરાજીમાં ભાગ લેવા માટે એમ્પેનલમેન્ટ કરાવવા સરકારી મંજૂરી ફરજિયાત બનાવી હતી. મોદી સરકારનો એ નિર્ણય બરાબર હતો ને અત્યાર સુધી તેનું પાલન થયું. હવે અચાનક જ મોદી સરકાર ચીનની કંપનીઓ પર ઓળઘોળ થઈ ગઈ તેથી વિવાદ થવો સ્વાભાવિક છે.

કૉંગ્રેસે આ નિર્ણયને ચીન સામે શરણાગતિ સ્વીકારવાનો નવો અધ્યાય ગણાવીને મોદી સરકારની ઝાટકણી કાઢી છે તો બીજી તરફ મોદી સરકારની વિદેશ નીતિ સામે પણ સવાલો ઊભા કર્યા છે. કૉંગ્રેસનું કહેવું છે કે, ચીન સામે નત મસ્તક થવાનો સિલસિલો ચાલુ રાખીને દેશના એમએસએમઈ એટલે કે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગોને મોદી સરકાર ભારે નુકસાન કરી રહી છે.

કૉંગ્રેસની ટીકા સાવ મોં-માથા વિનાની પણ નથી કેમ કે ચીનની તાજેતરની હરકતો ભારતને માફક આવે એવી નથી જ. એક તરફ ચીન ભારતના પાડોશી દેશોને હથિયાર વેચીને મજબૂત બનાવી રહ્યું છે ને બીજી તરફ ભારતના પ્રદેશોમાં પણ ઘૂસણખોરીના પેંતરા કરી રહ્યું છે. ચીને અરૂણાચલ પ્રદેશમાં ભારતના વિસ્તારો પચાવી પાડીને લશ્કરી છાવણીઓ અને આર્મી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવી રહ્યું હોવાના આક્ષેપો હમણાં જ સ્થાનિક આદિવાસી સમુદાયે કર્યા છે. ચીને બાંગ્લાદેશને અત્યાધુનિક હથિયારો વેચવા માટેનો કરાર પણ હમણાં જ કર્યો છે.

ચીનની બે એપે ભારતની ઈલેક્ટ્રિક રિક્ષાઓની બેટરી બંધ કરીને ઠપ્પ કરી દીધી એ કારસ્તાન પણ તાજું જ છે. તેના કારણે ભારતની સુરક્ષા સામેના ખતરાનો મુદ્દો ચર્ચામાં છે ત્યારે ચીનની કંપનીઓને ભારતના સરકારી પ્રોજેક્ટ્સમાં ભાગ લેવાની મંજૂરીથી સુરક્ષા સામે જોખમ ઊભું થશે એવી ચિંતા અકારણ નથી. ચીનનાં કારસ્તાન જોતાં તેની સામે આક્રમક વલણ લેવાના બદલે ભારત કઈ રીતે ચીનની કંપનીઓને સરકારી પ્રોજેક્ટ્સમાં ભાગ લેવા દઈ શકે એ સવાલ ઉઠવો સ્વાભાવિક છે. મોદી સરકારે આ મંજૂરી ગૂપચૂપ આપી દીધી તેના કારણે પણ સવાલો ઉભા થયા છે. મોદી સરકારે ચીનની ટીબીઈએ એનર્જી, નાનજિંગ ઈલેક્ટ્રિક ઈન્ડિયા, ન્યૂ નોર્થઈસ્ટ ઈલેક્ટ્રિક ઈન્ડિયા અને તાઈકાઈ ઈલેક્ટ્રિક (ઈન્ડિયા)ને સરકારી પ્રોજેક્ટ્સની હરાજીમાં ભાગ લેવાની મંજૂરી ૨૪ જૂને આપી હતી. આ અંગે સત્તાવાર રીતે કોઈ જાહેરાત નહોતી કરાઈ ને દેશને અંધારામાં રખાયો હતો. મીડિયામાં આ રિપોર્ટ આવ્યા ને કૉંગ્રેસે વિપક્ષની ભૂમિકા ભજવીને વિરોધ કર્યો પછી લોકોને આ વાતની ખબર પડી. સરકારે પોતે લીધેલા નિર્ણયની જાણ લોકોને કરવાનું કેમ મુનાસિબ ના માન્યું તેનો જવાબ સરકાર જ આપી શકે. જો કે મોટો સવાલ તો આપણી નીતિનો છે. સરકાર દ્વારા સામાન્ય લોકોને વોકલ ફોર લોકલનાં જ્ઞાન અપાય છે, આત્મનિર્ભર બનવાની વાતોનાં ચૂરણ ચટાડાય છે ને સરકાર પોતે જ ચીનની કંપનીઓને સરકારી પ્રોજેક્ટ્સમાં ભાગ લેવાની મંજૂરી આપે તો વોકલ ફોર લોકલ કે આત્મનિર્ભરતા જેવું ક્યાં રહ્યું ? ચીનની પાવર ઈક્વિપમેન્ટ કંપનીઓ સરકારી પ્રોજેક્ટ્સની હરાજીમાં ભાગ લે તેનો મતલબ એ જ થયો કે, સરકારને પોતાને ચીનની કંપનીઓનાં ઉત્પાદનો વાપરવા સામે કોઈ વાંધો નથી. આ કયા પ્રકારની આત્મનિર્ભરતા કહેવાય?

વાસ્તવમાં આત્મનિર્ભરતાની વાતો કોરા જ્ઞાનથી વધારે કંઈ નથી ને તેનો સ્વીકાર આડકતરી રીતે કરી જ લેવાયો છે કેમ કે, કેન્દ્રના ઊર્જા મંત્રાલયે જ ચીનની કંપનીઓને સરકારી પ્રોજેક્ટ્સમાં ભાગ લેવાની મંજૂરી આપવાની તરફેણ કરી હતી. કેન્દ્રીય ઊર્જા મંત્રાલયે છ મહિના પહેલાં એટલે કે જાન્યુઆરીમાં માગ કરેલી કે, ભારતમાં મેન્યુફેક્ચરિંગ યુનિટ ધરાવતી અને મહત્ત્વના વીજ પ્રોજેક્ટમાં ભાગીદાર એવી ચીનની કંપનીઓને સરકારી પ્રોજેક્ટમાં ભાગ લેવાની મંજૂરી આપવી જોઈએ. આ માગણી નાણાં મંત્રાલય સામે કરાયેલી ને છ મહિના પછી તેને સત્તાવાર રીતે મંજૂરી મળી ગઈ. કેન્દ્રીય ઊર્જા મંત્રી તરીકે મનોહરલાલ ખટ્ટર છે. ખટ્ટરના મંત્રાલયને અચાનક જ ચીનની કંપનીઓ પર હેત કેમ ઊભરાયું ? એ પાછો એક અલગ મુદ્દો છે પણ આપણે અત્યારે તેની વાત નથી કરતા. અત્યારે આપણે ઊર્જા મંત્રાલયે નાણાં મંત્રાલય સામે કરેલી માગણી અથવા રજૂઆતનો અર્થ શો થાય એ સમજવાની જરૂર છે. ઊર્જા મંત્રાલયે ભારતમાં મેન્યુફેક્ચરિંગ યુનિટ ધરાવતી અને મહત્વના વીજ પ્રોજેક્ટમાં ભાગીદાર એવી ચીનની કંપનીઓ એવા શબ્દો વાપર્યા છે. મતલબ કે, ચીનની કંપનીઓ ભારતમાં માલ બનાવે છે ને આપણા વીજ પ્રોજેક્ટમાં ભાગીદાર પણ છે. આ બધો માલ ભારતની બહાર નહીં જ વેચાતો હોય ને ભારતમાં પણ વેચાતો જ હશે. તેનો મતલબ એ થયો કે, ભારતમાં સરકારની મંજૂરીથી જ ચીનની કંપનીઓનો માલ વેચાય છે.

સામાન્ય લોકો ચીનના દીવડા ખરીદે કે મોબાઈલ ફોન ખરીદે તો પણ દેશદ્રોહી થઈ જાય ને આપણી સરકાર ચીનની કંપનીઓને થાબડ્યા કરે તો તેને શું કહેવાય ? ખેર, આ મુદ્દાને પણ બાજુ પર મૂકીએ ને સૌથી મહત્ત્વના મુદ્દા પર આવીએ. સરકારે આ મંજૂરી આપવાની ફરજ કેમ પડી ? સરકારી અધિકારીઓનું કહેવું છે કે, આ નિર્ણયથી ભારતના પાવર સેક્ટરમાં સ્પર્ધા વધશે અને પ્રોજેક્ટની ગુણવત્તા પણ સુધરશે. સાથે સાથે પ્રોજેક્ટ પણ સમયસર પૂરા થશે ને દેશની ઊર્જા આત્મનિર્ભરતાને પણ પ્રોત્સાહન મળશે. આ સ્પષ્ટતાનો મતલબ એ થયો કે, ભારતીય કંપનીઓ સમયસર પ્રોજેક્ટ પૂરા કરી શકતી નથી તેથી ચીનની કંપનીઓને મેદાનમાં લાવવી પડી છે. આ વાત ભારતીય કંપનીઓ માટે શરમજનક કહેવાય. સરકાર સીધેસીધું સ્વીકારતી નથી પણ ભારતીય કંપનીઓ ટેક્નોલોજીની બાબતમાં ચીનની કંપનીઓથી ઊતરતી હોય તેના કારણે પણ સરકારે આ નિર્ણય લેવો પડ્યો હોય એ શક્ય છે. એવું હોય તો વધારે શરમજનક કહેવાય. આપણે વિશ્વગુરૂ બની ગયા હોવાની વાતો કરીએ ને પાવર ઈક્વિપમેન્ટ્સ માટે ચીનની કંપનીઓના શરણે જવું પડે એ શરમજનક તો કહેવાય જ ને?

ચીન સાથે સારા સંબંધો ભારત માટે ફાયદાકારક છે. ચીન પાસે દુનિયામાં કોઈ પાસે ના હોય એવી શ્રેષ્ઠ ટેક્નોલોજી છે, કાચો માલ છે ને કામ ઝડપભેર કરવાની ક્ષમતા પણ છે. આ બધું પાછું ચીન સાવ સસ્તામાં આપે છે એ જોતાં ચીન સાથે સારાસારી આપણા માટે ફાયદાકારક જ છે. મોદી સરકાર દેશનો ફાયદો જુએ તેમાં કશું ખોટું નથી પણ આ સારાસારી સરેઆમ રાખવી જોઈએ. એક તરફ લોકોને ચીનના માલથી દૂર રહેવાની સલાહ આપવી ને બીજી તરફ સરકાર ચીનની કંપનીઓને લાલ જાજમ પાથરીને આવકારે એવાં બેવડાં ધોરણ કઈ રીતે ચાલે?

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ, મંગળવાર, તા. ૭–૭–૨૦૨૬, કાલાષ્ટમી, પંચક

- ભારતીય દિનાંક ૧૬, માહે અષાઢ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, નિજ જયેષ્ઠ વદ –૭
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે નિજ જયેષ્ઠ, તિથિ વદ–૭
- પારસી શહેનશાહી રોજ ૨૭મો આસમાન, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૨૭મો આસમાન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૧મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૨૩મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- નક્ષત્ર ઉત્તરાભાદ્રપદા સાંજે ક. ૧૬–૨૩ સુધી, પછી રેવતી
- ચંદ્ર મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૦૨, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૮, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.
- –ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ–
- ભરતીઃ સાંજે ક. ૧૬–૨૮, મધ્યરાત્રિ પછી ક. ૦૫–૩૦ (તા. ૮)
- ઓટઃ સવારે ક. ૧૦–૦૪, રાત્રે ક. ૨૩–૧૧
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’ નામ સંવત્સર, નિજ જયેષ્ઠ કૃષ્ણ – સપ્તમી. કાલાષ્ટમી, પંચક. બુધ મિથુનમાં ક. ૧૦–૩૧, નેપ્ચૂન વક્રી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, હનુમાન ચાલીસા પાઠ વાંચન, મંગળ–શનિ ગ્રહદેવતાનું પૂજન, ધ્રુવદેવતાનું પૂજન, લીમડો વાવવો, અર્હિબુધ્ન્ય દેવતાનું પૂજન, પૂષાદેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિપૌષ્ટિક પૂજા, મંદિરોમાં પાટ–અભિષેક પૂજા, બગીચો બનાવવો, ધજા–કળશ પતાકા ચઢાવવી, શાંતિ પૌષ્ટિક, સર્વશાંતિ, પ્રયાણ મધ્યમ, નિત્ય થતાં નોકરી–દુકાન–વેપાર, દસ્તાવેજ, મિલકત લેવડદેવડના કામકાજ, ખેતીવાડીના કામકાજ, બી વાવવું, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર વાંચન.
- આચમનઃ ચંદ્ર–નેપ્ચૂન યુતિ સંગીતપ્રિય, ચંદ્ર–શનિ યુતિ મતલબી
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–નેપ્ચૂન યુતિ, ચંદ્ર–શનિ યુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય–મિથુન, મંગળ–વૃષભ, વક્રી બુધ–કર્ક/મિથુન, માર્ગી ગુરુ–કર્ક, શુક્ર–સિંહ, માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચૂન–મીન, વક્રી પ્લુટો–મકર.

# મારી સાથે ભારત છેઃ અમેરિકાને નેતન્યાહુનો જવાબ

નવી દિલ્હીઃ અમેરિકા-ઇઝરાયેલે મળીને ઇરાન યુદ્ધની શરૂઆત કરી હતી. હવે એ જ ઇરાન યુદ્ધે અમેરિકા અને ઇઝરાયલની દોસ્તીમાં ખટાશ લાવી દીધી છે. જી હા, ઇરાન અને લેબેનોનના મુદ્દે અમેરિકા અને ઇઝરાયલ વચ્ચે તણાવ વધતો જઈ રહ્યો છે. ક્યારેક એકબીજા માટે જીવ આપવા તૈયાર રહેતા અમેરિકા-ઇઝરાયલ હવે એકબીજા પર જ વરસી રહ્યા છે.

સૌથી મહત્વની વાત તો એ છે કે ટ્રમ્પ તો બેન્જામિન નેતન્યાહુને ધમકાવી જ રહ્યા હતા, હવે જે.ડી. વેન્સ પણ ઇઝરાયલને ધમકી આપવા લાગ્યા છે. પરંતુ બેન્જામિન નેતન્યાહુ પણ ક્યાં પાછા પડે તેમ છે. તેમણે પણ અમેરિકાના ઉપપ્રમુખ વેન્સને જડબાતોડ જવાબ આપ્યો છે. વેન્સે કહ્યું હતું કે ઇઝરાયલ પાસે માત્ર અમેરિકા જ એકમાત્ર શક્તિશાળી સહયોગી દેશ છે. જેના જવાબમાં બેન્જામિન નેતન્યાહુએ કહ્યું કે મારી પાસે ભારત જેવો શક્તિશાળી દેશ પણ છે.

એક ઇન્ટરવ્યુમાં બેન્જામિન નેતન્યાહુએ કહ્યું કે તેઓ વેન્સનું સન્માન કરે છે પરંતુ તેમની વાત સાથે સહમત નથી.

તેમણે દલીલ કરી કે ઇઝરાયલને ઘણા દેશોનું સમર્થન મળતું રહ્યું છે. બેન્જામિન નેતન્યાહુએ કહ્યું, ‘સૌથી પહેલા તો હું વેન્સનું સન્માન કરું છું. અમારા સંબંધો ખૂબ જ સારા છે, પરંતુ તેનો અર્થ એ નથી કે હું તેમની દરેક વાત સાથે સહમત છું. અને મારે એ વાત કહેવી પડશે કે ડોનલ્ડ ટ્રમ્પ વાઇટ હાઉસમાં અમારા અત્યાર સુધીના સૌથી સારા મિત્ર રહ્યા છે અને હું આ વાત પર સંપૂર્ણ રીતે અડગ છું.

નેતન્યાહૂએ વેન્સની ટિપ્પણીનો જવાબ આપતા ખાસ કરીને ભારતનો ઉલ્લેખ કર્યો.

નેતન્યાહૂએ કહ્યું હતું કે, ‘બીજી વાત એ કે અમારી પાસે ભારત જેવા કેટલાક અન્ય મિત્રો પણ છે. તમે જાણો છો કે ત્યાં ૧.૪ અબજ લોકો છે. અમને ત્યાંથી જબરદસ્ત સમર્થન મળે છે. તમે જાણો છો કે મારું ફેસબુક પેજ છે અને મને ત્યાંથી ભારે સમર્થન મળે છે.’

# ફિલ્મ ‘સતલુજ’ને ઓટીટીમાંથી હટાવતા રાજકારણ ગરમાયું, અકાલી દળે કરી સેન્સરશિપની ટીકા

નવી દિલ્હીઃ દિલજીત દોસાંઝની ફિલ્મ ‘સતલુજ’ ને ઓટીટી પ્લેટફોર્મમાંથી હટાવતા પંજાબનું રાજકારણ ગરમાયું હતું. લાંબી રાહ જોયા પછી નામ બદલીને ફિલ્મને ઓટીટી પર રીલિઝ કરાઈ હતી પરંતુ થોડા દિવસોમાં ઓટીટી પ્લેટફોર્મમાંથી હટાવી દેવામાં આવી હતી. આ પછી દેશના મુખ્ય ગુરુદ્વારાઓનું સંચાલન કરતી શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક સમિતિ (એસજીપીસી) અને શિરોમણી અકાલી દળ (એસએડી) એ ફિલ્મનું સમર્થન કર્યું હતું

અકાલી દળના વડા સુખબીર સિંહ બાદલે જણાવ્યું હતું ફિલ્મને હટાવવી એ અભિવ્યક્તિની સ્વતંત્રતા, સત્ય અને સામૂહિક સ્મૃતિ પર હુમલો છે. તેમણે આ પગલાની સખત નિંદા કરતા કહ્યું કે પંજાબને તેના ભૂતકાળનો પ્રામાણિકપણે સામનો કરવાનો અધિકાર છે.

દિલજીત દોસાંઝની ફિલ્મ ‘સતલુજ’ ૧૯૯૦ના દાયકાના અશાંત સમયમાં પંજાબના એક કાર્યકર્તાના જીવન પર આધારિત છે. રાજકીય પક્ષો અને એસજીપીસી ફિલ્મની રીલિઝની માગ કરી રહ્યા છે જ્યારે એક્ટર-સિંગરે લોકોને અપીલ કરી છે કે તેઓ આ ફિલ્મને કોઈ પણ રીતે જોવે. ત્રણ વર્ષથી વધુ સમયથી સેન્સરમાં અટવાયેલી આ ફિલ્મ શુક્રવારે રીલિઝ કરવામાં આવી હતી અને રવિવારે સાંજે તેને હટાવવામાં આવી હતી. જ્યારે દોસાંઝે કહ્યું હતું કે આવું થવાનું જ હતું અને ફિલ્મ પહેલાથી જ ઘણા લોકો દ્વારા ડાઉનલોડ કરવામાં આવી છે. ઓટીટી પ્લેટફોર્મે લોકોને પાયરેસીથી દૂર રહેવા કહ્યું છે.

શિરોમણી અકાલી દળ (એસએડી), કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (આપ) એ ફિલ્મને ઓટીટી પ્લેટફોર્મ પરથી હટાવવાની નિંદા કરી હતી અને કહ્યું હતું કે પંજાબે તેના ભૂતકાળનો સામનો કરવો જોઈએ.

શિરોમણી ગુરુદ્વારા પ્રબંધક સમિતિના મુખ્ય સચિવ કુલવંત સિંહ મનને જણાવ્યું હતું કે લોકોને ખ્યાલ હોવો જોઈએ કે પંજાબમાં તે દિવસોમાં શું બન્યું હતું. આ ફિલ્મને પ્લેટફોર્મ પરથી હટાવવી જોઈતી ન હતી. સરકારે ખાતરી કરવી જોઈએ કે લોકો આ ફિલ્મ જુએ.

# યુઝરનેમ ફીચરઃ વૉટ્સએપને જવાબ આપવા વધુ મહેતલ અપાઈ

નવી દિલ્હી : મેટાની માલિકીના લોકપ્રિય મૅસેજિંગ એપ વૉટ્સએપને તેના વિવાદાસ્પદ યુઝરનેમ ફીચર પર જવાબ આપવા વધુ સમય આપ્યો છે. મેટાએ સરકારને ખાતરી આપી છે કે જ્યાં સુધી સરકાર સાથેની ચર્ચા પૂરી નહીં થાય ત્યાં સુધી એ ફીચર લોન્ચ નહીં કરે.

મેટાને વિવાદાસ્પદ ફીચર પર સરકારની નોટિસનો જવાબ આપવા વધુ ત્રણ દિવસ આપ્યા છે. મેટાએ જવાબ આપવા વધુ સમય માગ્યો હતો.

યુઝરનેમ ફીચરની મદદથી લોકો તેમનો ફોન નંબર આપ્યા વિના સંદેશવ્યવહાર કરી શકે છે.

ગયા બુધવારે કેન્દ્ર સરકારે મેટાને નોટિસ મોકલાવી હતી. સરકારે મેટાને નોટિસમાં નયુઝરનેમ ફીચરથ અંગે સવાલો પૂછ્યા હતાં સરકારે એવી ચિંતા વ્યક્ત કરી હતી કે આ ફીચરને લીધે ઓનલાઈન છેતરપિંડી, ફિશિંગ, ડિજિટલ એરેસ્ટ સ્કેમ અને બનાવટી નામ વડે થતી ટીકા વધી જશે.

` પ્લેટફોર્મને આ અંગેની સરકાર સાથેની વાતચીત સરકારને સંતોષ થાય એ રીતે પૂરી ન થાય સુધી આ ફીચર લોન્ચ ન કરવા જણાવ્યું છે.

સૂત્રોએ કહ્યું હતું કે વૉટ્સએપને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી ખાતાએ વધુ ત્રણ દિવસનો સમય આપ્યો છે. ગયા શુક્રવારે મેટાની ટીમ આઈટીના અધિકારીઓને મળી હતી.

કેન્દ્ર સરકારે નોટિસમાં કહ્યું છે કે મેટા એ સમજાવે કે સાયબર ક્રાઈમ વધારે એવું ફીચર લોન્ચ કરવા બદલ તેની સામે શા માટે આઈટી ઍક્ટ હેઠળ કામ ન ચલાવવામાં આવે.

સરકારે મેટાને યાદ અપાવી છે કે સોશ્યલ મીડિયાની ઈન્ટરમિડિયરી હોવાને નાતે તે આઈટી ઍક્ટ કાયદા અને તેના નિયમોનું પાલન કરવું જોઈએ.

# ઓપેક પ્લસના દેશો દરરોજ હવે વધુ તેલ વેચશે

નવી દિલ્હીઃ તેલ ઉત્પાદક દેશોના સમૂહ ઓપેક પ્લસે ઓગસ્ટ, ૨૦૨૬થી ઉત્પાદનમાં દરરોજ ૧.૮૮ લાખ બેરલનો વધારો કરવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે, જ્યારે હોર્મુઝથી તેલની નિકાસ ધીમે-ધીમે સામાન્ય થઈ રહી છે અને વૈશ્વિક બજારમાં કિંમતો યુદ્ધ પહેલાના સ્તરની નજીક આવી ગઈ છે.

ઇરાન-અમેરિકા યુદ્ધ અને હોર્મુઝ પર નાકાબંધીના કારણે ક્રૂડ ઓઇલની (કાચા તેલની) કિંમતોમાં ભારે ઊથલપાથલ જોવા મળી હતી. તેલની કિંમતો ૧૨૦ ડોલર પ્રતિ બેરલના આંકડાને સ્પર્શવા લાગી હતી. હવે યુદ્ધવિરામ અને બંને દેશો વચ્ચે બની રહેલી સહમતીના કારણે તેલની કિંમતોમાં મોટો ઘટાડો જોવા મળી રહ્યો છે. છઠ્ઠી જુલાઈના રોજ ક્રૂડ ઓઇલની કિંમત ૭૦ ડોલરથી નીચે સરકી ગઈ.

ઓપેક પ્લસનું ઉત્પાદન ફેબ્રુઆરીમાં ૪.૨૮ કરોડ બેરલ પ્રતિ દિવસથી ઘટીને મે મહિનામાં ૩.૩૧ કરોડ બેરલ પ્રતિ દિવસ થઈ ગયું હતું. જૂન મહિનામાં નિકાસમાં સુધારો થવાને કારણે ઉત્પાદન વધવાનું શરૂ થયું, પરંતુ તે હજી પણ યુદ્ધ-પૂર્વેના સ્તર કરતાં નીચું છે.

પહેલા પાનાનું ચાલુ

## ચોરી એ ચોરી

કે. પરાસરન વય આધારિત આરોગ્યની બાબતોને લીધે મીટિંગમાં રૂબરૂ હાજરી આપી શક્યા નહોતા. પરંતુ આ બન્નેએ વીડિયો કોન્ફરન્સના માધ્યમથી બેઠકમાં હાજરી આપી હતી.

## પહલગામ હુમલાનું

આરોપનામું ઘડવામાં આવ્યું હતું. આને જ આગળ વધારતા પૂરક તહોમતનામું નોંધવામાં આવ્યું છે. આ પૂરક તહોમતનામું પાકિસ્તાનના કાવતરાની વિગતો, હાફિઝ સઈદની ભૂમિકા અને એનઆઈએએ વૈજ્ઞાનિક અને જમીની પરિસ્થિતિની તપાસના આધારે મેળવેલા ટેકો આપતા પુરાવા વગેરેની વિગતો આપે છે. સઈદ ભારતનો મોસ્ટ વોન્ટેડ આતંકવાદી છે. તે મુંબઈના ૨૬ નવેમ્બરના આતંકવાદી હુમલા સહિતના અનેક આક્રમણોમાં સંડોવાયેલો છે. એનઆઈએ તેના પર ભારતીય ન્યાયસંહિતાની આતંકવાદને લગતી કલમ અને અનલોફુલ એક્ટિવિટિ વગેરેની કલમ લગાડી છે. એજન્સીએ કહ્યું હતું કે અમે સઈદ વિરુદ્ધ ભારત સામે યુદ્ધ છેડવાનો અને સીમાપારથી કાવતરા ઘડવા બદલ પેનલ સેક્શન લગાડ્યો છે.

એનઆઈએએ કહ્યું હતું કે તપાસમાં પાકિસ્તાનના આખા કાવતરાનો પર્દાફાશ થયો હતો. પાકિસ્તાન સીમાપારથી ભારતની ધરતીમાં આતંકવાદ ફેલાવે છે.

એનઆઈએએ તેના પહેલા તહોમતનામામાં સહેલાણીની હત્યા કરનાર ત્રણ આતંકવાદી- ફૈઝલ જાટ ઉર્ફે સુલેમાન, હબીબ તાહીર ઉર્ફે જિબરન ભાઈ અને હમ્ઝા અફઘાનીના નામ હતા. આ ત્રણેય આતંકવાદીને જુલાઈ ૨૦૨૫મા ઑપરેશન મહાદેવ કરીને ઠાર મારવામાં આવ્યા હતા. આ કાવતરું ઘડવા અને પાર પાડવા માટે એલઇટી અને ટીઆરએફનાં નામ આપવામાં આવ્યા છે.

એનઆઈએ એવા તારતમ્ય પર આવ્યું છે કે આ આતંકવાદી હુમલો પાકિસ્તાન પુરસ્કૃત કરેલા આતંકવાદીઓ દ્વારા ધર્મના આધારે કરાયેલી હત્યા છે. (એજન્સી)

## કાશ્મીરમાં પૂરને લીધે

રાખી રહ્યા છે. માહિતી માટે, ‘ચેનાબ પ્રોજેક્ટ’ કિશ્તવાડ શહેરથી લગભગ ૨૮ ચોરસ મીટર દૂર ચેનાબ નદી પર સ્થિત છે. ‘વેલી પાવર પ્રોજેક્ટ્સ લિમિટેડ’ તેનો વિકાસ કરી રહ્યું છે.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, સતત વરસાદ પછી ભૂસ્ખલન થયું હતું, અને પ્રોજેક્ટ સ્થળ તરફ જતા રસ્તા પર મોટા પ્રમાણમાં કાટમાળ જમા થઈ ગયો છે. ભૂસ્ખલનને લીધે ટ્રક અને ટેન્કર સહિત અનેક ભારે વાહનો ફસાયા હતા અને વિસ્તારમાં રોડ કનેક્ટિવિટી ગંભીર રીતે પ્રભાવિત થઈ હતી.

મિલર અને અન્ય મશીન વાહનો આંશિક રીતે કાદવ અને પથ્થરો નીચે દબાયા હોવાના અહેવાલો છે, અને રસ્તાનો મોટો ભાગ કાટમાળ નીચે ઢંકાયો છે.

કાટમાળના પ્રવાહ અને તેની અસરથી રસ્તાની બાજુના માળખાને પણ નુકસાન થયું હતું.અધિકારીઓ અને પ્રોજેક્ટ સાથે સંકળાયેલા લોકોએ વાહનોને દૂર કરવા અને ટ્રાફિક પુનઃસ્થાપિત કરવા માટે ભારે મશીનરીનો ઉપયોગ કરવાના પ્રયાસો ચાલુ રાખ્યા છે. અનેક વાહન હજુ પણ કાટમાળ નીચે દટાયેલા છે અને પુનઃસ્થાપન કાર્ય ચાલુ છે. હજુ સુધી કોઈ જાનહાનિ થવાના સમાચાર જાણવા મળ્યા નથી. અધિકારીઓ નુકસાનનું મૂલ્યાંકન કરી રહ્યા છે, અને ચેનાબ ખીણના કેટલાક ભાગોમાં વરસાદ ચાલુ હોવાથી રહેવાસીઓને ઘરની અંદર રહેવાની સલાહ આપવામાં આવી છે.

## ભાવનગર જિલ્લાના

વર્ષ સુધી પીવાના પાણીની ચિંતા દૂર થઈ છે. સાથે જ ખેડૂતો માટે સિંચાઈના પાણીની પણ પૂરતી ઉપલબ્ધતા રહેશે, જેના કારણે કૃષિ ક્ષેત્રે પણ સકારાત્મક અસર જોવા મળશે.

ડેમમાં પાણીની સતત આવકને ધ્યાનમાં રાખીને તંત્ર દ્વારા કુલ ૫૯ દરવાજામાંથી ૨૦ દરવાજા ખોલવામાં આવ્યા છે, જેના કારણે શેત્રુંજી નદીમાં મોટી માત્રામાં પાણી છોડવામાં આવી રહ્યું છે. નદીના પટમાં પાણીનો પ્રવાહ વધતાં નીચાણવાળા વિસ્તારોમાં રહેતા લોકોને સાવચેત રહેવા અને નદી નજીક ન જવા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

શેત્રુંજી ડેમ ૧૦૦ ટકા ભરાતાં સંભવિત અસરગ્રસ્ત ગામોને અલર્ટ જાહેર કરવામાં આવ્યાં છે. પાલિતાણા તાલુકાના નાની રાજસ્થળી, લાપાળીયા, લાખાવાડ, માયધાર અને મેઢા ગામોને તેમજ તળાજા તાલુકાના ભેગાળી, દાત્રડ, પિંગળી, ટીમાણા, સેવાળીયા, રોયલ, માખણીયા, તળાજા, ગોરખી, લીલીવાવ, તરસરા અને સરતાનપર સહિત કુલ ૧૭ ગામોને સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે.

## નહીં ભૂલીએ અમે

કે ઇરાની દૂતાવાસ ભારત સરકાર અને તેના લોકોનો, ખાસ કરીને ભારત વતી દફનવિધિમાં હાજરી આપનાર સત્તાવાર પ્રતિનિધિમંડળનો હૃદયપૂર્વક આભાર માને છે. ભારતના રાજકીય નેતાઓ, સાંસદો, વિદ્વાનો અને ધાર્મિક નેતાઓની હાજરી બંને દેશો વચ્ચેના ઊંડા ઐતિહાસિક અને સાંસ્કૃતિક સંબંધોને પ્રતિબિંબિત કરે છે. આ દુઃખની ઘડીમાં ભારતની સહાનુભૂતિ બંને દેશો વચ્ચેની મિત્રતાના પાયાને વધુ મજબૂત બનાવશે. ભારતમાં ઇરાની દૂતાવાસ દ્વારા શેર કરવામાં આવેલા ફોટા પરથી જાણવા મળે છે કે ભારતના અનેક ધાર્મિક નેતાઓએ પણ તહેરાનમાં ખામનેઇને શ્રદ્ધાંજલિ આપી હતી. ઇરાને ખામનેઇની દફનવિધિમાં પાકિસ્તાન, રશિયા અને ચીન સહિત લગભગ ૧૦૦ દેશોને આમંત્રિત કર્યા હતા. આ દફનવિધિ લગભગ છ દિવસ સુધી ચાલશે. ખામનેઇને ૯ જુલાઇના રોજ તેના ગૃહનગર મશહદમાં દફનાવવામાં આવશે. અંતિમ સંસ્કારનું જુલુસ ઇરાન અને ઇરાકના ઘણાં શહેરોમાંથી પસાર થશે. જેમાં નજફ અને કરબલાનો સમાવેશ થાય છે.

## સુરત–વાપી

૨૪ કલાક ચાલતો હેલ્પલાઇન નંબર ૧૦૭૭ કાર્યરત રાખવામાં આવ્યો છે. ફાયર બ્રિગેડ અને બચાવ ટીમોને પણ તૈયાર રહેવા સૂચના આપવામાં આવી હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. બીજી બાજુ વાપીમાં પણ ભારે વરસાદ પડી રહ્યો છે. વલસાડના વાપીમાં પણ ૪.૧૩ ઇંચ અને પારડીમાં ૪.૦૯ ઇંચ વરસાદ નોંધાયો હતો. વલસાડના અન્ય પાંચ-છ તાલુકામાં એકથી બે ઇંચ વરસાદ નોંધાયો હતો. આ ઉપરાંત તાપી, ડાંગ, મહીસાગર, નર્મદાના અમુક તાલુકામાં પણ એકથી બે ઇંચ વરસાદ નોંધાયો હતો. તો સૌરાષ્ટ્રના અમરેલીના સાવરકુંડલામાં ત્રણ ઇંચ વરસાદ નોંધાયો હતો. સૌરાષ્ટ્રના ગીર-સોમનાથ,જૂનાગઢ જિલ્લામાં પણ વરસાદી માહોલ યથાવત રહ્યો હતો.

## ભાવનગરમાં રથયાત્રા

વ્યવસ્થાના ભાગરૂપે પોલીસે રૂટ પર આવેલી બહુમાળી ઈમારતો પર જઈને ‘ધાબા પોઈન્ટ’નું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. આ સાથે જ મોડી રાત્રે વાહન ચેકિંગ અને ફૂટ પેટ્રોલિંગ કરીને સ્થાનિકોમાં સુરક્ષાનો અહેસાસ કરાવવામાં આવ્યો હતો. આગામી દિવસોમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત કરવા માટે શહેરમાં ખાસ ચેકપોસ્ટ ઉભી કરાશે તેમજ વિવિધ વિસ્તારોમાં શાંતિ સમિતિ અને મોહલ્લા મીટિંગોનું પણ આયોજન કરવામાં આવશે.

## મહારાષ્ટ્રમાં આકાશી

કિમી પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા તોફાની પવનોને કારણે સર્જાયેલી કટોકટીની પરિસ્થિતિ સર્જાઈ હતી. હવામાન વિભાગના જણાવ્યા મુજબ મુંબઈમાં છ જુલાઈ સુધીમાં મોસમનો સરેરાશ ૫૩.૬૫ ટકા વરસાદ પડી ગયો છે, જેમાં શહેરમાં ૫૩.૫૮ ટકા અને ઉપનગરમાં ૫૨.૩૯ ટકા વરસાદનો સમાવેશ થાય છે.

ભારે પવનને કારણે વૃક્ષો અને ડાળીઓ પડવા, શોર્ટ સર્કિટ, જોખમી અને જર્જરિત બિલ્ડિંગના ભાગ તૂટી પડવાના બનાવ બન્યા હતા. નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા પણ પાલિકાના દાવા મુજબ વરસાદી પાણીનો ઝડપથી નિકાલ કરવા માટે ઉચ્ચ ક્ષમતાવાળા પંપ બેસાડવાને કારણે પાણી ભરાઈ રહેવાનો સમય ઘટી ગયો હતો.

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ ભારત હવામાન વિભાગે મુંબઈ માટે સતત ત્રણ દિવસ, શનિવાર (૪ જુલાઈ), રવિવાર (૫ જુલાઈ) અને સોમવાર (૬ જુલાઈ, ૨૦૨૬) માટે રેડ અલર્ટ જાહેર કર્યું હતું. ભારેથી અતિ ભારે વરસાદ અને ભારે પવન ફૂંકવાની ચેતવણીને ધ્યાનમાં રાખીને પાલિકાએ સમગ્ર સિસ્ટમને હાઇ અલર્ટ પર રાખી હતી.

સોમવાર માટે અગાઉ ઓરેન્જ અલર્ટ હતું તેને અપગ્રેડ કરીને રેડ કરવામાં આવતા ભારે વરસાદ અને તોફાની પવનોની ચેતવણીને પગલે વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં રાખીને સોમવારના મુંબઈમાં સરકારી, ખાનગી અને પાલિકાની શાળાઓ અને કોલેજોમાં રજા જાહેર કરવામાં આવી હતી. હવામાન વિભાગે મંગળવાર, ૭ જુલાઈ, ૨૦૨૬ ના રોજ ભારે વરસાદ માટે ઓરેન્જ અલર્ટ જારી કર્યું છે. તેણે એવી પણ આગાહી કરી છે કે તોફાની પવન ફૂંકાશે.

મુશળધાર વરસાદને કારણે હવાઈ સેવા પર પણ ગંભીર અસર પડી હતી. ખરાબ હવામાનને કારણે મુંબઈ છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પરની ફ્લાઈટ સેવા પર ગંભીર અસર પડી હતી. રવિવારના રાતના ૧૨ વાગ્યાથી સોમવારે સાંજના પાંચ વાગ્યા સુધી ૧૭ ડોમેસ્ટિક અને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ રદ કરી હતી, જ્યારે ૩૬૫ ફ્લાઈટ્સનું સંચાલન પણ કલાકો સુધી વિલંબિત થયું હતું, જેને કારણે હજારો પ્રવાસીઓને ફ્લાઈટની રાહ જોવામાં હાલાકી પડી હતી.

# પાલિતાણામાં સિંહનો પશુપાલક પર જીવલેણ હુમલો, શ્વાસ અધ્ધર રહી જાય તેવા વીડિયો વાઈરલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: થોડા દિવસો પહેલા પાલિતાણા તીર્થધામમાં એક સિંહ ભાવિકનું બેગ લઈને નાસ્યો હતો ત્યારે હવે અહીંના ગામડામાં સિંહે એક પશુપાલકને બાનમાં લીધો હતો. સદનસીબે પશુપાલક બચી ગયો, પરંતુ તેના વાઈરલ થયેલા વીડિયોએ લોકોમાં ફફડાટ ફેલાવી લીધો છે.

પાલિતાણા તાલુકાના ગરાજીયા ગામે સિંહે એક પશુપાલક પર જીવલેણ હુમલો કરતા સમગ્ર પંથકમાં ભારે સનસનાટી મચી હતી. સિંહના આ હુમલામાં પશુપાલકને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તત્કાલ સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે, જ્યારે આ ઘટનાને પગલે સ્થાનિક ગ્રામજનોમાં ભય સાથે તંત્ર સામે ભારે રોષ ફેલાયો છે.

પ્રાપ્ત થતી પ્રાથમિક વિગતો મુજબ, ગરાજીયા ગામના વતની અને પશુપાલન વ્યવસાય સાથે સંકળાયેલા કાળુભાઇ બોઘાભાઈ પરમાર દરરોજની જેમ પોતાના માલઢોર ચરાવી રહ્યા હતા. એ દરમિયાન અચાનક સીમ વિસ્તારમાંથી ધસી આવેલા એક સિંહે તેમના પર હિંસક હુમલો કરી દીધો હતો. સિંહે કાળુભાઈને પંજા મારતા અને બચકા ભરતા તેઓ લોહીલુહાણ થઈ ગયા હતા અને ગંભીર રીતે ઘવાયા હતા. પશુપાલકની બૂમાબૂમ અને આસપાસના લોકોના હોબાળાને કારણે સિંહ ત્યાંથી નાસી છૂટ્યો હતો, જેના કારણે કાળુભાઈનો જીવ બચી ગયો હતો.

આ લોહિયાળ ઘટનાની જાણ થતાં જ આસપાસના સ્થાનિકો અને ગ્રામજનો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ગંભીર રીતે ઇજાગ્રસ્ત બનેલા કાળુભાઇ પરમારને લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક સારવાર માટે પાલિતાણાની માનસિંહજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે, જ્યાં તબીબો દ્વારા તેમની સઘન સારવાર શરૂ



કરવામાં આવી છે. તેમની સ્થિતિ હાલ ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે.

આ અણધારી ઘટનાને પગલે ગરાજીયા અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં ભારે ફફડાટ અને દહેશતની લાગણી વ્યાપી ગઈ છે. ચોમાસાની સિઝનમાં પશુપાલકો અને ખેડૂતોને સીમમાં જવું અનિવાર્ય હોય છે, ત્યારે સિંહના આવા ખુલ્લેઆમ હુમલાથી લોકો પોતાના ખેતરે જતાં પણ ડરી રહ્યા છે. ■

# છોટાઉદેપુર અને તાપીમાં બની રહ્યા છે એર ફિલ્ડ રબર ડેમ, સાઉથ કોરિયન ટેકનોલોજીનો પ્રથમવાર ઉપયોગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યના છેવાડાના વિસ્તારો સુધી સિંચાઈ અને પાણીની સુવિધા સુદ્રઢ કરવાના ધ્યેય સાથે છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકાના રાજવાસણા ગામ નજીક હેરણ નદી પર અત્યાધુનિક 'રાજવાસણા રબર ડેમ' તેમજ તાપી જિલ્લામાં ડોલવણ તાલુકાના પાઠકવાડી ગામે અંબિકા નદી પર આમ બે આધુનિક રબર ડેમ પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે જે હાલમાં નિર્માણાધિન છે.

રાજવાસણા ખાતે અંદાજે રૂ. ૮૨.૯૭ કરોડથી વધુના ખર્ચે તૈયાર થનાર આ રબર ડેમ આગામી ૩૦ મહિના એટલે કે સપ્ટેમ્બર ૨૦૨૭ સુધીમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાજ્ય સરકારનું છે. આ ડેમ તૈયાર થવાથી આજુબાજુના ૨૫ ગામોના ખેડૂતોને સિંચાઈ માટે સીધો ફાયદો થશે. જ્યારે તાપીની અંબિકા નદી પર પાઠકવાડી ગામે રૂ. ૭૯ કરોડથી વધુના ખર્ચે જાપાનીઝ ડિઝાઈન આધારિત અદ્યતન 'રબર ડેમ' તૈયાર કરવામાં આવી રહ્યા છે.. આ ડેમ તૈયાર થવાથી અંદાજે ૬૫૦ હેક્ટર જમીનને સિંચાઈનું પાણી મળશે જેનો સીધો ફાયદો સ્થાનિક ખેડૂતોને થશે, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી. ■



આ પ્રોજેક્ટ અંતર્ગત હેરણ નદી પર ૧૮૦ મીટરની લંબાઈ અને ૩.૫ મીટરની ઊંચાઈ ધરાવતું આધુનિક રબર બ્લેડર સ્થાપિત કરવામાં આવશે. આ રબર ડેમ ટેકનોલોજીની મુખ્ય ખાસિયત એ છે કે તેનાથી હયાત જૂના આડબંધની પાણી સંગ્રહ ક્ષમતામાં ઘણો વધારો થશે અને કુલ ૩.૫ મિલિયન ક્યુબિક મીટર- પાણીનો જથ્થો સંગ્રહિત કરી શકાશે. જેના પરિણામે આસપાસના વિસ્તારોના ભૂગર્ભ જળ સ્તર ખૂબ ઊંચા આવશે જેથી સરળતાથી સિંચાઈ અને પીવાનું પાણી ઉપલબ્ધ થશે. હાલની સ્થિતિએ આ ડેમનું ૭૫ ટકા કામ પૂર્ણ થયું છે. દક્ષિણ ગુજરાતના તાપી જિલ્લાના અંતરિયાળ એવા ડોલવણ તાલુકાના પાઠકવાડી ગામ પાસેથી પસાર થતી અંબિકા નદી પર સરકાર દ્વારા ₹૭૯.૧૩ કરોડના ખર્ચે અદ્યતન 'એર-ફિલ્ડ રબર ડેમ' (હવા ભરેલા ડેમ) બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. આ યોજના સાકાર થતાં પાઠકવાડી સહિત ઢોડીયાવાડ, ઉનાઈ અને સિંધઈ જેવા ગામોના ખેડૂતોને ખરીફ તેમજ ઉનાળુ પાક માટે પૂરતું પાણી મળી રહેશે.વર્તમાનમાં આ ડેમની ૯૦ ટકા કામગીરી પૂર્ણ થઈ છે. આ ડેમની સંપૂર્ણ ડિઝાઇન જાપાનીશ કોડ ૨૦૦૦ મુજબ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટમાં વાપરવામાં આવનારા ખાસ પ્રકારનું રબર બ્લેડર દક્ષિણ કોરિયાથી મગાવવામાં આવ્યું છે. આ રબર બ્લેડર ૫૦ ડિગ્રીથી વધુ તાપમાનમાં પણ ઉત્તમ કામગીરી આપવા સક્ષમ છે અને તેનો આયુષ્યકાળ ૩૦ વર્ષ જેટલો લાંબો છે, તેવી માહિતી રાજ્ય સરકારે આપી હતી. ■

# સરદાર સરોવર ડેમમાં હાલમાં ૬૫ ટકા જેટલો જળસંગ્રહ, ૧૦ ડેમ હાઈ એલર્ટ પર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં છેલ્લા પાંચેક દિવસથી ભારે વરસાદ વરસી રહ્યો છે. જોકે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રને બાદ કરતા અન્ય જિલ્લાઓમાં વરસાદ જોઈએ તેવો પડ્યો નથી ત્યારે રાજ્યોના જળાશયોની સ્થિતિ જાણવી જરૂરી બની જાય છે.

રાજ્ય સરકારે આપેલી માહિતી અનુસાર ઉપરવાસમાંથી થઈ રહેલી પાણીની વિપુલ આવકના પગલે ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં હાલમાં ૨.૧૬ લાખ એમસીએફટી એટલે કે આશરે ૬૪.૭૪ ટકા જેટલો જળસંગ્રહ થયો છે. આ સિવાય રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં પણ ૨.૧૫ લાખ એમસીએફટી પાણીનો સંગ્રહ થયો છે. રાજ્યના ૦૨ ડેમ સંપૂર્ણ ૧૦૦% ભરાયા છે, ૧૯ ડેમ ૭૦%થી વધુ, ૧૯ ડેમ ૫૦%થી વધુ, ૫૧ ડેમ ૨૫%થી વધુ અને ૧૧૫ ડેમ ૨૫% કરતા ઓછા ભરાયેલા છે. વર્તમાન જળસપાટીને જોતાં ૧૦ ડેમ 'હાઇ એલર્ટ' પર, ૦૩ ડેમ 'એલર્ટ' પર અને ૦૭ ડેમ 'વોર્નિંગ લેવલ' પર રાખવામાં આવ્યા છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગરના ડેટા મુજબ, અમરેલીના રાજુલાનો ધાતરવાડી અને સાવરકુંડલાનો સુરજવાડી ડેમ ૧૦૦ ટકા ભરાઈ ગયા છે અને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. આ સિવાય ભાવનગરના મહુવાનો માલણ ડેમ, અમરેલીના ધારીનો ખોડીયાર ડેમ અમરેલીના ખાંભાનો રાયડી ડેમ તથા સુરેન્દ્રનગરના વઢવાણનો ધોળીધજા ડેમ પણ હાઈ અલર્ટ પર મૂકવામાં આવ્યા છે. ■

# અત્યાર સુધીમાં ૧૫૦૦ નાગરિકનું સ્થળાંતર, ૩૫ એનડીઆરએફ-એસડીઆરએફની ટીમ તહેનાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ઓછા સમયગાળામાં સતત વરસાદ વરસી રહ્યો હોવાથી પૂર જેવી સ્થિતિનું નિર્માણ થયું છે. આવા વિસ્તારોમાં ફસાઈ ગયેલા સ્થાનિકોને બહાર કાઢી સુરક્ષિત સ્થળે ખસેડવા માટે સ્થાનિક વહીવટી તંત્ર સજ્જ થયું છે અને નવસારી, જૂનાગઢ, તાપી, ડાંગ, ગીર સોમનાથ, પોરબંદર અને અમરેલી જિલ્લાઓમાંથી અત્યાર સુધીમાં કુલ ૧૫૨૮ નાગરિકોને સુરક્ષિત સ્થળે ખસેડવામાં આવ્યા છે, જ્યારે પૂરના પાણીમાં ફસાયેલા ૧૩૪ નાગરિકનું સફળતાપૂર્વક રેસ્ક્યૂ કરવામાં આવ્યું હોવાની માહિતી રાજ્ય સરકારે આપી હતી.

રાજ્યમાં કોઈપણ કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે રાહત અને બચાવ કામગીરી હેઠળ એનડીઆરએફની ૧૦ અને એસડીઆરએફની ૨૫ ટીમ મળીને કુલ ૩૫ ટીમને સંવેદનશીલ જિલ્લાઓમાં તૈનાત કરી દેવાઈ છે.

આ ઉપરાંત, તાકીદની જરૂરિયાત માટે એનડીઆરએફની ચાર અને એસડીઆરએફની આઠ ટીમને હેડક્વાર્ટર ખાતે રિઝર્વ રાખવામાં આવી છે.

આ સાથે ભારતીય હવામાન વિભાગની આગાહી અને દરિયામાં સર્જાયેલા કરંટને ધ્યાને રાખીને, રાજ્યના તમામ માછીમારોને આગામી તા. ૦૯ જુલાઈ સુધી દરિયો ન ખેડવા માટે તંત્ર દ્વારા સૂચનાઓ આપવામાં આવી છે.

ભારે વરસાદ અને વાવાઝોડાના કારણે રાજ્યના કુલ ૨,૮૨૩ ગામમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. ઊર્જા વિભાગની ટીમ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી કરીને ૨,૭૫૪ ગામોમાં વીજ પુરવઠો પુનઃ શરૂ કરી દેવામાં આવ્યો છે. જ્યારે બાકી રહેલા ૭૯ ગામોમાં વીજ પુરવઠો પૂર્વવત કરવાની કામગીરી હાલ ચાલી રહી છે, તેવી માહિતી પણ રાજ્ય સરકારે આપી હતી.

આ સાથે ચાર સ્ટેટ હાઈવે, એક નેશનલ હાઈ વે, સાત અન્ય રસ્તા અને ગ્રામ પંચાયતના ૬૮ જેટલા માર્ગ બંધ હોવાની માહિતી રાજ્ય સરકારે આપી હતી. આ સાથે એસટીના પણ અમુક રૂટ બંધ કરવાની ફરજ પડી હતી. ■

# પાવાગઢઃ રેવાપથથી પગપાળા જવાનો માર્ગ રાત્રે ૧૦થી સવારે ચાર વાગ્યા સુધી બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં વરસાદી માહોલ જામ્યો છે ત્યારે યાત્રિકોની સુરક્ષાને ધ્યાનમાં લઈ પાવાગઢ મંદિર પ્રશાસન દ્વારા મહત્ત્વનો નિર્ણય લેવાયો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. થોડા દિવસો પહેલા અહીં પથ્થર ધસી પડવાની દુર્ઘટના ઘટી હતી. મોટેભાગે વરસાદી માહોલમાં આવી ઘટના ઘટતી હોય છે ત્યારે પ્રશાસન દ્વારા રેવાપથ પરથી પગપાળા જવાનો રસ્તો રાત્રે ૧૦ વાગ્યા સવારે ૪ વાગ્યા સુધી યાત્રિકો માટે બંધ રાખવામાં આવ્યો છે.

આ સાથે મળતી માહિતી અનુસાર માંચીથી નિજ મંદિર સુધીના પગથિયાવાળાં માર્ગ પર પણ આ જ સમયગાળા દરમિયાન યાત્રિકોની અવરજવર બંધ છે. રાત્રિના સમયે પથ્થર પડવાની સંભાવના વધારે હોય છે તેમ જ બચાવકાર્ય તંત્રના જણાવ્યા અનુસાર, રાત્રિના સમયે પથ્થર પડવાની સંભાવના વધુ રહેતી હોવાથી કોઈ જાનહાનિ ન થાય તે માટે સાવધાનીના ભાગરૂપે આ વ્યવસ્થા કરવામાં આવી છે.

થોડા દિવસો પહેલા અહીં મોટા પથ્થરો ધસી આવતા બે યાત્રિકનાં મોતની ઘટના બાદ એક કમિટીને તપાસ સોંપવામાં આવી હતી કમિટીએ કરેલી ભલામણ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. આ સાથે પ્રશાસને લોકોને પણ આ સૂચનાનું પાલન કરવાની અપીલ કરી હતી. ■

# સરકારી અને સમરસ છાત્રાલયોમાં પ્રવેશ માટે આજે ઓનલાઇન મેરિટ યાદી જાહેર કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યની સરકારી-સમરસ છાત્રાલયોમાં પ્રવેશ માટે આજે તા. ૦૭, જુલાઇના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ઓનલાઇન મેરિટ યાદી જાહેર કરાશે. રાજ્યમાં સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ હસ્તકના વિવિધ સરકારી-સમરસ છાત્રાલયોમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે આજે સવારે ૧૧:૦૦ કલાકે ડિજિટલ માધ્યમથી સમગ્ર મેરીટ પ્રસિદ્ધિની પારદર્શી પ્રક્રિયા સોશિયલ મીડિયાના માધ્યમથી લાઈવ પ્રસારિત કરવામાં આવશે, જેથી દરેક વિદ્યાર્થી અને વાલી ઘરે બેઠા આ પારદર્શી પ્રક્રિયાના સાક્ષી બની શકશે.

આ વર્ષે રાજ્યભરના કુલ ૧૬૨ સરકારી અને સમરસ છાત્રાલયોમાં નવું શૈક્ષણિક સત્ર શરૂ થવા જઈ રહ્યું છે, જેમાં કુલ ૧૫,૬૧૮ વિદ્યાર્થીઓને મેરિટના આધારે પ્રવેશ ફાળવવામાં આવશે. સરકારની આ કલ્યાણકારી યોજનાના લીધે અંતરિયાળ વિસ્તારના અને આર્થિક રીતે નબળા વર્ગના વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ મેળવવામાં મોટી મદદ મળશે. સામાજિક ન્યાય અને અધિકારી તા વિભાગ હેઠળ કાર્યરત નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, નિયામક, વિકસતી જાતિ કલ્યાણ અને ગુજરાત સમરસ છાત્રાલય સોસાયટી દ્વારા સંચાલિત છાત્રાલયોમાં પ્રવેશ માટે અગાઉ ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવી હતી. ■

# હિંમતનગરમાં રેતી ભરેલું ડમ્પર રસ્તામાં ગરકાવ, રિપેરકામને લીધે ટ્રાફિકજામ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્યમાં પહેલા વરસાદે જ સ્થાનિક તંત્રની પોલ ખોલી નાખી છે. પહેલા વરસાદમાં જ સુરતના પાંચ રોડ ધસી પડ્યાના અહેવાલો વચ્ચે હવે હિંમતનગરમાં પણ રોડની વચોવચ મોટો ભૂવો પડતા રેતીથી ભરેલું ડમ્પર ખૂંપી ગયું હતું. વળી, આ ડમ્પરને બહાર કાઢવાની તજવીજને લીધે વાહનચાલકો પરેશાન થયા હતા અને ટ્રાફિકજામ સર્જાયો હતો. મળતી વિગતો અનુસાર હિંમતનગરના બેરણા રોડ પર રેતી ભરેલું ડમ્પર ભૂવો પડતા ધસી ગયું હતું. આ રોડ પર અગાઉ યુટિલિટી માટે ખોદકામ કરવામાં આવ્યું હતું અને પછી માટીપુરાણ કરી રોડ બનાવવામાં આવ્યો હતો. સોમવારે સવારે રેતી ભરેલું ડમ્પર બેરણા તરફના ત્રણ રસ્તા પરથી પસાર થઈ રહ્યું હતું ત્યારે રસ્તો ધસી પડ્યો ને ડમ્પર તેમાં અડધું ગરકાવ થઈ ગયું હતું. ત્યારબાદ તેમાંથી રેતી કાઢી તેને બહાર કાઢવામાં આવ્યું અને ફરી પાઈપલાઈનનું સમારકામ કરવામાં આવ્યું હતું. આ બધાને કારણે અહીંથી પસાર થતા વાહનચાલકોને હાલાકી ભોગવવી પડી હતી. સ્કૂલ-કોલેજે જતા વિદ્યાર્થીઓ તેમ જ નોકરી-ધંધે જતા લોકો અટવાયા હતા. થોડા સમય બાદ સ્થિતિ રાબેતામુજબ થઈ હતી. ■

# અમદાવાદના યુવકે 30,000ની લોનનું દસ લાખ વ્યાજ ભર્યા બાદ હેરાનગતિ થતા પોલીસ ફરિયાદ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં વ્યાજખોરીના ઘણા ગંભીર કેસ પ્રકાશમાં આવે છે. આવા જ એક કેસમાં એક યુવકે રૂ. ૩૦,૦૦૦ની લોનની ભરપાઈ રૂ. ૧૦ લાખ ચૂકવી કરી હોવાની ફરિયાદ થઈ છે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર ૨૯ વર્ષીય બેંક કર્મચારીએ વાસણા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે આ વર્ષની શરૂઆતમાં તેણે લીધેલા ૩૦,૦૦૦ રૂપિયાના લોનના કારણે તે ગેરકાયદે ધિરાણના સામે એક કૌભાંડમાં ફસાઈ ગયો હતો, જેના કારણે તેને ૧૦ લાખ રૂપિયાથી વધુ વ્યાજ ચૂકવવાની ફરજ પડી હતી, ત્યારબાદ ધિરાણ કરનારાએ કથિત રીતે ખાતાની પતાવટ માટે ૩૦ લાખ રૂપિયાની માંગણી કરી હતી. એફઆઈઆર મુજબ, સેટેલાઇટમાં એક ખાનગી બેંકના રિકવરી વિભાગમાં કામ કરતા ફરિયાદીએ જાન્યુઆરીમાં તેના એક સંબંધી પાસેથી ૩૦,૦૦૦ રૂપિયા ઉધાર લીધા હતા. ફરિયાદીના જણાવ્યા અનુસાર સંબંધીએ દર ત્રણ દિવસે ચૂકવવાપાત્ર ૫%ના વ્યાજ દરે પૈસા આપ્યા હતા. જ્યારે તે સમયસર વ્યાજ ચૂકવી શક્યો નહીં ત્યારે તેણે બાકી રકમ ચૂકવવા માટે બીજા ૩૦,૦૦૦ રૂપિયા ઉધાર લીધા હતા. જોકે, પૈસા આપનારા સંબંધીએ ત્રણ દિવસનું વ્યાજ અગાઉથી કાપી લીધું હતું. ફરિયાદીએ વધુમાં આરોપ લગાવ્યો હતો કે તેણે વ્યાજ ચૂકવવા માટે ૩૦,૦૦૦ રૂપિયાની ત્રીજી લોન લીધી હતી. ફરિયાદીએ બાદમાં સંબંધીઓ અને મિત્રો પાસેથી પૈસા ઉછીના લીધા હતા અને આખરે ૧૦.૩ લાખ રૂપિયા ચૂકવી દીધા હતા. ■

# લોનની ભરપાઈ માટે નવજાત બાળકને વેચી નાખ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરના વટવા પોલીસ સ્ટેશનમાં એક ૧૯ વર્ષીય માતાએ ફરિયાદ નોંધાવી હતી કે તેમની એક પરિચિત મહિલાએ રૂ. એક લાખની લોનની ભરપાઈ માટે તેમની એક મહિનાની દીકરીને વેચી નાખવાનો પ્રયાસ કર્યો હતો. જોકે તેમની નવજાત દસ દિવસ બાદ તેમને પાછી મળ્યા બાદ તેમણે પોલીસનો સંપર્ક સાધ્યો હતો, તેવી માહિતી સૂત્રો પાસેથી મળી હતી.

પોલીસ ફરિયાદ અનુસાર આ દંપતી અગાઉ હાથીજણ રહેતું હતું અને રેસ્ટોરાંમાં કામ કરતું હતું. અહીં પડોશમાં રહેતી આરોપી મહિલા સાથે તેમના ઘરજેવા સંબંધો હતા. ચારેક મહિના પહેલા ઓટોરિક્ષા ખરીદવા માટે તેમણે આરોપી પાસેથી રૂ. એક લાખ ઉછીના લીધા હતા અને ત્યારબાદ ૩જી જૂને મહિલાએ એક બાળકીને જન્મ આપ્યો હતો. ત્યારબાદ આરોપી મહિલાએ લોનના પૈસા માગવાની શરૂઆત કરી હતી. બાળકીના જન્મના ૨૦ દિવસ બાદ દંપતી જ્યારે આરોપીના ઘરે ગયું ત્યારે આરોપી મહિલાએ કથિત રીતે બાળકીની માગણી કરી અને તેના બદલામાં એક લાખની લોન માફ કરી દેવાની અને વધારાના બે લાખ રૂપિયા આપવાની વાત કરી હતી અને બાળકીને સારી રીતે ઉછેરશે એમ જણાવ્યું. જોકે દંપતીએ આ વાતનો ઇનકાર કર્યો હતો. ■

# દમણના દરિયાકિનારે લગાવાયું ૩ નંબરનું સિગ્નલ

## માછીમારોને દરિયો ન ખેડવા હુકમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં મેઘમહેર થઈ રહી છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં આગામી પાંચ દિવસ સુધી ભારે વરસાદ અને તેજ પવન ફુંકાવાની શક્યતા છે. દમણના દરિયાકાંઠે મેઘરાજાએ પોતાનું રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે, દમણના દરિયામાં તેજ પવન અને ઊંચા મોજાં ઉછળવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના આપવામાં આવી છે.

અગમચેતીના ભાગરૂપે દમણ વહીવટી તંત્ર દ્વારા દરિયાકિનારે ૩ નંબરનું સિગ્નલ લગાવી દેવામાં આવ્યું છે.

તંત્રની સૂચનાના પગલે દમણના માછીમારોએ પોતાની સુરક્ષાને પ્રાથમિકતા આપતા પોતાની લાખોની કિંમતની બોટ સલામત રીતે કિનારે લાંગરી દીધી છે. દમણ તેમજ વલસાડ જિલ્લાના આસપાસના વિસ્તારોમાં વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ વરસી રહ્યો છે. ભારે પવન અને ઊંચા મોજાઓને કારણે દરિયો હાલ અત્યંત અશાંત જોવા મળી રહ્યો છે, જેના પગલે વહીવટી તંત્ર દ્વારા દરિયાકિનારાના વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા સઘન બનાવવામાં આવી છે. ■

# અમદાવાદના હાથીજણ રીંગ રોડ પર અકસ્માતઃ પુત્રનું મોત, માતા ઈજાગ્રસ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં હાથીજણ રીંગ રોડ પર એક ડમ્પર ચાલકે સ્કૂટર ચાલક મહિલાને અટફેટે લીધી હતી. આ ગમખ્વાર અકસ્માતમાં ત્રણ વર્ષના બાળકનું તેની માતા સામે જ કમકમાટીભર્યું મોત થયું હતું. જ્યારે મહિલાને ગંભીર ઇજા થતા સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

અકસ્માત બાદ ડમ્પર ચાલક ફરાર થતો હતો ત્યારે જ સ્થાનિકોએ ઝડપી પાડ્યો હતો. આ બનાવની જાણ થતા જે ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્થળ પર પહોંચી હતી. પોલીસ દ્વારા ડમ્પર ચાલકની અટકાયત કરી તપાસ હાથ ધરી છે.

અકસ્માત અંગે મળતી વિગત મુજબ, નિકોલમાં રહેતા કામિની પ્રજાપતિ અને તેમનો ૩ વર્ષનો દીકરો સાત્વિક પ્રજાપતિ સ્કૂટર પર જઈ રહ્યા હતા ત્યારે પૂર ઝડપે આવી રહેલા ડમ્પરે કામિની બહેનના સ્કૂટરને ટક્કર મારી હતી જેના કારણે માતા અને દીકરો સ્કૂટર પરથી પટકાયા હતાં. અકસ્માતમાં સાત્વિકને ગંભીર ઈજાઓ થઈ હતી. જેના કારણે સ્થળ પર જ મોત થયું હતું.



**અવસરઃ** ગુજરાત એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ – જી.એ.એસ. કેડરમાંથી ઇન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ – આઈ.એ.એસ. કેડરમાં પ્રમોટ થયેલા અધિકારીઓએ ગાંધીનગર સ્થિત લોકભવન ખાતે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી સાથે શુભેચ્છા મુલાકાત કરી હતી. રાજ્યપાલે તમામ અધિકારીઓને હાર્દિક શુભકામનાઓ પાઠવી હતી.

# અમેરિકાના યુટાહમાં ડૉક્ટરો નહીં એઆઈ લખશે પ્રિસ્ક્રિપ્શન

વોશિંગ્ટન: આ વર્ષની શરૂઆતમાં યુટાહમાં ગુપ્ત રીતે શરૂ કરવામાં આવેલા પ્રિસ્ક્રિપ્શન રિફિલ પ્રોગ્રામે એક મોટી મેડિકલ ચર્ચા શરૂ કરી દીધી છે. શું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ એવા કાર્યોને સંભાળવા માટે તૈયાર છે જે અત્યાર સુધી ફક્ત ડોકટરો દ્વારા જ કરી શકાતા હતા? આ કાર્યક્રમ યુટાહના લોકોને ડોકટરની ક્લિનિકમાં ગયા વિના 'ડોક્ટ્રોનિક' નામના એઆઈ ચેટબોટ મારફતે પોતાની દવાની પ્રિસ્ક્રિપ્શનો ઓનલાઈન રિફિલ કરાવવાની સુવિધા આપે છે. આ દર્દીઓ માટે આરોગ્યસંભાળને વધુ સરળ બનાવવાની દિશામાં એક સરળ પગલું લાગે છે. આ ઘટનાએ ડૉકટરો, વકીલો અને જાહેર આરોગ્ય નિષ્ણાતો વચ્ચે ચિંતા પેદા કરી હતી. આ પાઈલટ પ્રોગ્રામે મેડિકલ ક્ષેત્રમાં એઆઈની ભૂમિકાને લઈને અનેક સવાલો ઊભા કરી દીધા છે જેમ કે તેનું નિયમન કેવી રીતે કરવું જોઈએ, શું ડૉક્ટરોને તેને રોકવા માટેનો અધિકાર હોવો જોઈએ અને દર્દીઓની સુરક્ષા માટે કયા પ્રકારના પગલાંની જરૂર છે તે સામેલ છે. ■

# ભારતની એક્ટ ઈસ્ટ નીતિ વધુ મજબૂત બનાવવા મોદી ઈન્ડોનેશિયા પહોંચ્યા

જકાર્તા: વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેમની ત્રણ દેશની મુલાકાતના પહેલા તબક્કામાં ઇન્ડોનેશિયા પહોંચ્યા હતા. આ મુલકાતનો હેતુ ભારતની એક્ટ ઈસ્ટ પૉલિસી અને મહાસાગર વિઝન મજબૂત કરવાનો તથા મુક્ત, ખુલ્લું અને સમાવેશક હિન્દ-પ્રશાંત બનાવવાનો છે. ઇન્ડોનેશિયાના પ્રમુખ પાર્બોવો સુબિન્તોએ હવાઈમથકે તેમનું સ્વાગત કર્યું હતું. મોદી તેમના ત્રણ દેશના પ્રવાસના પ્રારંભમાં સોમવારે ઇન્ડોનેશિયા પહોંચી ગયા હતા. તેમના માનમાં જકાર્તામાં પરંપરાગત સત્કાર રાખવામાં આવ્યો હતો. ઇન્ડોનેશિયાના પ્રમુખે શુભેચ્છા દાખવતા તેમનું હવાઈ મથકે સ્વાગત કર્યું હતું. મોદીના વિમાનને ઇન્ડોનેશિયાના જેટે રક્ષણ પૂરું પાડ્યું હતું. ■

# હિમાચલમાં ભારે વરસાદના લીધે પૂર, એકનું મોત

શિમલા: હિમાચલ પ્રદેશના કેટલાક ભાગોમાં સોમવારે રાતભર પડેલા ભારે વરસાદને કારણે પૂરની સ્થિતિ ઊભી થઇ હતી. પરિણામે ચંબા અને કુલ્લુ જિલ્લામાં મુખ્ય રસ્તાઓ બંધ થઇ ગયા હતા. તેમજ એક ભૂસ્ખલનની ઘટનામાં ૧૪ વર્ષની કિશોરીનું મોત થયું હતું. મૃતકની ઓળખ કાંગડા જિલ્લાના ધર્મશાળાની રહેવાસી દિક્ષિતા તરીકે થઇ છે. તેણી અન્ય ચાર લોકો સાથે મુસાફરી કરી રહી હતી ત્યારે ધાગોડ-બન્ની રોડ પર વાહન પર ઉપરથી પથ્થર પડતા દુર્ઘટના સર્જાઇ હતી. તેણીનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હોવાનું પોલીસે જણાવ્યું હતું. પાંચ લોકોને લઇ જતું આ વાહન બન્ની માતા મંદિરથી પરત ફરી રહ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું કે હિમાચલ પ્રદેશના કેટલાક ભાગોમાં રાતભર મધ્યમથી ભારે વરસાદ પડ્યો હતો. પરિણામે પૂર આવતા ચંબા તથા કુલ્લુ જિલ્લામાં મુખ્ય રસ્તાઓ બંધ થઇ ગયા હતા. ચંબા જિલ્લાના ચુરાહ સબ-ડિવિઝનમાં પંગોલા નાળામાં અચાનક પાણી ભરાઇ જવાથી ચંબા-તિસ્સા રોડ બંધ થઇ ગયો હતો. જ્યારે કુલ્લુ જિલ્લામાં લારજી-સૈંજ રોડ ખાતે પગલ નાળામાં પાણી ભરાઇ જવાથી વાહનવ્યવહાર ખોરવાયો હતો. ■

# કીવ પર રશિયન મિસાઈલ અને ડ્રોન હુમલામાં ૧૮નાં મોત

કીવ: સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું હતું કે સોમવારે વહેલી સવારે રશિયાએ કીવ પર મિસાઇલો અને ડ્રોન વડે હુમલો કર્યો હતો, જેમાં ઓછામાં ઓછા ૧૮ લોકો માર્યા ગયા હતા, જેણે યુક્રેનના હવાઈ સંરક્ષણમાં વધી રહેલી ખામીને ઉજાગર કરી હતી. રશિયાના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે આ બોમ્બમારો યુક્રેનના તાજેતરના લાંબા અંતરના હુમલાઓનો બદલો હતો, જેના કારણે ઇંધણની તીવ્ર અછત સર્જાઈ છે અને પ્રમુખ વ્લાદિમીર પુતિન પર દબાણ આવ્યું છે. રશિયા દ્વારા છોડવામાં આવેલી બધી બેલિસ્ટિક મિસાઇલો તેમના લક્ષ્યો પર ત્રાટકી હતી, જે કીવમાં પેટ્રિઅટ ઇન્ટરસેપ્ટર મિસાઇલોની વધતી અછતને દર્શાવે છે. ■

## સંસ્થા સમાચાર

### શૈક્ષણિક સહાય કિટનું વિતરણ

કર્જતની ૧૦ શાળાઓમાં અભ્યાસ કરતા ૪૦૦થી વધારે વિદ્યાર્થીઓને શ્રી વલ્લભ પુષ્ટિ પરિવાર તથા શ્રી વૈષ્ણવ યુવા સંઘ (કાંદિવલી, મુંબઈ) દ્વારા ગોસ્વામી ૧૦૮ શ્રી પુરુષોત્તમલાલજી મહારાજશ્રીના શ્રીહસ્તે ૫ જુલાઈ, ૨૦૨૬, રવિવારના રોજ મફત શૈક્ષણિક સહાય કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ■

### બેસ્ટ બસ સેવા

રસ્તાઓ પર પાણી ભરાઈ જવાને લીધે અનેક બસ રૂટ વૈકલ્પિક માર્ગો પર વાળવામાં આવ્યા હતા. બસ સેવા ખોરવાઈ જવાથી અને બસો મોડી દોડતી હોવાને કારણે મુસાફરોને કલાકો સુધી બસ સ્ટોપ પર રાહ જોવી પડી હતી. ■

# ઉદ્ધવ ઠાકરેને વધુ એક આંચકો: અગ્રણી મહિલા નેતા શિંદે સેનામાં જોડાશે

મુંબઈ: રાજ્યના રાજકારણમાં ફરી મોટી ઉથલપાથલ થઈ છે. શિવસેના ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરેના પક્ષને વધુ એક મોટો ઝટકો લાગ્યો છે. થોડા દિવસો પહેલા છ સંસદ સભ્ય ઉદ્ધવ ઠાકરે છોડીને એકનાથ શિંદેની શિવસેનામાં જોડાયા હતા. ત્યારબાદ વિધાન પરિષદના વિધાનસભ્ય સચિન અહિરે પણ ઠાકરે જૂથને આવજો કરી એકનાથ શિંદેમાં જોડાવાનો નિર્ણય લીધો હતો. હવે ઉદ્ધવ ઠાકરેને ફરી એકવાર મોટો આંચકો લાગ્યો છે. હવે શુભાંગી પાટીલ નામની મહિલા નેતાએ એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેનામાં જોડાવાનો નિર્ણય લીધો છે. આ પક્ષ પ્રવેશ સમારોહ ટૂંક સમયમાં સેંકડો કાર્યકરો સાથે યોજાશે.

સંસદ સભ્યોના પક્ષપલટા પછી ઓપરેશન ટાઈગર ફરી એક વાર સક્રિય થયું હોય તેવું જોવા મળી રહ્યું છે. હવે ઠાકરે સેનાનાં ઉપનેતા શુભાંગી પાટીલએ શિંદે સેનામાં જોડાવાનો વારો કાઢ્યો છે. માહિતી અનુસાર શુભાંગી પાટીલ હજારો કાર્યકરો સાથે એકનાથ શિંદેની શિવસેનામાં જોડાવા માટે ધુળેથી મુંબઈ જવા રવાના થયા છે. નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદેની હાજરીમાં મુંબઈમાં તેઓ પક્ષમાં જોડાશે એવા અહેવાલ છે.

# પીઓપીની મૂર્તિઓ માટે બે-તબક્કાની રિસાયક્લિંગ પ્રક્રિયાનો પ્રસ્તાવ મૂકાયો

મુંબઈ : ગયા વર્ષે બોમ્બે હાઈ કોર્ટે રાજ્ય સરકારને પ્લાસ્ટર-ઓફ-પેરિસ (પીઓપી) મૂર્તિઓના વૈજ્ઞાનિક રિસાયક્લિંગ માટે નિષ્ણાત સમિતિની રચના કરવા અને પદ્ધતિઓ સૂચવવા માટે આપેલા નિર્દેશોના અનુસંધાનમાં સરકારે બુધવારે કોર્ટ સમક્ષ બે તબક્કાની રિસાયક્લિંગ પદ્ધતિનો પ્રસ્તાવ મૂક્યો હતો. ગયા વર્ષે બાવીસ ઓગસ્ટના રોજ આઠ સભ્યોની સમિતિની રચના કરવામાં આવી હતી.

છેલ્લા એક વર્ષમાં આઠ સભ્યોએ પીઓપી રિસાયક્લિંગ માટે બે-પગલાની પદ્ધતિ સૂચવી જેમાં રસાયણોનો ઉપયોગ કરીને સામગ્રીનું વિઘટન અને ૧૧૦-૧૬૦ ડિગ્રી તાપમાને ભઠ્ઠીમાં કેલ્સિનેશનનો સમાવેશ થાય છે.

નવમાં પાનાનું ચાલુ

## ભૂસ્ખલનને કારણે

જુલાઈના ૧૬૨ મિલિમીટર વરસાદ નોંધાયો હતો. લોનાવલા અને કર્જત વચ્ચેના દક્ષિણ પૂર્વ ઘાટ મંકી હિલ લૂપ કેબિન અને ઠાકુરવાડી વચ્ચે ભૂસ્ખલનને કારણે સમગ્ર વિસ્તારમાં રેલવે ટ્રેક પર કાટમાળ અને કાંપ આવી ગયો હતો, પરિણામે દેશના સૌથી વ્યસ્ત રેલવે રુટ પર અસર પડી હતી. મધ્ય રેલવેના અધિકારીએ કહ્યું હતું કે ટ્રેકના મરમ્મત અને કાટમાળ-કાંપને હટાવવા માટે ટ્રેનસેવાને સ્થગિત કરવામાં આવી હતી. અવિરત વરસાદને કારણે કામગીરી કરવામાં થોડો વિલંબ થયો હતો. રેલવેએ મરમ્મત કામ માટે સ્પેશિયલ ટીમને તહેનાત કરી છે, પરંતુ ભૂસ્ખલનને કારણે મુંબઈ-પુણે રુટની તમામ ટ્રેન પર અસર થઈ છે, જેમાં ઈન્દ્રાયણી અને સિંહગઢ એક્સપ્રેસનો સમાવેશ થાય છે. આ મુદ્દે એક પ્રવાસીએ કહ્યું હતું કે દર વર્ષે ભારે વરસાદ પછી રેલવે ટ્રેક ધોવાઈ જાય છે અને મુશ્કેલીઓ પ્રવાસીઓને ભોગવવાની આવે છે. અચાનક ટ્રેનો રદ કરવામાં આવ્યા પછી રેગ્યુલર પ્રવાસીઓ પાસે બીજો વિકલ્પ હોય છે, પણ અજાણ્યા લોકોએ શું કરવાનું?

**સેંકડો ટ્રેનસેવા પર ગંભીર અસર**

આજની ૧૭ ટ્રેન સહિત ૩૧ ટ્રેનના રુટને ડાઈવર્ટ કરવામાં આવ્યા હતા. અઢાર ટ્રેનને શોર્ટ ટર્મિનેટ તથા અનેક ટ્રેનોના શેડ્યૂલ બદલવામાં આવ્યા હતા, પરિણામે હજારો પ્રવાસીઓને પોતાના ડેસ્ટિનેશન સ્ટેશને પહોંચવામાં હાલાકી પડી હોઈ શકે છે, પણ રેલવેએ પ્રવાસીઓ માટે વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું. ૧૭ ટ્રેન રદ કરવામાં આવી છે, પરંતુ હજુ વધારો થઈ શકે છે, જ્યારે શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી છે, જેમાં પુણે, પનવેલ અથવા લોનાવલાથી ટ્રેનોને રોકી દેવાની સાથે ઉપાડવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આજે મુંબઈ અને પુણે વચ્ચે ઈન્ટરસિટીને પણ રદ કરવામાં આવી હતી.

**મુંબઈ-પુણે ટ્રેનવ્યવહાર સંપૂર્ણ ઠપ:** આજે આટલી ટ્રેનો રહી હતી રદ સીએસએમટી પુણે ઇન્દ્રાયણી એક્સપ્રેસ (૨૨૧૦૫), પુણે સોલાપુર ઇન્ટરસિટી એક્સપ્રેસ (૧૨૧૬૯), સોલાપુર પુણે ઇન્ટરસિટી એક્સપ્રેસ (૧૨૧૭૦), પુણે સીએસએમટી ઇન્દ્રાયણી એક્સપ્રેસ (૨૨૧૦૬), સીએસએમટી પુણે ઇન્ટરસિટી એક્સપ્રેસ (૧૨૧૨૭), પુણે સીએસએમટી ઇન્ટરસિટી એક્સપ્રેસ (૧૨૧૨૮), સીએસએમટી પુણે ડેક્કન એક્સપ્રેસ (૧૧૦૦૭), પુણે સીએસએમટી ડેક્કન એક્સપ્રેસ (૧૧૦૦૮), પુણે સીએસએમટી ડેક્કન ક્વીન એક્સપ્રેસ (૧૨૧૨૪), સીએસએમટી પુણે ડેક્કન ક્વીન એક્સપ્રેસ (૧૨૧૨૩), પુણે સીએસએમટી પ્રગતિ એક્સપ્રેસ (૧૨૧૨૬), સીએસએમટી પુણે પ્રગતિ એક્સપ્રેસ, પુણે સીએસએમટી સિંહગઢ એક્સપ્રેસ, સીએસએમટી પુણે સિંહગઢ એક્સપ્રેસ, સીએસએમટી ધુળે એક્સપ્રેસ, ધુળે સીએસએમટી એક્સપ્રેસ અને સીએસએમટી સોલાપુર એક્સપ્રેસનો સમાવેશ થાય છે. ■

## કોલાબામાં

કોંકણ અને નજીકના ઘાટ વિસ્તારોમાં ૭૦-૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાતા કેટલાક સ્થળોએ ભારેથી ખૂબ ભારે વરસાદ અને અલગ અલગ સ્થળોએ અત્યંત ભારે વરસાદ સાથે વ્યાપક વરસાદની સંભાવના છે, જેમાં ત્યારબાદ ધીમે ધીમે ઘટાડો થશે. હવામાન વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે શહેરમાં સોમવારે સવારે પૂરા થયેલા ૨૪ કલાકમાં સતત છઠ્ઠા દિવસે પણ ત્રણ આંકડાનો વરસાદ નોંધાયો હતો. કોલાબામાં ૧૨૮ મિ.મી. વરસાદ નોંધાયો હતો, જ્યારે સાન્તાક્રુઝમાં ૧૫૯ મિ.મી. વરસાદ નોંધાયો હતો, જે બંનેને ભારે વરસાદની શ્રેણીમાં મૂકે છે. ■

## રાજ્યમાં આઠ જુલાઈ

ભૂસ્ખલન, નદીઓ ભરાઈ જવા અને બચાવ કામગીરીનું સંચાલન કરવા માટે કામ કરી રહ્યા હતા. રાજ્યમાં આઠ જુલાઈ સુધી હવામાન પરિસ્થિતિ પર સતત દેખરેખ રાખવામાં આવવાની છે. મંગળવારે નાશિકના કેટલાક ભાગોમાં વાદળ ફાટવા જેવી ઘટના બનવાની શક્યતા છે. અમે પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યા છીએ, અને બધી એજન્સીઓને એલર્ટ કરવામાં આવી છે. મુખ્ય પ્રધાને કહ્યું હતું કે કન્સ્ટ્રક્શન સાઈટ પર પાણી ભરાઈ જવાને કારણે અમદાવાદ-મુંબઈ એક્સપ્રેસવેના કેટલાક ભાગો બંધ કરી દેવામાં આવ્યા છે અને રિસ્ટોરેશનનું કામ ચાલી રહ્યું છે, જ્યારે પાલઘર જિલ્લામાં જો વરસાદ ફરી શરૂ થાય તો મોડી રાતના દરિયામાં ભરતી હોઈ પાણી ભરાઈ જવાની શક્યતા છે.

રાજ્યના અનેક જિલ્લામાં આવેલા પૂર બાબતે મુખ્ય પ્રધાને કહ્યું હતું કે રાજ્યના પશ્ચિમ ઘાટ અને રાયગડ જિલ્લામાં ભારે વરસાદને કારણે સાવિત્રી સહિતની મુખ્ય નદીઓ ભયજનક સ્તરને વટાવી ગઈ છે. કાંપ કાઢવાના પ્રયાસોથી પૂરના પાણી નજીકનાં શહેરોમાં પ્રવેશતા અટકાવવામાં મદદ મળી છે, પરંતુ ભૂસ્ખલનથી વાહનવ્યવહારમાં ભારે અવરોધ ઊભો થયો છે. નદીના સ્તરમાં વધારો થવાને કારણે અધિકારીઓ સતારા અને કોલ્હાપુર પર પણ નજીકથી નજર રાખી રહ્યા છે. ઇન્દ્રાયણી નદી પરના ચારેય પુલ ડૂબી ગયા હોવાથી વાર્ષિક વારી યાત્રા બાબતે મુખ્ય પ્રધાને શ્રદ્ધાળુઓને દેહુ અને આલંદી પર ભેગા ન થવાની સલાહ આપી હતી. યાત્રાળુઓને સીધા પુણે જવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે, જ્યાં સરકારે તેમને સમાવવા માટે મોટા કામચલાઉ હેંગરોની વ્યવસ્થા કરી છે. પાલઘરમાં નાના બંધના ભાગને નુકસાન થયા બાદ નીચે તરફનાં ગામોના રહેવાસીઓને ખાલી કરાવવામાં આવી રહ્યા હોવાનું પણ મુખ્ય પ્રધાને કહ્યું હતું. ફડણવીસે વધુમાં જણાવ્યું હતું કે સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ કંટ્રોલ રૂમ અને બીએમસી કંટ્રોલ રૂમ ચોવીસ કલાક કાર્યરત છે. જ્યારે હવામાન આગાહીના આધારે સંવેદનશીલ વિસ્તારોમાં એનડીઆરએફ ટીમોને પહેલાથી જ તહેનાત કરવામાં આવી છે અને ચેતવણીઓ અનુસાર એસડીઆરએફ ટીમોને ફરીથી તહેનાત કરવામાં આવી હતી. ■

## ઝૂપડાં માલિક

ઘટના પ્રકરણે માનખુર્દ પોલીસે સોમવારે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૦૫ અને ૩(૫) હેઠળ ગુનો નોંધ્યો હતો. પ્રાથમિક તપાસ બાદ બે આરોપીની ધરપકડ કરવામાં આવી હોઈ પોલીસ વધુ તપાસ કરી રહી છે. પોલીસના જણાવ્યા મુજબ ઝૂંપડાના માલિક, બાંધકામ સંબંધી કોન્ટ્રાક્ટર તેમ જ ગેરકાયદે બાંધકામને ઇરાદાપૂર્વક પ્રોત્સાહન આપનારા સંબંધિત ખાનગી અને સરકારી વ્યક્તિઓ વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. તૂટી પડેલા ઝૂંપડાનું બાંધકામ ગેરકાયદે કરાયું હોવાનું તપાસમાં જણાયું હતું. ■

## ચર્ચગેટથી વસઇ

મુંબઈથી અમદાવાદ રુટ પર અસર થવાથી હજારો પ્રવાસીઓ રઝળી પડ્યા હતા. નાલાસોપારા, વસઈ, પાલઘર સ્ટેશન સરોવર બન્યાં હતા.

### ૪૦થી ૫૦ લાંબા અંતરની ટ્રેનસેવા પર અસર

ભારે વરસાદને કારણે ૪૦થી વધુ ટ્રેનોને અસર થઈ હતી, જેમાં અનેક લાંબા અંતરની ટ્રેનો રદ કરવામાં આવી છે, જ્યારે અનેક ટ્રેનનું મોડી રાતના શેડ્યૂલ બદલવામાં આવશે. ઉપરાંત, ૨૨થી વધુ ટ્રેનોને પશ્ચિમ રેલવેના અલગ અલગ સ્ટેશનથી દોડાવવામાં આવી રહી છે, જેમાં વિરાર, વાણગાંવ, પાલઘર, દહાણુ રોડ અને વલસાડનો સમાવેશ થાય છે. ભૂસ્ખલનને કારણે પશ્ચિમ રેલવેમાં ૪૦-૫૦ ટ્રેન પર અસર થઈ છે, જેમાં આઠ ટ્રેનને રિશેડ્યૂલ કરાઈ છે, જ્યારે ૧૦ રદ કરી છે.

### કચ્છ એક્સપ્રેસ સહિત અનેક ટ્રેનોને શોર્ટ ટર્મિનેટ કરાઈ

હવામાન વિભાગના અધિકારીએ કહ્યું હતું કે બે કલાકમાં ૩૦૦ મિલિમીટરથી વધુ વરસાદ પડ્યો છે, તેથી સવારના નવ વાગ્યાથી બપોર સુધી સમગ્ર વિસ્તારમાં હાલત કફોડી થઈ છે. મંગળવારની સયાજી એક્સપ્રેસ દાદરના બદલે અંકલેશ્વરથી ઉપાડવાની જાહેરાત કરી હતી, જ્યારે કચ્છ એક્સપ્રેસને પણ પાલઘર રોકી દેવામાં આવી હતી, પરંતુ રાતના નવ વાગ્યે બાંદ્રાથી ઉપાડવાની જાહેરાત કરી હતી. ઉપરાંત, બાંદ્રા ટર્મિનસ શ્રી માતા વૈષ્ણવોદેવી કટરા એક્સપ્રેસ, મુંબઈ સેન્ટ્રલ હઝરત નિઝામુદ્દીન રાજધાની, દાદર-પોરબંદર, બાંદ્રા ટર્મિનસ-બિકાનેર એક્સપ્રેસ અને બાંદ્રા ટર્મિનલ વેરાવળ એક્સપ્રેસનો સમાવેશ થાય છે.

### અનેક ટ્રેનોના પ્રસ્થાન સમયમાં કરાયો ફેરફાર

ટ્રેનોના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે તેમાં ૧૨૪૭૧ બાંદ્રા ટર્મિનસશ્રી માતા વૈષ્ણોદેવી કટરા એક્સપ્રેસ, ૨૨૪૫૧ બાંદ્રા ટર્મિનસ ચંદીગઢ એક્સપ્રેસ, ૨૨૯૧૫ બાંદ્રા ટર્મિનસ હિસાર એક્સપ્રેસ, ૧૨૯૨૫ બાંદ્રા ટર્મિનસ અમૃતસર જંક્શન એક્સપ્રેસ, ૧૯૨૧૭ બાંદ્રા ટર્મિનસ વેરાવળ એક્સપ્રેસ, ૧૨૯૫૩ મુંબઈ સેન્ટ્રલ હઝરત નિઝામુદ્દીન ઓગસ્ટ ક્રાંતિ રાજધાની એક્સપ્રેસ, ૧૯૦૧૫ દાદર પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ અને ૧૪૭૦૮ દાદર હનુમાનગઢ એક્સપ્રેસનો સમાવેશ થાય છે. આ ટ્રેનોના પ્રસ્થાનના સમયમાં અનેક કલાકોનો વિલંબ થયો છે.

### જયપુર-બાંદ્રા ટર્મિનસ ટ્રેનને ઉધનામાં રોકી

રેલવે ઝોન દ્વારા કેટલીક ટ્રેન સેવાઓ સંપૂર્ણ અથવા આંશિક રીતે રદ પણ કરવામાં આવી છે. ૦૯૭૦૬ બાંદ્રા ટર્મિનસ જયપુર સ્પેશિયલ (જે પ્રવાસ તારીખ ૦૬.૦૭.૨૦૨૬ના રોજ શરૂ થવાની હતી) રદ કરવામાં આવી છે, જ્યારે ૦૯૭૦૫ જયપુરબાંદ્રા ટર્મિનસ સ્પેશિયલ (જે પ્રવાસ તારીખ ૦૫.૦૭.૨૦૨૬ના રોજ શરૂ થઈ હતી)ને ઉધના ખાતે જ શોર્ટ-ટર્મિનેટ કરવામાં આવી હતી (વચ્ચે જ રોકી દેવાઈ હતી) અને ઉધના તથા બાંદ્રા ટર્મિનસ વચ્ચેની તેની સેવા રદ કરવામાં આવી છે. અન્ય પ્રભાવિત ટ્રેનોમાં ૫૯૦૪૬ વલસાડ વિરાર પેસેન્જર અને ૫૯૦૪૫ મુંબઈ સેન્ટ્રલવાપી પેસેન્જર રદ કરવામાં આવી હતી, જ્યારે ૫૯૦૪૦ વાપી મુંબઈ સેન્ટ્રલ પેસેન્જર પણ રદ રહી હતી. ૧૯૦૦૧ વિરાર સુરત એક્સપ્રેસની સામેથી આવતી ટ્રેન સેવા શોર્ટ-ટર્મિનેટ થવાને કારણે આ ટ્રેન પણ રદ કરવામાં આવી હતી, પરિણામે સેંકડો પ્રવાસીઓ રઝળી પડ્યા હતા. અનેક લોકોને નજીકના સ્ટેશનથી બસ મારફત લઈ જવામાં આવ્યા હતા, એમ પશ્ચિમ રેલવેના અધિકારીએ જણાવ્યું હતું. ■

## સુસવાટાભર્યા પવન

સ્કેફોલ્ડિંગ (બાંધકામ માટે ઊભા કરાયેલા તાત્પૂરતા મચાન), ટાવર ક્રેન, રો મટીરીયલ, સેફ્ટી નેટ, ફોર્મવર્ક, ટીન શીટ્સ અને અન્ય કામચલાઉ માળખાનું નિરીક્ષણ કરવા કહ્યું હતું જેથી ખાતરી કરી શકાય કે તે સ્થિર અને સુરક્ષિત રીતે બાંધેલા છે. ■

## થાણે અને પાલઘરમાં

છે. થાણે અને પાલઘર બંને જિલ્લામાં વરસાદી પાણી ઘણા નીચાણવાળાં ઘરોમાં ઘૂસી ગયા હોવાથી બચાવ ટીમો અને પાલિકા પ્રશાસન હાઇ અલર્ટ પર હતી. થાણે શહેરના શ્રીરંગ સોસાયટી વિસ્તારમાં સવારે ભારે વરસાદ અને પવનને કારણે એક વિશાળ વૃક્ષ ઊખડી પડયું હતું અને તેની સફાઈ કામગીરી દરમ્યાન ૩૨ વર્ષના અંકિત યાદવ નામના ફાયરમેન ગંભીર ઈજા થઈ હતી. ઊખડી ગયેલી ડાળીઓ કાપતી વખતે અંકિતનો પગ આકસ્મિક રીતે મિકેનિકલ કટર મશીનથી અથડાઈ ગયો હતો, જેના કારણે ગંભીર ઊંડી ઈજાઓ થઈ હતી.

સોમવારે સવારે ૮.૩૦ વાગ્યે પૂરા થયેલા ૨૪ કલાકમાં, થાણે શહેરમાં ૨૦૮.૫૩ મિ.મી. વરસાદ નોંધાયો હતો. આ સાથે જ થાણેમાં મોસમી વરસાદનો કુલ વરસાદ ૧,૧૫૭.૨૪ મિ.મી થયો છે, જે ગયા વર્ષના સમાન સમયગાળા દરમિયાન નોંધાયેલા ૯૮૯.૦૦ મિ.મી. કરતા વધુ છે. ■

## માનખુર્દમાં

હેઠળ તમામ લોકો દબાઈ ગયા હતા. આ દુર્ઘટના બાદ સ્થાનિકો મદદ કરવા દોડી ગયા હતા અને એ બાદ ફાયરબ્રિગેડ, એનડીઆરએફ, ડિઝાસ્ટર કંટ્રોલ સહિત પોલીસ યુદ્ધના ધોરણે રેસ્ક્યુ ઓપરેશનમાં જોડાઈ હતી. પ્રાથમિક તપાસમાં મકાનના કાટમાળ હેઠળ સાત-આઠ લોકો દબાયા હોવાની આશંકા હતી. ફાયરબ્રિગેડ, એનડીઆરએફ ભારે વરસાદ વચ્ચે કાટમાળ હેઠળ દબાયેલા લોકોને બહાર કાઢીને ગોવંડીની શતાબ્દી હૉસ્પિટલ અને ઘાટકોપરની રાજાવાડીમાં દાખલ કર્યા હતા. ડૉક્ટરે આપેલી માહિતી મુજબ શતાબ્દીમાં એક મહિલા, ત્રણ નાની છોકરી અને એક નાનો છોકરો એમ પાંચ લોકોને મૃત અવસ્થામાં લાવવામાં આવ્યા હતા. તો રાજાવાડી હૉસ્પિટલાં એક બાળકને મૃત અવસ્થામાં લાવવામાં આવ્યો હતો. એ સાથે અન્ય એક જખમી યુવકને પણ સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો. ■

## મુંબઈને ડૂબતી

દિવસમાં જરૂરિયાત મુજબ ૫૪૦ પંપને તાત્કાલિક ધોરણે ચાલુ કરવામાં આવ્યા હતા. ભારે વરસાદને કારણે એકઠા થયેલા વરસાદી પાણીને આ લિફ્ટિંગ પંપોની મદદથી નજીકની ગટરો અને વરસાદી પાણીના સંગ્રહ ચેનલોમાં ઝડપથી છોડવામાં આવ્યું હતું. ■

## જૈન મરણ

**કચ્છી દશા ઓશવાલ જૈન**

ગામ નલિયા, હાલે ઘાટકોપર, સ્વ. માતુશ્રી કમલાબેન લહેરચંદ ધનજી છેડાના સુપુત્ર મુલજીભાઈ (ઉં. વ. ૫૮) તા. ૪-૭-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે પૂજાબેનના પતિ. દેવાંગ, શિવાંગ, અને અ.સૌ. જલ્પા કપિલ બોરીચાના પિતાશ્રી. અ. સૌ. ગાયત્રી દેવાંગ છેડા તથા કપિલ ગુલાબચંદ બોરીચા, બાયઠના સસરાજી, સ્વ. કીર્તિ, સ્વ. તારાચંદ, સ્વ.ભાવેશ, મહેન્દ્ર તથા અ. સૌ. યોગિતા અભયભાઈ મોમાયા, નલિયા - અંજારના મોટાભાઈ, અ. સૌ. બીના મહેન્દ્ર છેડાના જેઠ. તેમની પ્રાર્થનાસભા તા: ૭/૭/૨૬ મંગળવારના રોજ સાંજે ૪:૦૦ થી ૫:૩૦. સરનામું: શ્રી સ્વામિનારાયણ મંદિર, સરિતા પાર્ક, ૯૦ ફીટ રોડ, ઘાટકોપર પૂર્વ.

**મચ્છુકાંઠા વિશાશ્રીમાળી જૈન**

ટિંકર (રણની) નિવાસી હાલ ઘાટકોપર, લવજીભાઈ પરષોત્તમ ખંઢેરના સુપુત્ર ધીરજલાલ (ઉં. વ. ૮૭) તે કંચનબેનના પતિ. સંજય, કૌશલ, કામિનીના પિતાશ્રી. સોનલ, અલ્પા, કેતનકુમાર હિંમતલાલ મોદીના સસરા. હિંમતલાલભાઈ, જયાબેન ગોપાલજીભાઈ સંઘવી, મયાબેન ચંદુલાલ મહેતા, કાંતાબેન જયંતીલાલ શાહના ભાઈ. સસુરપક્ષે અણીટીંબા (વાંકાનેર) નિવાસી હાલ બોરીવલી ભૂદરલાલ રામજીભાઈ શાહના જમાઈ. અનંતરાય, રજનીકાંત, જેવતલાલ, કુસુમબેન કીર્તિકુમાર શાહ, શારદાબેન મહેશકુમાર લોદરિયાના બનેવી. તા. ૫-૭-૨૬ના રવિવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**દિગંબર જૈન**

રાજકોટ નિવાસી, હાલ તીલક નગર ચેમ્બુર વેસ્ટ, સ્વ સરલાબેન નૌતમલાલ દોશીના પુત્ર ભરતભાઈ નૌતમલાલ દોશીના ધર્મપત્ની અ.સૌ.કુમુદીનીબેન (ઉં. વ. ૭૮), સોમવાર તા. ૦૬/૭/૨ના દેહ પરિવર્તન પામેલ છે. તે સંદીપ, ઋષભના માતુશ્રી. તે અ. સૌ. સપના તથા જાગૃતીના સાસુ. તે વિની તથા પાર્થના દાદી. તે સ્વ મુકેશભાઈ ભાવનાબેન, કિરીટભાઇ સ્મિતાબેન, ધનેશભાઈ ચાંદનીબેનના ભાભી. પિયર પક્ષે સ્વ શેઠ હરિલાલ જટાશંકર (વાંકાનેર) ના દીકરી. લૌકીક વહેવાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

દેવપુરના માતુશ્રી ગંગાબેન નીસર (ઉં. વ. ૮૭) તા. ૧/૭/૨૬નાં અવસાન પામેલ છે. સ્વ. વાલબાઈ તેજશીના પુત્રવધૂ. કોટડીના ખેતબાઈ રવજીના પુત્રી. પ્રેમજી તેજશીના ધર્મપત્ની. રાજેશ, અમૃત, રમેશ, નીલેશ, મકડાના દમયંતી, સંસાર પક્ષે પ.પુ. સા. પદ્મગુણા શ્રી મ.સા. ના માતાજી. કોટડીના કુંવરજી, લખમશીના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. રાજેશ નિસર, ૧૦૧ કીશોર કુંજ, અગાશી, વિરાર (વેસ્ટ) ૪૦૧૩૦૧.

રાયણના વિનોદ દેઢીઆ (ઉં. વ. ૭૫) તા. ૫-૭-૨૬નાં અવસાન પામ્યા છે. માતુશ્રી ભાણબાઇ દેવશી કરમશી દેઢીઆના સુપુત્ર. સરલાબેનના પતિ, જિજ્ઞાના પિતાશ્રી. વસંત, મો. આસંબીયાના દેવકાંબેન શામજી છેડાના ભાઇ. કોડાયના લક્ષ્મીબેન માવજી જેઠા લાલનના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. નિ. ધીરેન સાવલા, ૧૦૦૪, ૧૦મે માળે, ધ બાયા સેન્ટ્રલ એસ.જે. માર્ગ, લોઅર પરેલ, મુંબઇ-૪૦૦૦૧૩.

ગોધરોના વલ્લભજી દેઢીઆ (ઉં. વ. ૭૬) તા. ૪-૭-૨૬ના અવસાન પામેલ છે. પૂરબાઈ જેઠાભાઈ હીરજી દેઢીયાના પુત્ર. કસ્તુરના પતિ. સુમેશના પિતા. લક્ષ્મીચંદ, આણંદજી, વસંત, રતનબેનના ભાઈ. બાડાના લક્ષ્મીબેન કેશવજી વિસરીયાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : વલ્લભજી જે. દેઢીઆ, એ/૮૦, નવયુગ મેન્શન, એન.બી. માર્ગ, ગ્રાન્ટ રોડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૦૭.

સમાઘોઘાના માતુશ્રી પ્રભાવતી અમૃતલાલ ગાલા (ઉં. વ. ૯૦) તા. ૫.૭.૨૦૨૬ના અવસાન પામ્યા છે. લાછબાઈ ધરમશી ધન્નાના પુત્રવધૂ. અમૃતલાલના ધર્મપત્ની. કુસુમ, મહેશ, નલિનના માતુશ્રી. ગુંદાલાના ખેતબાઈ મોરારજી દેવજીના સુપુત્રી. દામજી, લક્ષ્મીચંદ, નેમજી, અમૃતલાલ, મોહનના બહેન. મુંબઈમાં પ્રાર્થના રાખેલ નથી. ફોન સંપર્ક રૂબરૂ તુલ્ય ગણશોજી. નિ. અમૃતલાલ ધરમશી ગાલા : એ-૩૦૫, દીક્ષા કોમ્પલેક્સ, એચડીએફસી બેંકની બાજુમાં, જી.આઈ.ડી.સી. વાપી-૩૯૬૧૯૫.

રામાણીયાના માતુશ્રી અમૃતબેન માવજી રાંભીઆ (ઉં. વ. ૮૫) તા.૫-૭-૨૬ના અરિહંતશરણ પામ્યા છે. મણીબેન હંસરાજના પુત્રવધૂ. ભુજપુર વેજબાઈ દેવશી દેવરાજ સંગોઈના પુત્રી. માવજીના પત્ની. સંજય, હર્ષા (હીના), મનીષાના માતા. રામજી, ભોરારા રૂક્ષ્મણી પોપટ, ના. ખાખર સાકર રમણીક, ભુજપુર ભાનુ મોરારજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. સંજય રાંભીઆ. બી-૧૯, સરિતા, વિશ્વકર્મા નગર, જે.એન.રોડ, મુલુંડ (વે), મું ૮૦.

મુંદ્રાના કિશોર હીરજી શાહ (કેનીયા) (ઉં. વ. ૭૨) તા. ૪-૭નાં અવસાન પામેલ છે. સ્વ. પાનબાઇ હીરજી ઘેલાના સુપુત્ર. સ્વ. આશાના પતિ. વિશાલ, નીતેશના પિતા. શાંતીલાલ, મણીલાલ, હેમચંદ, ગેલડા દમયંતી દામજી, ના. ખાખર ચંદન (લક્ષ્મી) વિજય, ગઢશીશા હંસા દિનેશ, સુરેશના ભાઇ. વઢવાડ પુષ્પા શશીકાંત શાહના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કિશોર શાહ, ફ્લેટ નં. ૧, મંગલમ કો.હા. સોસાયટી, એસ.વી.રોડ, દોલતનગર, બોરીવલી (ઇ). મું. ૬૬.

બિદડાના પાનબાઈ તલકશી દેઢિયા (ઉં. વ. ૯૫) તા. ૨૭-૬-૨૬ના દેહ પરિવર્તન કરેલ છે. સ્વ.વેલબાઈ, સ્વ.મણીબેન ગગુભાઈના પુત્રવધૂ. તલકશીના ધર્મપત્ની. નીરુ, નિરંજના, હેમલતા, સ્વ.મનોજ, સ્વ.કેતનના માતાજી. બિદડા દેમીબેન કાનજીના પુત્રી. પ્રેમજી, પોપટલાલ, લક્ષ્મીચંદના બેન. પ્રાર્થના રાખેલ નથી. દેહદાન કરેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વાંકાનેર નિવાસી હાલ ઘાટકોપર સ્વ. બળવંતરાય બાબુલાલ મહેતાના ધર્મપત્ની ચંદ્રીકાબેન (ઉં.વ. ૮૨) તા. ૫-૭-૨૬ના અરિહંતશરણ થયેલ છે. તે પરેશભાઈ, મયુરભાઈના માતુશ્રી. અ. સૌ. સંગીતા, તૃપ્તીના સાસુ. હિનલ,અક્ષાન, કિંજલ, ખ્યાતી, વિરલના દાદી. સ્વ. ધીરજલાલ, ભરતભાઈના ભાભી. અમરેલીવાળા અજયભાઈ પ્રભાશંકર કામદારના બેન. પ્રાર્થનાસભા તા. ૯-૭-૨૬ના સાંજના ૪ થી ૬. સ્થળ: ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા હોલ, ઉપાશ્રય લેન, ઘાટકોપર ઈસ્ટ.

## પારસી મરણ

પેરીન હીરાજી પટવા તે મરહુમો દોસીબાઈ હીરાજી પટવાના દીકરી. તે કેકી તથા મરહુમો ડોલી, દીનુ, કુમી, બાનુ ને એરચના બહેન. તે પરીઝાદ ને હોરમઝદીયારના ફુઈજી. તે મેહરઝાદ ને ઝીનયાના મોટા ફુઈજી. તે રુબીના ભાભી. (ઉં.વ. ૯૨). રહેવાનું ઠેકાણું: કાસરે મોહંમદ બિલ્ડીંગ, રૂમ નં. ૯, બીજે માળે, ૧૪ ખેતવાડી લેન, કામાબાગ પાછળ, મુંબઈ-૪૦૦૦૦૪. ઉઠમણાંની ક્રિયા તા. ૮-૭-૨૬ને દિને બપોરે ૩.૪૫ વાગે કામાબાગ અગિયારીમાં છે.

## હિન્દુ મરણ

સ્વ. વિજયાબેન મુલજી આઈયા કચ્છ ગામ ઘડુલી હાલે ભીવંડીના પુત્રવધૂ તે વસંત મુલજી આઇયાના ધર્મપત્ની સરોજબેન (ઉં.વ. ૭૨) રવિવાર, તા. ૫-૭-૨૬ના ભીવંડી મુકામે રામશરણ પામેલ છે. દિપક, રાજેશ, રશ્મિબેન અમિત અનમના માતુશ્રી. યોગીતાબેન, લક્ષ્મીબેન, અમિત પ્રભુદાસ અનમના સાસુમા. સ્વ. લક્ષ્મીબેન લીલાધરભાઈ ચકસોતાના પુત્રી. તુલસીદાસભાઈ, ગં. સ્વ. પ્રેમીલાબેન પ્રતાપભાઈ, ભાવનાબેન પ્રવીણભાઈ ચંદન, સ્વ. તારાબેનના ભાભી. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૭-૭-૨૬, મંગળવારે ૪.૩૦ થી ૬.૦૦. રાધા ગોવિંદ હોલ, નીલકંઠ મંદિર, તીન બત્તી, ભીવંડી.

**દશા નીમા વૈષ્ણવ વણિક**

દેવગઢ બારિયા નિવાસી હાલ કાંદિવલી ગં. સ્વ. ઈન્દુમતીબેન કૃષ્ણકાંત ગાંધી (ઉં.વ. ૮૬) તે ચંચળબેન કિશોરભાઈ પટેલ (ગામ નાવલી)ના પુત્રી. છોટાભાઈ પટેલ, કાંતિલાલ પટેલના બહેન. નિપેશ ગાંધીના માતુશ્રી. આશિતા ગાંધીના સાસુ. વૈભવ ગાંધીના દાદી. રૂતુલ વૈભવ ગાંધી પૌત્રવધૂ તા. ૫-૭-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઔદિચ્ય અગિયારસે સિહોર સંપ્રદાય બ્રાહ્મણ**

મોરચંદના જોશી હાલ ભાવનગર સ્વ. ચંદ્રકાંત બાલકૃષ્ણ જોશીના ધર્મપત્ની સ્વ. સુનંદાબેન ચંદ્રકાંત જોશી (ઉં.વ. ૯૮) તા. ૧-૭-૨૬, બુધવારે અવસાન થયેલ છે. તે ઉપેન્દ્ર (બકુલ)ભાઈ, દિલીપભાઈ, રીટાબેન (નડિયાદ), સ્વ. અનિલભાઈ, છાયાબેનના માતુશ્રી. કમલેશકુમાર ત્રિવેદી, વિનોદાબેન, હર્ષાબેન, ખ્યાતિબેનના સાસુમા. આકાંક્ષા, રાકેશભાઈ-વિધીદેવી, પાર્થ-અવનિદેવી, નેહા, ખુશ્બુ, ધ્વનિ, તેજસ, નંદના દાદીમા. ઉર્વીશ (નડિયાદ)ના નાનીમા. ભડી ભંડારિયાવાળા સ્વ. જમકબેન ધીરજરામ લક્ષ્મીરામ ભટ્ટના પુત્રી. બેસણું, પ્રાર્થનાસભા તા. ૯-૭-૨૬, ગુરુવારે સાંજે ૪ થી ૬. ચંદ્રેશ્વર મહાદેવ, મેઘાણી સર્કલ - ઘોઘા સર્કલ મેઈન રોડ, ભાવનગર.

**કપોળ**

પાલિતાણાવાળા હાલ સુરત, સ્વ. હરિલાલ લક્ષ્મીદાસ પારેખ અને ગં.સ્વ. હિરાબેન હરિલાલ પારેખના પુત્ર અનિલભાઈ હરિલાલ પારેખ (ઉં. વ. ૫૮) તા. ૨-૭-૨૦૨૬ ગુરુવારે શ્રીજીચરણ પામેલ છે. તે મયુરીબેનના પતિ. મિતેશ અને ક્રિષ્નાના પિતા. અરવિંદભાઈ, રમેશભાઈ, જયસુખભાઈ, રંજનબેન દોલતરાય મહેતા, હિનાબેન યોગેશભાઈ પટેલના નાનાભાઈ. નયનાબેન, સંગિતાબેન, કલ્પનાબેનના દેર, સ્વ. હરકિશનદાસ ભવાનીદાસ ગોરડિયાના જમાઈ.

**હાલાઈ લોહાણા**

હાલ મલાડ સ્વ. વિજયા દામોદર ગરીબા તે સ્વ. ડૉ. દામોદર ગોપાલજી ગરીબાના ધર્મપત્ની. ડૉ. બીતેન,, ડૉ. તૃપ્તી, ડૉ. અનીષાના માતુશ્રી. ડૉ. શીલા, ડૉ. અજય મહેતા, ડૉ. જવલંત મહેતાના સાસુ. શ્રેયન, ડૉ. નિશીતાના દાદી. સ્વ. હેમકુંવરબેન વલમજીભાઈ ગોરધનદાસ કારીયાના દીકરી. અવસાન તા. ૨-૭-૨૬ના થયેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૯-૭-૨૬, ગુરુવારના ૫ થી ૭. સ્થળ: ઈસ્કોન મંદિર, શંખ હોલ, જુહુ, મુંબઈ.

**કપોળ**

અમરેલીવાળા (હાલ મદ્રાસ) સ્વ. રમાબેન રતીલાલ મોદીના પુત્ર ભરત (ઉં.વ. ૬૭), શનિવાર, તા. ૪-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે ભક્તિના પતિ. જીનેશ, વિધિના પિતાશ્રી. હીરલ, વિશાલ મહેતાના સસરા. અશ્વિનભાઈ, રાજેશભાઈ, હંસાબેન પ્રકાશભાઈ વોરાના ભાઈ. સસુર પક્ષે સાવરકુંડલાવાળા જયંતીલાલ મણીલાલ પારેખના જમાઈ. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૯-૭-૨૬ના રોજ મદ્રાસમાં રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. હિરાલક્ષ્મી વિઠ્ઠલદાસ કરશનદાસ પૂજારા કચ્છ ગામ કોટડી મહાદેવપુરીની પુત્રી વર્ષા (ઉં.વ. ૪૯) સોમવાર, તા. ૬-૭-૨૬ના નિધન થયું છે. તે સ્વ. લક્ષ્મીદાસ ધરમશી (શંભુ શેઠ) ધીરાવાણી કચ્છ કોઠારાવાળાની દોહિત્રી. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા ખડાયતા વણિક**

પ્રવિણા મહેન્દ્ર પરીખ (ઉં.વ. ૮૩) તે બંસીલાલ દેસાઈના પુત્રી. સ્વ. મહેન્દ્ર ચીમનલાલ પરીખના પત્ની. હિરેન, શિલ્પાના માતા. મુકેશભાઈ, સેજલના સાસુ. કરણના દાદી. પ્રતીક, વરુણ, રક્ષેતાના નાની તા. ૫-૭-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**બાજ ખેડાવાળ બ્રાહ્મણ**

ગામ સોજીત્રા હાલ મુંબઈના ધીરજલાલ ઉમિયાશંકર ડોળીયા (ઉં.વ. ૮૩) શુક્રવાર, તા. ૩-૭-૨૬ના રોજ દેવલોક પામ્યા છે. તે સ્વ. કોકિલાબેનના પતિ. યતીન, અ. સૌ. જયોતિ ઢગટના પિતા. જીગેષ ઢગટ, અ. સૌ. હેમાંગીનીના સસરા. કિયોશીના દાદા. કરણ, અ. સૌ. પુનિતાના નાનાજી. અ. સૌ. ભાગ્યશ્રી, કૌશલકુમારના નાનાજી સસરા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**વડનગરા નાગર ગૃહસ્થ**

હાલ વિલેપાર્લે ડૉ. (શ્રીમતી) રશ્મીબેન બિધીન બક્ષી તે મેહુલ બક્ષી અને શીતલ ઘીયાની માતુશ્રી. અદીતી બક્ષી, રૂષભ ઘીયાના સાસુ. હૃદય, મીહીકાના દાદી. આરની, ઝીયાનના નાની તા. ૪-૭-૨૬, શનિવારના હાટકેશ શરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક** |
|---|---|---|

# તન મન ધનથી રહો તરોતાજા

નવી કૉલમ

# રોકાણનું જમા-ઉધાર



અમિત ત્રિવેદી feedback@bombaysamachar.com



મૂડીબજાર, મ્યુચ્યુઅલ ફંડ, વ્યક્તિગત નાણાકીય આયોજન અને વેલ્થ મૅનેજમેન્ટ ક્ષેત્રે ત્રણ દાયકાથી વધુનો અનુભવ ધરાવતા જાણીતા ટ્રેનર - લેખક અને વક્તા છે. તે NISMના Adjunct Faculty છે. છ પુસ્તકોના લેખક એવા અમિતભાઈ રોકાણકાર જાગૃતિ તથા નાણાકીય સાક્ષરતા ક્ષેત્રે સક્રિય યોગદાન આપી રહ્યા છે. આજની પૂર્તિથી શરૂ થઈ રહી છે એમની માહિતીદર્શક નવી કૉલમ : ‘રોકાણનું જમા-ઉધાર’.

## રોકાણમાં પ્રથમ નિયમ: ‘મારો ધર્મ’-‘મારું કર્તવ્ય’

ભગવદ ગીતા પરની ઘણી ટિપ્પણીઓ સામાન્ય રીતે પરિસ્થિતિ સમજાવવાથી શરૂ થાય છે. તેમાં પ્રથમ તથા છેલ્લો શ્લોકનો ઉલ્લેખ થાય છે.

ભગવદ ગીતાનો પ્રથમ શ્લોક:

**धर्मक्षेत्रे कुरुक्षेत्रे समवेता युयुत्सव : ।**
**मामका : पाण्डवाश्चैव किमकुर्वत संजय ।।**

ભગવદ ગીતાનો અંતિમ શ્લોક:

**यत्र योगेश्वर : कृष्णो यत्र पार्थो धुनर्धर : ।**
**तत्र श्रीर्विजयो भूतिर्ध्रुवा नीतिर्मतिर्मम ।।**

ગીતાના અંતિમ શ્લોકનો છેલ્લો શબ્દ છે : **मम**, જ્યારે પ્રથમ શ્લોકનો પહેલો શબ્દ છે : **धर्म**.

ટીકાકારોના મંતવ્ય પ્રમાણે ગીતાનો સાર આ બે શબ્દમાં સમાયેલો છે :

**मम धर्म**’.

ભગવદ ગીતા ભલે ભગવાન કૃષ્ણે કુરુક્ષેત્રના યુદ્ધ ક્ષેત્રમાં અર્જુનને ઉપદેશ રૂપે સંભળાવી છે, પરંતુ તેનું મૂળ વિષય **मम धर्म**. એટલે કે ‘મારો ધર્મ’ અથવા મારું કર્તવ્ય છે.

વ્યક્તિગત નાણાકીય વ્યવસ્થા એટલે પર્સનલ ફાઇનાન્સનો વિષય પણ મારો ધર્મ જેવો જ છે. અહીં પર્સનલ શબ્દ ફાઇનાન્સ કરતાં પહેલો આવે છે એટલે આ વિષય પહેલાં વ્યક્તિ વિશે અને પછી પૈસા વિશે છે. દરેક વ્યક્તિ કે પરિવારના નાણાકીય નિર્ણય તેમના જરૂરિયાત, પરિસ્થિતિ અને લક્ષ મુજબ અલગ-અલગ હોવા જોઈએ.

આ સમજવું મહત્વનું છે, કારણ કે ઘણા લોકો મીડિયા, સોશ્યલ મીડિયા અથવા અન્ય લોકો પાસેથી મળતી સામાન્ય સલાહ પર આધાર રાખે છે. થોડાં ઉદાહરણ જોઈએ:

### ★ સામાન્ય સલાહ ૧

દરેક રોકાણકારે SIP કરવું જોઈએ.

**પ્રતિવાદ:**

નિવૃત્ત વ્યક્તિ પોતાના રોકાણમાંથી પૈસા ઉપાડીને જીવનખર્ચ પૂરા કરશે. આવી સ્થિતિમાં SIP યોગ્ય રહેશે નહીં.

### ★ સામાન્ય સલાહ ૨

ઉંમર ૧૦૦માંથી ઘટાડીને (૧૦૦ વ્યક્તિની ઉંમર) એટલું ટકા ઇક્વિટી રાખવું જોઈએ એટલે કે ૬૦ વર્ષની વ્યક્તિએ પોર્ટફોલિયોનો ૪૦% હિસ્સો ઇક્વિટીમાં રોકાણ કરવો જોઈએ, જ્યારે ૩૦ વર્ષના વ્યક્તિએ પોર્ટફોલિયોનો ૭૦% હિસ્સો ઇક્વિટીમાં રોકાણ કરવો જોઈએ.

પ્રશ્ન: હવે જો બે વ્યક્તિ સમાન ઉંમરના હોય તો શું તેમની નાણાકીય જરૂરિયાતો અને જોખમ સમાન હશે?

જો પરિવારના સ્તરે વાત કરીએ તો પરિવારના કયા સદસ્યની ઉંમર ગણવી? અને કોઈ વ્યક્તિની ઉંમર ૧૦૦ વર્ષથી વધુ હોય તો શું કરવું?

### ★ સામાન્ય સલાહ ૩:

દરેક રોકાણકારે SWP કરવું જોઈએ.

**પ્રતિવાદ:**

કોઈ વ્યક્તિ જો સંપત્તિ સંગ્રહ (accumulation)ના તબક્કામાં હોય અને તેના દીર્ઘકાલીન લક્ષ્યો હોય તો તેને SWP (Systetic Witharawal Plan) પસંદ ન કરવું જોઈએ, કારણ કે તે કમ્પાઉન્ડિંગ (ચક્રવૃદ્ધિ)ની પ્રક્રિયામાં વિક્ષેપ પેદા કરશે.

આ તો માત્ર થોડાં ઉદાહરણ છે. આવી સામાન્ય સલાહો કયો શૅર ખરીદું અથવા બજાર ઉપર જશે કે નીચે જેવા પ્રશ્નોમાં પણ જોવા મળે છે. ઘણી વખત લોકો બજાર વધે ત્યારે ખુશ થાય છે અને ઘટે ત્યારે દુ:ખી થાય છે, પરંતુ આવા સંજોગોમાં ખરીદનાર અને વેચનાર બંનેની લાગણીઓ અલગ અલગ ન હોવી જોઈએ?

આ જ રીતે, ચાલો AMFI દ્વારા ચલાવવામાં આવેલી લોકપ્રિય ઝુંબેશ Mutual Funds Sahi Hai પર નજર કરીએ. ઝુંબેશ સાચી છે, પરંતુ એ જરૂર પૂછવું જોઈએ:

પણ મારા માટે કયું મ્યુચ્યુઅલ ફંડ સહી છે?

આમાંથી પાઠ એ છે કે સામાન્ય નિયમો દરેકને લાગુ ન કરી શકાય. દરેક વ્યક્તિની (અથવા પરિવારની) સ્થિતિ, જરૂરિયાતો અને લક્ષ અલગ હોય છે. દરેક વ્યક્તિની જોખમ લેવાની ક્ષમતા પણ અલગ હોય છે.

અહીં આપણે માત્ર રોકાણ સંબંધિત બાબત પર ચર્ચા કરી, પરંતુ આ **मम धर्म**નો સિદ્ધાંત વ્યક્તિગત નાણાકીય આયોજનનાં તમામ પાસાં, જેવાં કે લોન, વીમો, કર આયોજન વગેરે પર પણ એટલી જ લાગુ પડે છે. આમાં એક સામાન્ય નિયમ એ પણ લાગુ કરી શકાય: સલાહ એની જ માનવી જેને તમારી વ્યક્તિગત વિગતો - નાણાકીય લક્ષ્યો, જોખમ લેવાની ક્ષમતા, રોકાણનો સમય ગાળો, આવક અને ખર્ચ તેમ જ સંપત્તિ અને જવાબદારીઓની વિગતો - વિશે પૂરી જાણકારી હોય. જોકે તમે વિષય નિષ્ણાતો પાસેથી સામાન્ય જ્ઞાન અને ખ્યાલો અને સિદ્ધાંતોની સમજ મેળવી શકો છો, ભલે આ નિષ્ણાતો તમને ઓળખતા પણ ન હોય. વ્યક્તિગત નાણાકીય વ્યવસ્થા (એટલે પર્સનલ ફાઇનાન્સ) વ્યક્તિગત જ હોવી જોઈએ. ■

---

નવી કૉલમ

# હેલ્થને હેમખેમ રાખો

મિતા બાવીસી
feedback@bombaysamachar.com

## નાની-નાની બીમારી પજવે ત્યારે તંદુરસ્તી રાખો તમારા હાથમાં...

### સંપૂર્ણ તંદુરસ્તી માટેના સરળ-સચોટ ઘરગથ્થુ ઉપાય અજમાવો



### કમરનો દુખાવો -સંધિવા

- અજમો અને ગોળ સરખે ભાગે મેળવી સવાર-સાંજ ખાવાથી કમરનો દુખાવો મટે છે.
- સૂંઠ અને ગોખરુ સરખે ભાગે લઈ તેનો ઉકાળો કરી રોજ સવારે પીવાથી કમરનો દુખાવો મટે છે.
- સૂંઠનું ચૂર્ણ ગરમ પાણી સાથે ફાકવાથી કમરનો દુખાવો મટે છે.

* ખજૂરની પાંચ પેશીનો ઉકાળો કરી, તેમાં અડધો તોલો મેથી નાખી પીવાથી કમરનો દુખાવો મટે છે.

- સૂંઠ, લસણ, અજમો અને રાઈ નાખીને તેલ ગરમ કરી તેની માલિશ કરવાથી કમરનો દુખાવો તેમ જ દુખતા સાંધામાં આરામ થાય છે.
- સૂંઠ અને હિંગ નાખીને તેલ ગરમ કરી તેનું માલિશ કરવાથી કમરનો દુખાવો તથા શરીર જકડાઈ ગયેલું હોય તો તે મટે છે અને સાંધાનો દુખાવો પણ મટે છે.
- રાઈના તેલ સાથે કાંદાનો રસ મેળવીને માલિશ કરવાથી સંધિવાનો દુખાવો મટે છે.
- આદુંના રસમાં સહેજ મીઠું નાખી તેનું માલિશ કરવાથી સંધિવાનો દુખાવો મટે છે, ડોકી રહી ગઈ હોય તો તો પણ મટે છે.
- જાયફળને સરસિયાના તેલમાં ઘસી માલિશ કરવાથી જકડાયેલા સાંધા છૂટા પડે છે અને સંધિવા મટે છે.
- લવિંગનું તેલ ઘસવાથી સંધિવાનો દુખાવો મટે છે.
- ધાણા ૧૦ ગ્રામ અને સૂંઠ ત્રણ ગ્રામ લઈ વાટી, તેનો ઉકાળો બનાવી, તેમાં મધ નાખી પીવાથી પડખાનો દુખાવો તથા છાતીનો દુખાવો મટે છે.
- સૂંઠ, સાજીખાર અને હિંગનું ચૂર્ણ ગરમ પાણીમાં લેવાથી સર્વ પ્રકારનાં શૂળ મટે છે.
- જીરું, હિંગ અને સિંધવની ફાકી ઘી સાથે લેવાથી શૂળ મટે છે.
- એક ચમચી શેકેલી હિંગ થોડા ગરમ પાણીમાં પીવાથી પડખાનો દુખાવો મટે છે.
- સૂંઠનો ઉકાળો કરી, તેમાં એક ચમચી દિવેલ નાખીને પીવાથી સંધિવાનો દુખાવો મટે છે.
- દોઢ-બે તોલા મેથી રોજ ફાકવાથી વા મટે છે.
- કોઈપણ પ્રકારનાં શૂળ-પડખાં, છાતી, હૃદય કે માથામાં દુખાવો હોય ત્યારે તુલસીનો રસ ગરમ કરી તેના પર માલિશ કરવાથી તરત આરામ થાય છે. આવા વખતે બે ચમચી તુલસીનો રસ પી જવો.
- મેથીને થોડા ઘીમાં શેકી તેનો લોટ કરવો, તેમાં ગોળ, ઘી ઉમેરીને લાડુ બનાવી લેવા. આ લાડુ ૮-૧૦ દિવસ સુધી ખાવાથી કમરનો દુખાવો અને સંધિવા મટે છે. જકડાઈ ગયેલાં અંગો છૂટાં પડે છે અને હાથે-પગે થતી કળતર પણ મટે છે.
- કાચા બટાટાની છાલ કાઢ્યા વગર ટુકડા કરી તેનો રસ કાઢી તુરત જ પીવાથી સંધિવામાં ઘણો ફાયદો થાય છે.
- તાંબાના વાસણમાં આખી રાત રાખેલું પાણી સવારે નરણે કોઠે પીવાથી સંધિવામાં રાહત થાય છે.
- દરિયાના પાણીમાં નિયમિત સ્નાન કરવાથી સંધિવાના દર્દીને ખૂબ જ ફાયદો થાય છે. દરિયાના પાણીમાં સ્નાન કરવાનું શક્ય ન હોય તો દરિયાઈ મીઠું ગરમ પાણીમાં ઓગાળી તેનાથી સ્નાન કરવું.
- કૌંચાનાં બીજ એક કિલો લઈ સાંજે પાણીમાં પલાળો. સવારે તેનાં ફોતરાં ઉખાડીને તેનો ગર્ભ કાઢી તે ગર્ભ તડકામાં સૂકવી દો. સુકાયા બાદ તેનું ચૂર્ણ બનાવી ત્રણ ગ્રામ ચૂર્ણ સાથે એક ગ્રામ અશ્વગંધાનું ચૂર્ણ મેળવી રોજ સવારે અને રાત્રે જમ્યા પહેલાં ગરમ દૂધ સાથે લેવાથી સંધિવા તથા લકવાના રોગીને ફાયદો થાય છે.
- સૂંઠનો કાઢો બનાવીને પીવાથી સાંધાનો દુખાવો મટે છે.

* સાંધાના દુખાવામાં કેરોસિન જરા ગરમ કરી માલિશ કરો.

### કમળો

- મધ સાથે ગાજરનો રસ પીવાથી કમળો મટે છે.
- મધમાં પાકાં કેળાં ખાવાથી કમળો મટે છે.
- આદુંનો રસ અને ગોળ ખાવાથી કમળો મટે છે.
- સૂંઠ અને ગોળ ખાવાથી કમળો મટે છે.
- સફેદ કાંદો, ગોળ અને થોડી હળદર મેળવી સવાર-સાંજ ખાવાથી કમળો મટે છે.
- એક તોલો હળદરનું ચૂર્ણ ચાર તોલા જેટલા દહીંમાં લેવાથી કમળો મટે છે.
- શેરડીને રાત્રે ઝાકળમાં રાખી સવારે તેને ચૂસીને ખાવાથી કમળો મટે છે.
- લીંબુની ચીરી ઉપર સોડા-બાય-કાર્બ નાખીને સવારના પહોરમાં ચૂસવાથી કમળો મટે છે.
- ૧૦૦થી ૨૦૦ ગ્રામ દહીંમાં બેથી ચાર ગ્રામ પાપડખાર મેળવીને વહેલી સવારે નરણે કોઠે લેવાથી ૩ દિવસમાં કમળો મટે છે.
- ગાજરનો ઉકાળો પીવાથી કમળામાં આવેલી અશક્તિ ને લોહીની ઓછપ દૂર થાય છે.
- કરિયાતું બે ચમચી અને સાકર દોઢ ચમચી ફાકવાથી કમળો મટે છે.
- લીમડાનાં પાનનો રસ તથા મધ સવારના નરણે કોઠે પીવાથી કમળો મટે છે.
- હિંગને પાણીમાં ઘસીને આંખમાં લગાડવાથી કમળો મટે છે.
- કમળામાં ભૂખ ન લાગતી હોય તો બે ચમચી આદુંનો રસ અને અડધી ચમચી ત્રિફળા ચૂર્ણ સાથે દિવસમાં બે વાર લેવાથી ભૂખ લાગશે.
- અરીઠાંનું પાણી નાકમાં નાખવાથી કમળો મટે છે.

### કાકડા

- સાધારણ ગરમ પાણીમાં મીઠું ઓગાળીને દિવસમાં બે-ત્રણ વાર કોગળા કરવાથી કાકડાની પીડા મટે છે.
- હળદરને મધમાં મેળવી કાકડા ઉપર લગાડવાથી વધેલા કાકડા બેસી જાય છે.
- પાણીમાં મધ નાખી કોગળા કરવાથી વધેલા કાકડા બેસી જાય છે.
- હળદર અને ખાંડ એક-એક ચમચી લઈ ફાકી મારવી. તેના ઉપર ગરમ દૂધ ધીમે ધીમે પીવાથી વધેલા કાકડા બેસી જાય છે.
- કેળાંની છાલ ગળા ઉપર (બહાર) બાંધવાથી કાકડા હોય તો મટે છે.
- કાકડા વધ્યા હોય કે ડિપ્થેરિયા થયો હોય તો નાની પીંછી વડે ગળામાં કેરોસીન લગાડવું. કેરોસીન લગાડતાં પહેલાં ને પછી છાશનો ખખડાવીને કોગળો કરવો.



### કાનની પીડા

- તેલમાં લસણની કળી કકડાવીને, તે તેલનાં ટીપાં કાનમાં નાખવાથી કાનના સણકા અને કાનની રસી મટે છે.
- આદુંનો રસ સહેજ ગરમ કરી કાનમાં નાખવાથી ચસકા મટે છે.

* મધનાં ટીપાં કાનમાં નાખવાથી કાનનો દુખાવો અને રસી મટે છે.

- તલના તેલમાં હિંગ નાખી ઉકાળી તેલનાં ટીપાં કાનમાં નાખવાથી દુખાવો મટે છે.
- તુલસીના રસનાં ટીપાં કાનમાં નાખવાથી કાનનો દુખાવો અને સણકા મટે છે અને પરુ નીકળતું હોય તો તે બંધ થાય છે.
- કાંદાનો રસ અને મધ મેળવી તેનાં ટીપાં નાખવાથી સણકા મટે છે અને પરુ થયું હોય તો તે પણ મટે છે.
- નાગરવેલના પાનનો રસ ગરમ કરી તેનાં ટીપાં નાખવાથી કાનના સણકા અને દુખાવો મટે છે.
- આંબાના પાનનો રસ ગરમ કરી તેનાં ટીપાં નાખવાથી કાનના સણકા અને દુખાવો મટે છે.
- ફુલાવેલી ફટકડી અને હળદર ભેગી કરી કાનમાં નાખવાથી કાન પાક્યો હોય અને રસી નીકળતી હોય તો તે મટે છે.
- વરિયાળી અધકચરી વાટીને પાણીમાં ખૂબ ઉકાળો. તે પાણીની વરાળ દુખતા કાન પર લેવાથી કાનની બહેરાશ, કાનનું શૂળ અને કાનમાં થતો અવાજ મટે છે.
- તેલમાં થોડી રાઈ વાટીને કાનના સોજા પર લેપ કરવાથી સોજો મટે છે.
- કાનમાં કોઈ જીવજંતુ ભરાઈ ગયું હોય તો સરસિયાના તેલનાં ટીપાં નાખવાથી તે મરી જાય છે.
- સફેદ કાંદાના રસનાં ટીપાં રોજ બે વખત કાનમાં નાખવાથી બહેરાશ મટે છે.
- અનાનસ અથવા સંતરાં ખાવાથી કરમ મટે છે.
- એક મુઠ્ઠી જેટલા ચણા રાત્રે સરકામાં પલાળી રાખી સવારે નરણા કોઠે આ ચણા ખાવાથી કરમ મટે છે.

### ખીલ

- મૂળાનાં પાનનો રસ ચોપડવાથી અઠવાડિયામાં ખીલ મટે છે.
- જાંબુના ઠળિયાને પાણીમાં ઘસીને ખીલ પર લગાડવાથી ખીલ મટે છે.
- દૂધની મલાઈ સાથે મીઢળ ઘસીને ખીલ પર લગાડવાથી ખીલ મટે છે.
- જાયફળને દૂધની મલાઈમાં ઘસીને ખીલ પર લગાડવાથી ખીલ મટે છે.
- નારંગીની છાલ ઘસવાથી ખીલ મટે છે.
- લીલા નાળિયેરનું પાણી રોજ પીવાથી અને થોડાક પાણીમાં મોં ધોવાથી ખીલ મટે છે.
- છાશ વડે મોં ધોવાથી ખીલના ડાઘા, મોં પરની કાળાશ દૂર થાય છે.
- રાત્રે સૂતી વખતે ગરમ પાણીમાં મોંઢું ધોવું, પછી ચારોળીને દૂધમાં ઘસી લેપ બનાવી મોઢા પર લગાવીને સૂઈ જવું. સવારના સાબુથી મોં ધોવું, આ પ્રયોગથી ખીલ મટે છે.
- નાળિયેરનું દૂધ કાળી જીરી સાથે મેળવી-લસોટી ખીલ પર લગાડવાથી ખીલ મટે છે.
- કાચા પપૈયાને કાપવાથી જે દૂધ જેવું પ્રવાહી નીકળે તે ખીલ ઉપર દરરોજ થોડા દિવસ લગાડવાથી ખીલ કાયમ માટે જડમૂળથી મટી જશે.
- ખૂબ પાકી ગયેલા પપૈયાને છોલીને, છૂંદીને તેની માલિશ મોઢા પર કરવી, પંદર-વીસ મિનિટ પછી તે સુકાઈ જાય ત્યારે પાણીથી ધોઈ નાખવું ને જાડા ટુવાલ વડે મોઢાને સારી રીતે લૂછીને જલદી કોપરેલ લગાડવું. એક અઠવાડિયા સુધી આ રીતે કરવાથી મોઢા પરના ખીલના ડાઘ મટે છે. મોઢાની કરચલીઓ અને કાળાશ મટે છે.
- તુલસીનાં પાનનાં રસમાં લીંબુનો રસ અથવા આદુંનો રસ ઉમેરી મોઢા ઉપર લગાડવાથી અને સુકાઈ ગયા બાદ પાણીથી ધોઈ નાખવાથી મોઢા પરના કાળા ડાઘ મટે છે.
- પાકા ટામેટાને કાપીને તેની ચીર ખીલ ઉપર ધીરે ધીરે લગાડીને થોડી વાર સુકાવા દો. ત્યારબાદ સહેજ ગરમ પાણીથી સાફ કરવાથી ખીલ મટે છે.
- ગરમ પાણીની તપેલીમાં રૂમાલનો ટુકડો ભીંજાવીને નીચોવી તેને મોઢા પર સાધારણ ગરમ હોય ત્યારે મૂકવાથી ખીલ મટે છે.
- લોબાન, સુખડ અને આમળાંનો પાઉડર મોઢા ઉપર ચોપડીને થોડાં સુકાયા બાદ લીમડાના પાન નાખી પાણીથી ધોવાથી ખીલ મટે છે.
- કાચી સોપારી અથવા જાયફળને પાણીમાં ઘસીને લગાડવાથી ખીલ મટે છે.

### કફ

- કાંદાનો ઉકાળો પીવાથી કફ મટે છે.
- અર્ધા તોલા જેટલું મધ દિવસમાં ચાર વાર ચાટવાથી કફ મટે છે.
- દોઢથી બે તોલા આદુંના રસમાં મધ મેળવી પીવાથી કફ મટે છે.
- તુલસીનો રસ ૩ ગ્રામ, આદુંનો રસ ૩ ગ્રામ અને એક ચમચી મધ સાથે લેવાથી કફ મટે છે.
- એલચી, સિંધવ, ઘી અને મધ ભેગાં કરીને ચાટવાથી કફ મટે છે.
- દરરોજ થોડી ખજૂર ખાઈ ઉપર પાંચ ઘૂંટડા ગરમ પાણી પીવાથી કફ પાતળો થઈને બહાર નીકળે છે અને ફેફસાં સાફ બને છે.
- આદુંનો રસ, લીંબુનો રસ અને સિંધવ મેળવી જમતાં પહેલાં લેવાથી કફ, શ્વાસ અને ઉધરસ મટે છે.
- દૂધમાં હળદર, મીઠું અને ગોળ નાખી ગરમ કરી પીવાથી કફ મટે છે.
- રાત્રે સૂતી વખતે ત્રણ-ચાર તોલા શેકેલા ચણા ખાઈ ઉપર પા શેર દૂધ પીવાથી શ્વાસ નળીમાં એકઠો થયેલો કફ નીકળી જાય છે. ■

# વરસાદની મોસમમાં ઝટપટ બની જતાં સ્વાસ્થ્યવર્ધક ટીંડા

સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક
feedback@bombaysamachar.com

ચોમાસામાં શાકભાજીને માણવાની એક અલગ મજા છે. તેમાં પણ વેલ ઉપર ઊગતાં શાકભાજી-પાણીદાર શાકભાજીનો સ્વાદ અદ્‌ભુત હોય છે. જેમ કે દૂધી, પરવળ, કાકડી, તુરિયા, ભોપલું, ગલકાં તથા ટીંડા. ટીંડા માટે એવું કહેવાય છે કે તે સ્વાદની સાથે સ્વાસ્થ્ય માટે ઉમદા છે. કેમ કે તેમાં પ્રોટીન, કાર્બોહાઈડ્રેટ, ફાઈબર, વિટામિન તેમજ ખનીજની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી છે. ઉનાળામાં તેમજ ચોમાસામાં તેનું શાક ખાસ બનાવવામાં આવે છે. ટીંડા બેબી પમ્પકીન કે ઍપ્પલ ગૉર્ડ તરીકે ઓળખાય છે. વેલ ઉપર સૌ પ્રથમ પીળાં ફૂલ આવે છે. ટીંડાના પાન ગોળાકાર હોય છે. ટીંડા દેખાવમાં આછા લીલા રંગના હોય છે. અંદરનો માવો સફેદ જોવા મળે છે. નાના બીજ હોય છે. જે કાઢી લેવાં. દૂધી જેવું અંદરથી હોવાથી તેને ચાખ્યા બાદ તેનું રસાવાળું કે કોરું શાક બનાવવામાં આવે છે. અનેક ગૃહિણી તેનું અથાણું બનાવે છે. તેનો રસ ત્વચા તેમજ વાળ માટે ગુણકારી ગણાય છે. કાકડીની જેમ તેમાં પાણીનું પ્રમાણ વધુ હોય છે. ૧૦૦ ગ્રામ ટીંડામાં ૯૩.૫ ગ્રામ પાણી સમાયેલું હોય છે.

ટીંડાને ભારતની વિવિધ ભાષામાં અલગ અલગ નામે ઓળખવામાં આવે છે. જેમ કે સંસ્કૃતમાં રોમશફલ કે ચિત્તગોદુમ્બા, મરાઠીમાં ઢેમશે, રાજસ્થાનમાં ટિંડસી, સિન્ધમાં દિલપસન્દ, મલયાલમમાં દેંડસે કે દિંડશી, વાનસ્પતિક નામ પ્રસિટ્રલસ્ ફિસ્ટુલોસ્સ છે. અંગ્રજીમાં તેને ઈન્ડિયન રાઉન્ડ ગૉર્ડ કહેવામાં આવે છે. ટીંડાના છોડના ફૂલ, ફળ તેમજ બીજનો ઉપયોગ ઔષધી તરીકે આયુર્વેદમાં ખાસ કરવામાં આવે છે. એવી પણ માહિતી જાણવા મળે છે કે ટીંડાના બીજનો ઉપયોગ યાદશક્તિ વધારવામાં મદદ કરી શકે છે. ટીંડાની ખેતી ભારતમાં ઉત્તર પ્રદેશ, પંજાબ, રાજસ્થાન તથા મહારાષ્ટ્રમાં મોટા પાયે કરવામાં આવે છે.



## સ્વાસ્થ્યવર્ધક લાભ

**વજનને નિયંત્રણમાં રાખવામાં લાભકારી :** ટીંડામાં કેલરીની માત્રા ઘણી ઓછી જોવા મળે છે. જેથી તેનો ઉપયોગ વજનને નિયંત્રણમાં રાખવા ઈચ્છતી વ્યક્તિ માટે ફાયદાકારક ગણાય છે. ટીંડામાં ફાઈબરની માત્રા ભરપૂર પ્રમાણમાં હોય છે. જેથી તેના સેવન બાદ લાંબા સમય સુધી ભૂખ લાગતી નથી. જે વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે.

**કબજિયાતમાં ગુણકારી :** ૧૦૦ ગ્રામ ટીંડામાં ૧.૬ ગ્રામ ફાઈબર હોય છે. તેમજ ૯૩.૫ ગ્રામ પાણી હોય છે. જેથી તેનું સેવન કરવાથી કબજિયાતની તકલીફથી વ્યક્તિ બચી શકે છે. પેટમાં લાંબા સમયથી જમા થયેલાં કચરાને બહાર કાઢવામાં મદદ કરે છે. ભોજન બાદ આફરો ચઢવો કે પેટ ફૂલી જવાની તકલીફ હોય તેમને માટે ટીંડાનો આહારમાં ઉપયોગ ઉત્તમ ગણાય છે.

**હૃદય સ્વાસ્થ્ય માટે લાભકારી :** હૃદયની તંદુરસ્તી જાળવવા માટે નિષ્ણાતો દ્વારા વારંવાર જાહેરમાં ભાર મૂકીને જણાવવામાં આવે છે કે કૉલેસ્ટ્રોલની માત્રા ઓછી હોય તેવો આહાર કે કડધાન્યનો ઉપયોગ કરવો જોઈએ. હૃદયની માંસપેશીમાં લોહીનું પરિભ્રમણ સુચારૂ રીતે થાય તે માટે ટીંડાનો આહારમાં ઉપયોગ ગુણકારી ગણાય છે.

**ત્વચા માટે ફાયદાકારક :** ટીંડામાં ઍન્ટિ-ઑક્સિડન્ટની માત્રા સમાયેલી હોય છે. જે ફ્રિ-રેડિકલ્સથી લડવામાં મદદ કરે છે. જેને કારણે ત્વચાની મુલાયમતા તેમજ ચમક જાળવવામાં મદદ મળે છે. ટીંડામાં વિટામિન ઈની માત્રા સમાયેલી છે. જે ત્વચાને મુલાયમ બનાવવાની સાથે મોઈશ્ચર જાળવી રાખવામાં મદદરૂપ બને છે. ત્વચા સંબંધિત વિવિધ સમસ્યાઓ જેવી કે ચહેરા ઉપર કાળા ડાઘ, ત્વચા સૂકી બનવી, બ્લૅક હેડસ્‌ની સમસ્યાથી છુટકારો મેળવવામાં મદદ કરે છે. ત્વચાની સાથે વાળ માટે ટીંડાનો આહારમાં સમાવેશ ગુણકારી ગણાય છે. કેમ કે તેમાં વિટામિન્સ તેમજ મિનરલ્સ સારા પ્રમાણમાં સમાયેલાં હોય છે. જે માથામાં ખંજવાળ, વાળ ખરવાં કે ત્વચા સૂકાઈ જવાની કે ખોડો થવાની સમસ્યાથી રાહત અપાવે છે.

**આંખો માટે લાભકારી :** ટીંડામાં ભરપૂર પ્રમાણમાં વિટામિન એ હોય છે. જે આંખો માટે લાભકારી ગણાય છે. કૈરોટીનૉઈડ, ઍન્ટિ-ઑક્સિડન્ટ, લ્યૂટિન, જૈક્સૈથિનની માત્રા સમાયેલી હોય છે. જેથી તેનું સેવન કરવાથી મોતિયાબિંદુની તકલીફને પાછળ ઠેલી શકાય છે.

**ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવામાં ગુણકારી :** ટીંડાનો ગ્લાઈસેમિક ઈન્ડેક્સ ઓછો છે. જેથી તેના સેવન બાદ લોહીમાં શર્કરાની માત્રા ઝડપથી વધી જતી નથી. ટીંડામાં ફાઈબર ભરપૂર પ્રમાણમાં હોવાને લીધે લોહીમાં શર્કરાની માત્રા ધીમે ધીમે ભળે છે. જેથી ડાયાબિટીસના દર્દીઓ માટે તે ઉત્તમ શાક ગણાવી શકાય.

**રોગપ્રતિકારક શક્તિ વધારવામાં લાભકારી :** ટીંડામાં વિટામિન સી તેમજ ઍન્ટિઓક્સિડન્ટની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. જે રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવવામાં મદદ કરે છે. ચોમાસામાં ઝડપથી ફેલાંતા ચેપી રોગથી રાહત મેળવી શકાય છે.

**કિડનીને ડિટોક્સ કરવામાં સહાયક :** ટીંડાનું સેવન કરવાથી શરીરમાં રહેલી ગંદકી પેશાબ દ્વારા સરળતાથી બહાર નીકળી જાય છે. કિડનીમાં પ્રવાહીને વધારે છે. જેને કારણે કિડનીમાં ગંદકી જમા થતી નથી. મૂત્રાશય તેમજ કિડનીની નળીને સ્વચ્છ રાખવામાં ટીંડાનું સેવન ગુણકારી ગણાય છે. હવે તો બારેમાસ ટીંડા મળી રહે છે. તેમ છતાં વરસાદી મોસમમાં તાજા ટીંડા ઉપલબ્ધ હોય ત્યારે સપ્તાહમાં ૩-૪ દિવસ તેનું સેવન કરવું જોઈએ.

### રસદાર શાક

**સામગ્રી:** ૨૫૦ ગ્રામ ટીંડા, ૩ નંગ ટમેટાં, ૪-૫ કળી લસણ, ૨ નંગ ડુંગળી ઝીણી સમારેલી, ૧ નાની ચમચી ખાંડ, ૧ નાની ચમચી લાલ મરચું, ૧ નાની ચમચી આદુંની કતરણ, ૧ નાનીચમચી કિચનકિંગ મસાલો, સ્વાદાનુસાર મીઠું, અડધી ચમચી આમચૂર પાઉડર, ૨ ચમચી ધાણાજીરું પાઉડર, ૧ નાનું દગડ ફૂલ, ૧ ચમચી વરિયાળીનો પાઉડર, ૧ ચમચી ઘી, દોઢ ચમચી તેલ. સજાવટ માટે કોથમીર.




**બનાવવાની રીત :** સૌ પ્રથમ ટીંડાને બરાબર વહેતાં પાણીમાં ધોઈ લેવાં. તેને સાફ કરીને તેમાં ચાર કાપ મૂકવા. તેને ધીમા તાપે તેલમાં સાંતળવા. ૫ મિનિટ બાદ તેલમાંથી કાઢીને એક બાઉલમાં રાખવા. હવે તે જ તેલમાં ટામેટાં તેમજ લસણને આખા જ સાંતળવા. ટામેટાં નરમ બને ત્યારબાદ તેની છાલ કાઢીને તેને પાંઉભાજી બનાવવાના ડટ્ટાથી એકરસ કરવું. તેમાં ઝીણાં સમારેલી ડુંગળી ઉમેરવી. ડુંગળી બરાબર સંતળાઈ જાય ત્યારબાદ ટીંડાને ઉમેરવાં. ધાણાજીરું, લાલા મરચું, દગડ ફૂલ, વરિયાળીનો પાઉડર સ્વાદાનુસાર મીઠું, કિચનકિંગ મસાલો, ભેળવવો. આમચૂર પાઉડર તથા ખાંડ ભેળવવી. શાકને બરાબર સીઝવવું, ટીંડા ગ્રેવીમાં એકરસ બની જાય ત્યારબાદ તેમાં ૧ ચમચી ચોખ્ખું ઘી ઉમેરવું. લીંબુનો રસ ભેળવીને બરાબર ભેળવી લેવું, કોથમીરથી સજાવીને સ્વાદિષ્ટ ગરમાગરમ શાક પરાઠા કે ફૂલકા રોટલી સાથે પીરસવું.

---

મોજની ખોજ
સુભાષ ઠાકર
feedback@bombaysamachar.com

# પોતાની આંખ કરતાં મોટાં સપનાં ન જોવાય...




જો ભાઈ, આ ઈશ્વર કૃપાથી શરીર મળ્યું એટલે માંદગીનો ડર પછી માંદગી આવે તો મરણનો ડર એમ ભણતરમાં પરીક્ષા પછી પરિણામનો ડર ને પરિણામ પછી ઍડ્‌મિશનનો ડર ને એ થયા પછી કેરિયરનો ડર... આમ ડરડરેડરાહામાં જિંદગી પૂરી. દરેક મા-બાપનું એક સપનું હોય છે કે મારું પ્રોડક્શન ડૉક્ટર, વકીલ કે અન્જિનિયર બને...

હમણાં મેં ચંબુને પૂછ્યુ : 'ચંબુ, તારું બારમું તો પતી ગયું, આગળ શું બનવાનો વિચાર છે?'

'અંકલ, વિચાર તો ઍડ્‌મિશન મળે તો સપનું તો ડૉક્ટર બનવાનું છે'

'ગુડ, પણ યાદ રાખ બેટા, આ સમાજ સપનાં ઘડવાની રજા આપે, પણ સાકાર કરવાનું પ્રૉમિસ આપતું નથી ને ઈશ્વર પણ જો બધાનાં ડૉક્ટર બનવાનાં સપનાં સાકાર કરવા બેસે તો દર્દી કરતાં ડૉક્ટરોનો રાફડો ફાટે ને ડૉક્ટરોએ ફેરિયા બની ઘરે-ઘરે દવા વેચવા નીકળીને બૂમો પાડવી પડે-

'એઈ... ઇ... ઈ છે કોઈને શરદી, તાવ, કોરોના કે માથાનો દુખાવોઓ... આવી ગઈ છે તમારા આંગણે કૅન્સરની અકસીર દવા. અને વકીલ બને તો પોતાની વાઇફ સામે જ છૂટાછેડાના કેસની સુનાવણી કરતાં ચંપાના બાપુને કહેતો હોત કે 'મીલૉર્ડ ચંપાબાપુ, મોંઘવારી અને મારા આર્થિક સંજોગો નબળા હોવાથી મારા અસીલ અને જીવનસાથી અને આપની પુત્રી ચંપાગૌરીને મારાથી છૂટા પડ્યા પછી કોઈ પણ પ્રકારનો ભરણપોષણનો ખર્ચ ચૂકવી શકું એવી હાલતમાં નથી, બલકે મારા મંદ ધંધાને કારણે ચંપાગૌરીએ કોઈના ઘરના કચરા-પોતાં કે કપડાં-વાસણનું કામ બાંધી યથાયોગ્ય રકમ ચૂકવવી જોઈએ, ધૅટ્‌સ ઑલ મીલૉર્ડ.'

જો બેટા, દરેકને પ્રતિષ્ઠાનો વિસ્તાર પહોળો કરવો છે. ક્યારેય કોઈ એમ બોલ્યું કે અમારા બાપદાદા મશહૂર ખીસાકાતરુ હતા, આ ટ્રેન કે બસમાં જે ખીસા કપાવાની ઝપટો બોલે છે એ અમારા વડવાઓની કેળવણી.

અરે કોઈ બોલ્યું કે મારી દીકરી માટે એક નંબરનો સરસ બેવડો, બદમાશ, ગુંડો કે મવાલી હોય તો જોજો. તારા આજના ઇન્ટરવ્યૂ બદલ શુભેચ્છા' એટલું બોલી હું નીકળી ગયો.

ચંબુએ ઇન્ટરવ્યૂ વખતે બ્રહ્મા - વિષ્ણુ - મહેશ નામના બેઠેલા ત્રણ ટ્રસ્ટી સામે સર્ટિફિકેટોની ફાઇલ મૂકી એના પર ઍડ્‌મિશનની ભીખ માટે માર્કશીટનું ભિક્ષાપાત્ર. ટ્રસ્ટીઓએ ફાઈલ જોતાં જોતાં પૂછ્યુ :

'ચંબુ, આમાં ડોનેશનનો ચેક ક્યાં છે?'

'ડોનેશનનો ચેક? સર મારા બાપુ નાનપણમાં ગુજરી ગયા પછી મારી બાએ પેટે પાટા બાંધી, લોહી-પાણી એક કરીને સરસ્વતી પૂજક બનાવ્યો પણ લક્ષ્મી તો રૂઠેલી જ રહી અને...'

'જો ભાઈ ચંબુ' બ્રહ્મા બોલ્યા 'આમ તો ચલાવી લેત પણ અમારી કૉલેજે હવે ડૉક્ટર, વકીલ કે એન્જિનિયરના કોર્સ બંધ કરીને મોંઘવારી, ચોરી, પેટ્રોલનો ભાવવધારો, ભ્રષ્ટાચારનો નવો કોર્સ આ વર્ષથી ચાલુ કર્યો છે એમાં ડોનેશન ફરજિયાત છે અને હવે ભ્રષ્ટાચારના કોર્સ પછી કૌભાંડમાં એમ.ડી... પછી તો રૂપિયાના ઢગલે ઢગલા, એટલે...'

'બરાબર સર, પણ મારા આગળના વિદ્યાર્થીને તો માત્ર ૪૫ હતા તોયે...'

'બરાબર, પણ ૪૫ ટકામાં એને ૮૫,૦૦૦ રૂપિયાનું ડોનેશન આપ્યું હતું ને તારા ૮૫ ટકામાં તુ ખાલી માત્ર ૪૫,૦૦૦નું ડોનેશન આપી શકીશ?'

'ડોનેશન શેનું સાહેબ, મને તો આ લાંચ - ભ્રષ્ટાચારનો પહેલો પાઠ લાગે છે. સર મારી ફાઇલ તો જુઓ. આ સ્પોર્ટનું સર્ટિફિકેટ, આ કલાકારનું, આ કરાટેનું, આ જુઓ સંગીતનું, આ ક્રિકેટનું, ને આ ચિત્રકારનું... સર, ડેથ સર્ટિફિકેટ સિવાય બાકીનાં બધાં છે, ને આ ચિત્ર જોયું?' એટલું બોલી ચંબુએ એક ચિત્ર ઉપર આંગળી મૂકી : 'સર, આ ચિત્રમાં જે રોટલી માટે તડપતું બાળક દેખાય છે તે હું છુ. બચપણમાં પડાવેલા ફોટા પરથી મેં જાતે દોર્યું છે. જુઓ સર, કેટલું મસ્ત છે... પ્લીઝ સર, તમે વિચારો તો ખરા મને આટલા માર્કે પ્રવેશ નઈ મળે તો હું ક્યાં જઈશ?'

'એ સવાલ તારો છે, અમારો નઈ,' ટ્રસ્ટી બોલ્યા.

'સર, મારી માનું પણ સપનું છે કે હું ડૉક્ટર બનું.'

'ઍગ્રી, પણ તું સમજ કે પોતાની આંખ કરતાં મોટાં સપનાં ન જોવાય.'

ચંબુ બે હાથ જોડી કરગરવા લાગ્યો, પણ ત્રણમાંથી એક પણ ટ્રસ્ટીની આંખમાં દયાનું ઝરણું ન ફૂટ્યું પણ ચંબુની આંખમાં આંસુનું ઝરણું ફૂટ્યું. ટ્રસ્ટીઓએ 'ચંબુ, નાઉ યુ કૅન ગો... નેક્સ્ટ' બોલીને એણે ચંબુને રવાના કર્યો.

ચંબુ જેવો ઇન્ટરવ્યૂ ખંડમાંથી બહાર નીકળ્યો ત્યાં એક કરોડપતિ શેઠિયાએ ચંબુના હાથનું ચિત્ર જોઈને પૂછ્યું 'બેટા, સરસ ચિત્ર છે, શું કિંમત છે?'

'ખૂબ મહેનત કરીને બનાવ્યું છે શેઠ, ફક્ત ૨૫,૦૦૦ રૂપિયા.'

'મોંઘું છે' શેઠ બોલ્યા 'કંઈક ઓછું કર.'

'શેઠ, યાદ છે? આજથી લગભગ દસ વર્ષ પહેલાં સ્ટેશન પર એક છોકરો પાણી આપતો હતો ત્યારે તમે પાણીનો ભાવ પૂછેલો ને ત્યારે એણે કીધેલું કે એક ગ્લાસના ૫૦ પૈસા. ને તમે બોલ્યા ૪૫ પૈસામાં આપ. ત્યારે એ બધું પાણી ઢોળીને બોલેલો, 'શેઠ, જેને તરસ લાગે છે એ ભાવ નથી કરતો. તમને તરસ જ નહોતી શેઠ... એ છોકરો બીજો કોઈ નઈ પણ હું જ હતો... ને આજે પણ કહું છું ચિત્ર ખરીદવાની તરસ લાગી હોય તો ભાવ ન કરો.' અને શેઠે ૨૫,૦૦૦ આપી ચિત્ર ખરીદી લીધું.

ઘરે જઈને માને આખી વાત કરીને હાથમાં ૨૫,૦૦૦ મૂક્યા તો મા બોલી, 'વાહ બેટા, તું મજબૂત છે, આવી સ્થિતિમાં પણ તૂટી ન ગયો.'

'જો મા, યાદ રાખ. મજબૂત માણસ ક્યારે તૂટી નથી પડતો, કારણ કે એ તૂટી તૂટીને જ તો મજબૂત બન્યો હોય છે.'

માની આંખમાં વૈતરણા છલકાયું. શું કહો છો? ■

---

આરોગ્ય પ્લસ
સંકલનઃ
સ્મૃતિ શાહ મહેતા
feedback@bombaysamachar.com

કાન-નાક-ગળાની સારસંભાળની શ્રેણી...

# કાનમાં જીવજંતુ

### કાનમાંથી જીવજંતુ કાઢવામાં રાખવાની સાવધાની

- જ્યારે કોઈ પણ જીવજંતુ કાનમાં ગયું હોય ત્યારે કાનમાં ટોર્ચ દ્વારા તેને જોવાનો પ્રયત્ન કરવો નહીં. કેમ કે ટોર્ચના પ્રકાશથી જીવજંતુ ડરીને કાનની અંદર વધારે ઊંડું જતું રહે છે. તેવી જ રીતે ચીપિયા દ્વારા પણ તેને બહાર કાઢવાનો પ્રયત્ન ન કરવો.
- જ્યારે કાનમાં કોઈ પણ પ્રકારનો અનાજનો દાણો જતો રહ્યો હોય ત્યારે કાનમાં પાણી નાખીને તેને બહાર કાઢવાનો પ્રયત્ન ન કરવો, કારણ કે, આમ કરવાથી તે દાણો ફૂલીને કાનમાં સોજો લાવી શકે છે.
- જો નીચે જણાવેલ ઉપચારો દ્વારા જીવજંતુ બહાર ન નીકળે તો પોતાની રીતે કાઢવાનો પ્રયત્ન ન કરતા, ચિકિત્સક પાસે યોગ્ય સારવાર લેવી.



### કાનમાંથી જીવજંતુ દૂર કરવાના ઉપચાર

૧. મધ અને તેલ ભેગાં કરી કાનમાં ટીપાં નાખવાં.

૨. સરસવનું તેલ, મધ, દિવેલ કે ઘી આમાંથી કોઈ પણના ટીપાં કાનમાં નાખી શકાય.

કાનની બહેરાશ

### કાનની બહેરાશનાં કારણ

- અવાજના પ્રદૂષણથી.

અચાનક જ કાનમાં વધુ પડતો અવાજ જવો. જેમ કે, સ્પીકરની નજીક જવાથી, ફટાકડા અને વાહનોના મોટા હોર્નવાળા અવાજો વગેરેથી...

- લાંબા સમય સુધી અને ઊંચા અવાજે ઈયરફોન-હેડફોન સાંભળવાથી.
- કાનમાં વધારે મેલ થવાથી, કાનમાં ઈન્ફેકશન થવાથી અથવા અમુક પ્રકારની દવાઓથી.
- થપ્પડ આદિ લાગવાથી કાનને ઈજા પહોંચવાથી.
- વધુ ઉંમર હોવાથી.

### કાનની બહેરાશના ઉપચાર

૧. તાજા ગૌમૂત્રના ૩-૪ ટીપાં ૧૫ દિવસ સુધી રોજ કાનમાં નાખવાં.

૨. કારેલાના બી તથા એટલા પ્રમાણમાં જીરું પાણીમાં વાટી, તેને ગાળીને તે રસના ૨-૩ ટીપાં દિવસમાં બે વાર કાનમાં નાખવાથી બહેરાશમાં ફાયદો થાય.



૩. વરિયાળીના પાઉડરને પાણીમાં ઉકાળી તેની વરાળ દુઃખતા કાન પર લેવાથી કાનની બહેરાશ, કાનનું શૂળ અને કાનમાં થતો અવાજ અટકે છે.

૪. રોજ બદામના તેલના ૨-૩ ટીપાં કાનમાં નાખવાં.

## કાનને લગતી અન્ય બીમારી

### કાનના સણકા અને દુઃખાવાના ઉપચારઃ

૧. રોજની બે અખરોટ ખાવાથી ૧૫ દિવસમાં કાનમાં આવતા સણકામાં રાહત થાય છે.

૨. આદુંનો રસ સહેજ ગરમ કરી કાનમાં નાખવાથી કાનનો દુઃખાવો, બહેરાપણું અને સણકા મટે છે.

૩. તુલસીના રસનાં ટીપાં કાનમાં નાખવાં.

૪. નાગરવેલના પાનનો રસ ગરમ કરી તેનાં ટીપાં નાખવાં.

૫. આંબાના પાનનો રસ ગરમ કરી તેનાં ટીપાં નાખવાં.

૬. મૂળાના પાનનો રસ સહેજ ગરમ કરી તેનાં ટીપાં કાનમાં નાખવાં.

૭. સરસિયું કે તલનું તેલ ગરમ કરીને કાનમાં તેનાં ટીપાં નાખવાં.

### કાનનો સોજો અને રસીના ઉપચાર

૧. સવાર-સાંજ ફુદીનાના રસના ૧-૨ ટીપાં કાનમાં નાખવાથી કાનની રસીમાં આઠથી દસ દિવસમાં રાહત થાય છે.

૨. તુલસીના રસના ટીપાં કાનમાં નાખવાથી કાનની રસી મટે છે.

૩. રોજ લીંબોળીના તેલના ગરમ ટીપાં કાનમાં નાખવાં.

૪. તેલમાં થોડી રાઇ વાટીને સોજા ઉપર બહારથી લેપ કરવાથી સોજો મટે છે.

૫. ફૂલાવેલી ફટકડી અને હળદર ભેગી કરી કાનમાં નાખવાથી કાન પાક્યો હોય અને રસી નીકળતી હોય તો તે મટે છે.

### નસકોરી ફૂટવી

- નાકની અંદર લોહીની અનેક સૂક્ષ્મ નળીઓ હોય છે. તે નળીઓ જ્યારે ફાટે અને લોહી બહાર આવે તેને નસકોરી ફૂટી કહેવાય છે.
- નસકોરી બે થી ૧૦ વર્ષ અને ૫૦ થી ૮૦ વર્ષના લોકોમાં વધુ થતી હોય છે.

### નસકોરી ફૂટવાનાં કારણ

- સૂકી હવા અને નાકની ગરમી વધી જવાથી.
- વધુ ઠંડા અથવા વધુ ગરમ વાતાવરણમાં રહેવાથી.
- એલર્જી કરનારા અમુક પ્રકારના કેમિકલનો યોગ થવાથી.
- ઊંચાઈ પર ચડવાથી, વારંવાર છીંક આવવાથી કે વધુ બ્લડપ્રેશર હોવાથી.
- નાકમાં વારંવાર આંગળી વગેરે નાખીને ખોતરવાથી.
- દારૂ કે સિગારેટનું વ્યસન હોવાથી.

## ફૂટેલ નસકોરીની તાત્કાલિક સારવાર

### ફૂટેલ નસકોરીના ઉપચાર

૧. ધાણાના રસના ૩-૪ ટીપાં નાકમાં નાખવાં.

૨. દૂધનાં ૩-૪ ટીપાં નાકમાં નાખવાં.

૩. જૂના ગોળમાં મરી અને દહીંને મેળવી પીવાથી નાકમાંથી લોહી નીકળતું બંધ થાય છે.

૪. જેને નસકોરીનો પ્રોબ્લેમ હોય તેને નાકમાં વેસેલીન કે લોશન લગાવવું, જેથી નાક કોરું ન પડી જાય.

૫. દાડમના ફૂલ પાણીમાં વાટીને તેનાં ટીપાં નાકમાં નાખવાં.


૬. ૧ કપ દૂધીનો રસ મધ અથવા સાકર સાથે પીવો.

૭. અરડૂસીના પાનના રસનાં ટીપાં નાકમાં નાખવાં અને તેનો ૨૫ મિ.લિ. રસ સાકરમાં મેળવીને પીવો.

૮. માથે ઠંડા પાણીની ધાર કરાવવી કે બરફનો ટુકડો માથે, કપાળે કે ગરદન ઉપર ઘસવો.

૯. માથે કાળી કે પીળી માટી પાણીથી પલાળી તેનો લેપ કરવો અથવા ભીની માટી સૂંઘવી.






‘ફીર ક્યોં વાપસ જા રહે હો?’

પાછા ચાલ્યા જવા માગતા સનતના પગ થંભી ગયા. ઘડીભર તો વિશ્વાસ જ ન બેઠો કે પેલી છોકરીએ પોતાને બોલાવ્યો. તેના અવાજમાં એક મોહિની હતી. સનતની આંખો સામે રંગીન પતંગિયાં ઉડાઉડ કરવાં લાગ્યાં. મીઠી હિન્દીમાં બોલાયેલા વાક્યમાં સમાયેલો જાદુ ઓસરે તે પહેલા જ પેલીએ હળવેથી પાછળ જોયું.

થોડીવાર પહેલા તે એવું વિચારતો હતો કે, આવી મુસાફરીમાં કોઈ કંપની હોત તો કેવું સારું. સનતને બોલવું હતું પણ શબ્દો મળતા ન હતા. જાણે સનતના મનમાં ચાલતા વિચારો જાણી ગઈ હોય તેમ પેલી છોકરી આખેઆખી પાછળ ફરીને ઊભી રહી. સનતની નજીક ઊભેલી છોકરીમાં કોઈ પ્રચંડ શક્તિ ધરાવતું ચુંબક હોય, અને પોતે ખેંચાઈ જવાનો હોય તેમ તેણે બોગીના એક પાટિયાને પકડી લીધો. ઝાંખા અજવાશમાં ફોટોજેનિક ચહેરો ધરાવતી છોકરી સનત સામે જોઈ રહી હતી. તેના કાનમાં મોટી રીંગ ઝૂલતી હતી. આંખો મોટી હતી અને વળી તેણે કાજળ આંજ્યું હતું. એ આંખોમાં જાદુ હતો. તે અત્યંત ઘાટીલી હતી પણ તે ગોરી નહીં, પણ જરા ભીનેવાન હતી. તેણે પહેરેલાં કપડાં, હેર સ્ટાઈલ, પગને બાંધી રાખતા દોરીવાળા બુટ, નાકમાં ઝબકતી હીરાવાળી ચુન્ની અને ચામડીનો રંગ. બધુંય મળીને તેનો લુક અંગ્રેજી થ્રીલર ફિલ્મની હીરોઈન જેવો લાગતો હતો. જરા ડાર્ક વ્હાઈટ પેન્ટ્માં તેણે ઈન કરેલા ગ્રે કલરના ટી શર્ટ પર બ્રાન્ડેડ કંપનીનો લોગો બરાબર છાતીના ઉભાર પર આવતો હતો. કપડાં પરથી તે કોઈ અમીર ઘરની હોય તેવું લાગતું હતું. સનત એય ભૂલી ગયો કે થોડીવાર પહેલા જ તેને કોઈ મહિલાની સામે સીગારેટ ન પીવાનો વિચાર આવ્યો હતો અને અત્યારે તે એક ખૂબસુરત છોકરી સામે સાવ બેશરમની જેમ તાકી રહ્યો હતો. કોના જેવી લાગે છે આ છોકરી? ક્યારથી યાદ કરવા મથી રહેલા સનતના મગજમાં અચાનક લાઈટ થઈ. યેસ્સ, યાદ આવ્યું. દૌડ ફિલ્મની હીરોઈન ઉર્મિલા માતોંડકરની જેવો એનો દેખાવ છે. એની હાઈટ પણ વધારે નથી. પણ તે અહીં શા માટે એકલી ઊભી હશે? શું તેને પણ મારી જેમ ઊંઘ ન આવવાની બિમારી હશે? થોડીવારમાં તો સનતના મગજમાંથી કેટલીય કલ્પનાઓ દોડી ગઈ. છોકરી અદબ વાળી અને ટટ્ટાર ઊભી રહી.

તેનાં પુરુષના જીન્સે જ તેને યાદ અપાવ્યું કે, સનત તું એક પુરુષ છો. પહેલ તારે કરવાની હોય. આગળ વધ. આવી તક વારંવાર આવતી નથી. આ ટ્રેન દિલ્હી પહોંચશે ત્યારે તારે ઉતરી જવાનું છે. સેંકડો પેસેન્જર્સ સાથે આ છોકરી પણ એના સ્ટેશને ઉતરી જશે. પછી તું રોજ આ ક્ષણને યાદ કરીને નિસાસા નાખીશ. કુદરતે જે તક ઊભી કરી છે તેને ઝડપી લે. થોડીવાર મીઠી વાતો થશે તોય તારું શું જશે? પેલી તારા બોલવાની વાટ જોઈ રહી છે. જાણે કોઈએ અંદરથી ધક્કો માર્યો. તેની ડગમગતી હિંમત સ્થિર થઈ. તેણે બેય હાથ ખીસ્સામાં નાખ્યા અને જરા આગળ ખસ્યો. છોકરીની આંખોમાં પોતાનું પ્રતિબિંબ પડે એટલો નજીક. તેના હોઠ પાછળ શબ્દોનું લશ્કર આવીને ઊભું રહી ગયું. પણ જીભ લંગડાઈ ગઈ. તેણે થોથવાતી જીભે જ કહ્યું, ‘આપ મતલબ આપને કહા કી.....’

‘હાં, મૈને કહા કી દો બાર યહાં આ કરકે વાપસ ક્યોં જા રહે થે? મેરા ડર લગા ક્યા?’ છોકરીના હોઠ પર એક સ્મિત આવ્યું.

‘નહીં, નહીં. ડર ક્યોં લગેગા? ઐસા લગા જૈસે આપ દૂસરી દુનિયા સે આઈ હો.’

‘અરે બાબા કોઈ દૂસરી દુનિયા હોતી તો હમને અબ તક ઢૂંઢ ન લી હોતી?’ આપ મુઝે યે બતાઈયે કી દો બાર આ કરકે વાપસ ક્યોં જા રહે થે?’

‘આપકી હિન્દી ભી આપકી તરહ બહોત મીઠી હૈ. હિન્દીભાષી હો ના?’

‘બિલકુલ નહીં. મૈં નીટ ગુજરાતી હું. કેમ છો, શું છે વાલી ગુજરાતી...’

‘અરે, તમે ગુજરાતી છો? ખરેખર વાત એમ છે કે હું સિગારેટ પીવા અહીં આવ્યો હતો.’

‘તો કેમ ન પીધી?’

સનતને લાગ્યું કે આ જેટલી દેખાવડી છે એટલી જ બોલવામાં પાવરધી છે. વળી છે પણ બોલ્ડ. જોઉં તો ખરો તે શું ઈચ્છે છે. તેણે પણ અબદવાળી અને બોગીનો ટેકો લઈને ઊભો રહેતા બોલ્યો, ‘પણ તમે પીઠ ફેરવી ઊભા હતા તો તમને કેમ ખબર પડી કે હું બીજીવાર અહીં આવ્યો છું?’

છોકરીએ એકદમ સનતની આંખોમાં આંખ નાખતા કહ્યું, ‘મહેરબાન ખૂબસુરત છોકરીઓની પીઠ પાછળ પણ આંખો હોય છે, અને હું ખૂબસૂરત છું.’

માય ગોડ, શું અંદાજ છે. સનતની હિંમત અને જીભ બેય ખૂલતા જતા હતા. તેણે પેલી છોકરી સામે અર્થપૂર્ણ રીતે જોઈ રહેતા કહ્યું, ‘વાહ તમે પહેલી એવી છોકરી છો જે ગર્વથી કહે છે કે હું સુંદર છું. પણ તમે ખરેખર સુંદર છો.’

‘લાગે છે તમને ગોરા રંગનું આકર્ષણ નથી. એવું ન હોત તો તમે મારા વખાણ ન કરત.’

‘કેટલીક વાતો યુનિક હોય છે. તમે જો ગોરા હોત તો કદાચ આટલા સુંદર દેખાતા ન હોત.’

‘વખાણ માટે તમારો આભાર પણ તમે એટલા હિંમતવાન પણ નથી, જેટલા આ ઉંમરમાં હોવા જોઈએ.’

એ રૂપાળી છોકરીએ સનતના મર્મસ્થાન પર ઘા કર્યો. કોઈ બીજા વ્યક્તિએ આવું કહ્યું હોત તો એને જરૂર ગમ્યું ન હોત. પણ અત્યારે સંજોગ જુદા હતા. અને આમ તો તેણે સાચું જ કહ્યું છે. સનતે હસી પડતાં કહ્યું, ‘તમે એકદમ સાચું કહ્યું, હું નિર્ણય લેવામાં કાચો છું. પણ તમને કેમ ખબર પડી કે મારામાં હિમત નથી?’

છોકરી અવાજ ન થાય તેવું હસી પડી. તેણે સનતની આંખમાં આંખ નાખીને કહ્યું, ‘જો હિંમત હોત તો અત્યાર સુધીમાં સિગારેટ સળગાવી હોત. શું તમે હજુ મારી પરમિશનની રાહ જોઈ રહ્યા છો?’

આ છોકરી ધીરે ધીરે આગળ વધી રહી હતી, એટલું જ નહીં પોતે એનાથી કાચો પુરવાર થતો જતો હતો. એને અફસોસ થયો કે કારણ વગર અત્યાર સુધી આ છોકરીની શરમ રાખીને સિગારેટની તલબને દબાવી બેઠો હતો અને આ સામેથી પોતાને સિગારેટ પીવા ઉશ્કેરી રહી છે. એને સીગારેટની તો આદત નહીં હોય ને? આજકાલની મોર્ડન છોકરીઓ સિગારેટ પીતી હોય છે. પણ સીધેસીધી ઓફર કેમ કરાય. હશે જવા દો, એને પીવી હશે તો સામેથી માગશે. તેણે સિગારેટ અને લાઈટર કાઢવા ખીસ્સામાં હાથ નાખ્યો. એના મોં પર જરા વિચિત્ર ભાવ આવી ગયા.

‘કઈ બ્રાન્ડ પીઓ છો તમે?’

વાત એકદમ દિલચસ્પ મોડ પર જઈ રહી હતી. સીચ્યુએશન આપોઆપ ક્રીએટ થતી જતી હતી. સનતને લાગ્યું, આજે જરૂર કંઈક નવાજૂની થવાની છે. જો કંપનીએ મને સેમીનારમાં ભાગ લેવા દિલ્હી ન મોકલ્યો હોત તો હું આ ટ્રેનમાં ન હોત અને જો ટ્રેનમાં ન હોત તો આ અદ્‌ભુત છોકરીનો મેળાપ થયો ન હોત. આ જુદી માટીની છે, જરા હટકે છે. આવી છોકરી હજુ સુધી પરિચયમાં જ નથી આવી. તેણે મનોમન કહ્યું, હે, મોટરમેન તારી ટ્રેન જરા ધીરે ચલાવ, ભલે મોડું થતું. હે ઈશ્વર તું સૂરજને રોકી રાખ. ભલે સવાર મોડું પડતું. મારે આ ચુલબુલી છોકરી સાથે ઘણી બધી વાતો કરવી છે અને જો એ હા પાડે તો મારે એની સાથે એ જ્યાં કહે ત્યાં ચાલ્યા જવું છે. સનતના તતફફ થતા શબ્દો શિસ્તબધ્ધ સૈનિકોની જેમ કતારમાં ગોઠવાઈ ગયા. ડરી ગયેલા હરણાંની જેમ આમતેમ ભાગતા વિચારો એક ઠેકાણે આવીને ઊભા રહ્યા. તેને લાગ્યું આ સામે ઊભી છે તે મારી છે, અગર મારી નથી તો મારી બનાવી લેવી છે. કોણ કહે છે કે મારામાં હિંમત નથી. અરે, હુંય પુરુષ છું, મારી છાતી પણ ગજવેલની છે. તેણે હાથ ખીસામાં જ રાખીને જરા આંખો પહોળી કરતાં કહ્યું ‘લાગે છે તમને સિગારેટની બ્રાન્ડ વિશે ખાસ્સું જ્ઞાન છે. હું ગોલ્ડ ફ્લેક પીઉં છું.’

‘એમા ખરાબ લગાડવાની વાત ક્યાં આવી? જોકે મને સિગારેટના ધુમાડાની સુગંધ પરથી જ એની બ્રાન્ડની ખબર પડી જાય છે’ કહીને તેણે મારકણું સ્મિત ફેંક્યું. સનતે અદાથી સીગારેટ સળગાવી. એક નશો તેના હાથમાં હતો અને બીજો તેની સામે હતો. તેને હવે બીજા નશાની ઈચ્છા જાગી હતી. તેણે પોતાના ગાલ પર લાઈટર ઘસતાં કહ્યું ‘વેરી ઈન્ટરેસ્ટીંગ, પણ આ જ્ઞાન તમને ક્યાંથી મળ્યું?’

‘ઘરમાંથી જ. ઘરના બધા જ પુરુષો સ્મોકર છે. મારા દાદા, મારા પિતાજી, બંને ભાઈ, એ બધા જ સિગારેટ પીએ છે. વળી બધાની પસંદ અલગ અલગ છે.’

‘શું કહું તમને? હું પહેલીવાર એવી ગુજરાતી છોકરી જોઈ રહ્યો છું જે સિગારેટના ધુમાડાની મજા લે છે.’

‘એમાં નવાઈની કઈ વાત છે? નશો કરવો પુરુષનો સદીઓ જૂનો શોખ રહ્યો છે. દુનિયાના તમામ દેશોમાં પુરુષોને કોઈને કોઈ નશાની આદત છે જ. એવું લાગે છે જાણે નશો જ પુરુષની ઓળખ છે.’

‘વાહ, શું વાત છે, તમને સિગારેટના ધુમાડાની ચીડ નથી? મતલબ મોટાભાગની સ્ત્રીઓને સિગારેટ કે બીડીના ધુમાડા ગમતા હોતા નથી.’

‘હા હોય છે પણ હું સ્ત્રી નથી સમજ્યા? તમે સિગારેટ પીઓ, મજાથી પીઓ.’

સનતના મોં પર એક જુદા પ્રકારનો રંગ આવી ગયો. તેણે એશ ખંખેરતા કહ્યું, ‘તમારા વિચારો ખરેખર જુદા છે. મને તો હજુ એ વાતની નવાઈ લાગે છે કે તમે ગુજરાતી છો. આવી ગુજરાતી છોકરી હજુ મારા જીવનમાં આવી નથી.’

‘અચ્છા તો હું ગુજરાતી છું એ જાણીને ક્યાંક તમારા વિચારો બદલ્યા નથી ને?’

‘મતલબ? હું સમજ્યો નહીં’ કહીને સનત છોકરીની સામે જોઈ રહ્યો.

‘કશું નહીં’ કહીને છોકરીએ ખુલ્લા દરવાજાની બહાર જોયું. મોટરમેને લીવર છોડી દીધું હોય એવું લાગ્યું. ટ્રેનની ગતિ ધીમી થઈ રહી હતી. સનતના મોં પર ચમક વિસ્તરતી જતી હતી.

(ક્રમશઃ) ■

‘ મહેરબાન, ખૂબસૂરત છોકરીઓની પીઠ પાછળ પણ આંખો હોય છે, અને હું ખૂબસૂરત છું... માય ગોડ, શું અંદાજ છે છોકરીનો! ’




વાર્તાકાર- નવલકથાકાર- નિબંધકાર એવા માવજી મહેશ્વરીએ શિક્ષક તરીકે લાંબી સેવા આપ્યા બાદ સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ હાલ એ અંજાર ખાતે રહે છે. ગુજરાતી ટૂંકી વાર્તામાં પોતાની આગવી ઓળખ ધરાવતા માવજી મહેશ્વરી ગુજરાતના ગણમાન્ય નવલકથાકાર-નિબંધકાર તરીક નામના ધરાવે છે. એમનું સાહિત્ય હાલ ગુજરાતની પાંચ યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં ચાલી રહ્યું છે. એમની વાર્તાઓનાં અનુવાદો ભારતની વિવિધ ભાષાઓમાં થયેલાં છે કચ્છ અને કચ્છના લોકજીવન વિશે અધિકારિતાપૂર્વક બોલી શકે એટલો ઊંડો અભ્યાસ ધરાવે છે. મૂળ લોકસંગીતના જીવ છે અને એમણે પોતે લોકસંગીતના જાહેર કાર્યક્રમોમાં કામ કર્યું છે.

૩૦ પુસ્તકના સર્જક એવા માવજીભાઈને એમના બહોળા સાહિત્યિક પ્રદાન માટે અનેક પ્રતિષ્ઠિત પારિતોષક એનાયત થયાં છે.

# લિપોમા - ચરબી કે પ્રોટીનની ગાંઠ

**આહારથી આરોગ્ય સુધી**

ડૉ. હર્ષા છાડવા
feedback@bombaysamachar.com



શરીરમાં રોગ એક વિશેષ અસામાન્ય સ્થિતિ છે જે કોઈ જીવના સંપૂર્ણ કે આંશિક ભાગની સંરચના અથવા કાર્યને પ્રતિકુલ રૂપથી પ્રભાવિત કરે છે. રોગો એ વિશિષ્ટ લક્ષણો અને સંકેતો સાથે જોડાયેલી ચિકિત્સીય સ્થિતિના રૂપમાં ઓળખાય છે. રોગ બહુ બાહ્ય કારણો કે આંતરિક વિકારોને કારણે થઈ શકે. પ્રતિરક્ષા પ્રણાલી ખોરવાતા આંતરિક વિકારોથી ઘણાંય પ્રકારના રોગ ઉત્પન્ન થાય છે. રોગના કારણે વ્યક્તિ શારીરિક અને માનસિક રૂપથી પ્રભાવિત થાય છે. રોગના કારણે જીવન પ્રત્યે તો દૃષ્ટિકોણ બદલાઈ જાય છે. તેથી નાના કારણો ઉત્પન્ન થતાં જ રોગ પ્રત્યે જાગૃત રહેવું જરૂરી છે. ઘણાંય રોગ બહુ મુશ્કેલી આપતા નથી પણ શારીરિક રચનાને અવ્યવસ્થિત કરી નાખે છે. આવો જ એક રોગ કે વ્યાધિ છે લિપોમા.

લિપોમા ને ચરબીની ગાંઠો કે પ્રોટીન ગાંઠો પણ કહે છે. આ એક સ્થિતિ જે ધીમી ગતિથી વધે છે સોમ્ય ગાંઠો કે ટ્યૂમર છે, જે વસાની કોશિકાથી બને છે. (તેને ફેટી ટીસ્યુ પણ કહેવાય) ચિકિત્સીય ભાષામાં ચરબી પણ કહેવાય. આ શરીરમાં ક્યાંય પણ વિકસિત થાય છે. ત્વચાની નીચે ગોળી કે અંડાકાર આકારમાં ગાંઠ થાય છે. તેને અડવાથી સરળતાથી હલે છે. આમાં દુખાવો નથી થતો. આ અનુવંશિક કારણ પણ હોય છે.

લિપોમાના પ્રકાર - સુપરફિશિયલ સબક્યુર્ટોન યસ લિપોમા આ એક સામાન્ય પ્રકાર છે. ત્વચાની નીચે અને સરળતાથી હલે છે. ખૂબ જ નરમ હોય છે. એન્જીયો લિપોમા આમાં દુખાવો થાય છે. ફેટ રક્તવાહિનીઓ સાથે જોડાયેલી હોય છે.

કન્વેશનલ લિપોમા આ એક સામાન્ય પ્રકાર છે જે સફેદ વસા કોશિકા (હવે વાઈટ ફેટ સેલ).

ફાઈબ્રો લિપોમા - આ વસા અને ફાઈબ્રોસ ટીશ્યુથી બનેલી છે.

હાઈબરનોમા - આ ભૂરી વસા કોશિકાથી (બ્રાઉન ફેટ સેલ)થી બનેલી છે.

માયલો લિપોમા- વસા અને રક્તકોશિકા બનાવતા ટીશ્યુની બનેલી હોય છે.

સ્પિડલ સેલ લિપોમા - આ ગર્દન કાંધા અને પીઠ પર હોય છે. લાંબી હોય છે જે સેલ અને કોલાજનથી બનેલી છે.

પ્લિયોમોફિક લિપોમા - અલગ અલગ આકારની વસા કોશિકામાં થાય છે.

લિપોમાને રોકવી થોડી મુશ્કેલ છે પણ સતત ધ્યાન રાખવાથી મટાડી શકાય છે. દવાઓથી આનો ઉપચાર લગભગ થતો નથી. જીવનશૈલીમાં બદલાવ વસાને સંયમિત કરવાથી આને રોકી શકાય છે. ઘણાં ઘણાં ચિકિત્સક આનો ઉપચાર સ્ટેરોઈડ ઈન્જેકશન કે દવાઓથી કરે છે પણ આ સ્વાસ્થ્ય માટે જોખમી સાબિત થયું છે. લિપોમા ને સર્જરીથી પણ દૂર કરી શકાય છે. પણ જીવનશૈલીમાં બદલાવ જરૂરી છે. ઘણાં જોખમી લિપોમા પર ધ્યાન દેવું જરૂરી છે. જેમકે ઓડિનોસિસ ડોલેરોસા (ડેર્કમડીસીસ) આ એક દર્દનાક લિપોમા છે. અન્ય કાઉડેનસિંડ્રોમ, ગાર્ડનર સિંડ્રોમ, મેકેલુંગ ડીસીસ, બન્નાયન રાઈલી રુવાલ્કાબા સિડ્રોમ સામાન્ય રીતે આ પરિસ્થિતિનો રેશિયો ખૂબ ઓછો છે. ઘણીવાર સર્જરી પછી પણ લિપોમા થાય છે. આના થવાનાં કારણો પર ધ્યાન આપવું જરૂરી છે. આધુનિક જીવનશૈલી તેમ જ આનુવાંશિક કારણો જવાબદાર છે. લિપોમા આખા શરીર પર ગમે ત્યાં થાય છે. માથા પર ઘણીવાર એક જ પણ મોટી ગાંઠ હોય છે. ગાલ પર અને ગળા પર પણ મોટી ગાંઠ થાય છે. ઘણીવાર આખા હાથ અને પગ પર નાની નાની ગાંઠો જે હલતી હોય છે તે વધુ પરેશાન નથી કરતી. હાથ-પગનો દેખાવ થોડા બેડોળ લાગે છે.

લિપોમા થવાના મુખ્ય કારણોમાં ગ્લુકોઝ ઈન્ટોલસ (શરીરમાં સુગરનું પ્રોસેસ બરાબર રીતે ન થવું) સુગરી ડ્રીંક વધુ પ્રમાણમાં મીઠાઈ અને તળેલા ફરસાણ જે રિફાઈન્ડ તેલ કે નકલી ઘીથી બને છે. આઈસક્રીમમાં ઘણીવાર પામતેલ કે નકલી ઘી નાખે છે તેનાં કારણો પણ હોઈ શકે છે. વધુ પડતી બેકરી પ્રોડક્ટ્સના કારણે ગ્લુકોઝ ઈન્ટોલસ થાય ત્યારે પણ આ ગાંઠો થાય છે. આલ્કોહોલના સેવનના કારણે, ઘણીયે ખાદ્ય - આઈટમોમાં અલ્કોહોલનો ઉપયોગ થાય છે. લિવર ડીસીસના કારણે પણ ગાંઠો થાય છે. જેમકે ફેટી લીવર.

ઓબેસીટી (મોટાપા)ના કારણે પણ ગાંઠો થાય છે. કબજિયાતવાળા રોગ જ્યારે ખૂબ જ ઓબેસીટી (જાડાપણું) થાય ત્યારે પણ ઘણીવાર ગાંઠો જોવા મળે છે. ઘણીયેવાર આ વધુ પડતા ઈંડા ખાવાના કારણે થાય છે. ઈંડાના કારણે એવિડીન બગડતાં ગાંઠો થાય છે અને ઘણીવાર પહોળા જેવા ફોલ્લા પણ નીકળે છે. બાહ્ય ખાદ્ય-પદાર્થમાં ઘણીવાર ઈંડાનો ઉપયોગ થાય છે.

ઉપચાર કરવા બહુ સરળ છે. જીવનશૈલીમાં બદલાવ સફેદ સાકર કે અન્ય મીઠાઈઓ બંધ કરી દેવી. રિફાઈન્ડ તેલ, કે ઘી ન ખાવા. સુગર અને ઓબેસીટીને કાબૂમાં રાખવું. ખાવામાં ખાટા ફળોનો ઉપયોગ વધારી દેવો. કાચા પપૈયાનું શાક, ચટણી, કચુંબર, રસ લઈ શકાય છે. કેળા દાંડાનો ઉપયોગ કરવો. કોકમ, ગોરખઆમલી, મલબાર આમલી, આમલી, આંબલીના પાનની ચટણી, કોઠું, કમરખ જેવી ખાદ્ય વસ્તુઓનો વપરાશ કરવો. કયા પ્રકારનો લિપોમા છે તે મુજબ વસ્તુઓનો ઉપયોગ ચિકિત્સીય સલાહથી લેવો.

જોખમી પ્રકારના લિપોમા થયા હોય તો ચિકિત્સીય સલાહ મુજબ ખાનપાનમાં બદલી કરીને આનાથી છૂટકારો મેળવી શકાય છે. આના માટેની દવાઓ હજુ કામ કરે છે એવું મેં ક્યાંય જોયું નથી. મારી પાસે આવતા દર્દીને પણ ખાન-પાનમાં બદલાવથી ઘણી રાહત મળે છે.

ઘણીવાર સામાન્ય બદલાવથી પણ આ ગાંઠો વધતી રોકી શકાય છે. ગાંઠો બહુ આગળ વધે ત્યારે બીજી વ્યાધિઓ પણ થવા લાગે છે. આનુવાંશિક ગાંઠો પણ આગળ વધતી રોકી શકાય છે. રોકવી પણ જરૂરી છે. ■

# આ જ છે અસલી હેર બ્યુટી

**સ્કેલ્પ હેલ્થ**

રેખા દેશરાજ
feedback@bombaysamachar.com



લાંબા, ઘટ્ટ અને ચમકદાર વાળની ચાહત કોઈ નવી નથી. સદીઓથી વાળને સુંદરતા, આત્મવિશ્વાસ અને વ્યક્તિત્વનો એક મહત્ત્વપૂર્ણ ભાગ માનવામાં આવે છે, પરંતુ રસપ્રદ વાત એ છે કે હવે બ્યુટી ઇન્ડસ્ટ્રીનું ફોકસ માત્ર વાળની લંબાઈ અને ચમક સુધી જ મર્યાદિત નથી રહ્યું, બલ્કે ‘સ્કેલ્પ હેલ્થ’ જ વાળની અસલી સુંદરતા અને સ્વાસ્થ્યનો નવો ટ્રેન્ડ બનીને ઊભર્યો છે. એટલા માટે જ આજકાલ વાળની સમસ્યાઓ પર સ્કેલ્પ હેલ્થની ચર્ચા સામાન્ય થઈ ગઈ છે, તો ચાલો જાણીએ કે આખરે સ્કેલ્પ હેલ્થ શું છે?

## શું છે સ્કેલ્પ હેલ્થ?

સ્કેલ્પ એટલે કે આપણા માથાની ત્વચા, જ્યાંથી વાળ ઊગે છે. તેથી જો આ ત્વચા સાફ, સંતુલિત, ભેજયુક્ત અને સ્વસ્થ હશે તો એ ગૅરંટી છે કે વાળ મજબૂત અને સારા થશે, પરંતુ જો માથાની ત્વચામાં વધુ પડતું તેલ હશે, ડેન્ડ્રફ હશે, ડ્રાયનેસ અને ઇન્ફેક્શન હશે અથવા બ્લડ સર્ક્યુલેશન ઓછું હશે તો ચોક્કસપણે વાળની અનેક પ્રકારની સમસ્યાઓ ઊભી થશે. આવી સ્થિતિમાં વાળના મૂળ નબળા થવા લાગે છે અને બીજી પણ ઘણી સમસ્યાઓ ઊભરીને સામે આવે છે. આ જ કારણે હવે નિષ્ણાતો વાળની સમસ્યાઓને ‘હેર પ્રૉબ્લેમ’ના બદલે ‘સ્કેલ્પ પ્રૉબ્લેમ’ તરીકે જોવા લાગ્યા છે અને તેના નિવારણ માટે માથાની ત્વચાને સ્વસ્થ બનાવવાનો નસખો જણાવી રહ્યા છે.

## અચાનક કેમ વધ્યો આનો ટ્રેન્ડ?

કારણ કે યુવાનોમાં તણાવ, પ્રદૂષણ, ખરાબ ખાણીપાણી અને હૉર્મોનલ અસંતુલનને કારણે હેર ફૉલની સમસ્યા ખૂબ જ વધી ગઈ છે અને આ સમસ્યા સામાન્ય શૅમ્પૂથી દૂર થતી નથી.

જે રીતે લોકો ચહેરાની ત્વચા માટે ક્લીનિંગ, મોઇશ્ચરાઇઝિંગ અને સન પ્રોટેક્શનનો સહારો લઈ રહ્યા છે, તેવી જ રીતે હવે વાળ માટે પણ ‘સ્કેલ્પ કૅર’ જેવો વિચાર જરૂરી બની ગયો છે. એટલા માટે માત્ર વાળ ધોવા પૂરતા નથી, પરંતુ સ્કેલ્પની સફાઈ, પોષણ અને સંતુલન પણ જરૂરી બની ગયું છે.

આજની ભાગદોડ ભરી જિંદગી, પૂરતી ઊંઘનો અભાવ, તણાવ અને માનસિક થાક આ બધાની વાળ પર અસર પડી રહી છે. આ જ કારણે આજકાલ ‘સ્કેલ્પ મસાજ’ ખૂબ જ લોકપ્રિય થઈ રહ્યો છે.

## સ્કેલ્પ માઇક્રોબાયોમ છે અસલી વિલન

આજકાલ બ્યુટી ઇન્ડસ્ટ્રીમાં ‘સ્કેલ્પ માઇક્રોબાયોમ’ શબ્દ પણ ખૂબ લોકપ્રિય થયો છે, કારણ કે આપણી સ્કેલ્પ પર પણ લાખો સૂક્ષ્મ જીવો હોય છે, એ જો સંતુલિત રહે તો સ્કેલ્પ સ્વસ્થ રહે છે; પરંતુ જો વધુ પડતા કેમિકલ, વારંવાર કરવામાં આવતી હેર સ્ટાઇલિંગ અથવા ખોટાં ઉત્પાદનોના કારણે તેમનું સંતુલન બગડી જાય તો વાળની અનેક સમસ્યાઓ ઊભી થાય છે. એટલા માટે જ હવે માઇલ્ડ અને સ્કેલ્પ ફ્રેન્ડ્લી ઉત્પાદનોની માગ વધી છે. સાથે જ, સ્કેલ્પની નિયમિત સફાઈ અને તેલની હળવી મસાજની સાથે-સાથે વાળના સ્વાસ્થ્ય માટે હવે પૌષ્ટિક ખોરાક પણ જરૂરી બની ગયો છે જેમાં પ્રોટીન, આયર્ન, ઓમેગા-૩ અને વિટામિન્સ યોગ્ય માત્રામાં હાજર હોય.

આની સાથે એ વાતનું ધ્યાન રાખવું પણ જરૂરી છે કે આ બધું માત્ર મહિલાઓના વાળ માટે જ નહીં, પરંતુ પુરુષોના વાળના સ્વાસ્થ્ય માટે પણ એટલું જ જરૂરી છે, કારણ કે તાજેતરનાં વર્ષોમાં પુરુષોમાં ટાલ પડવાની સમસ્યા પહેલાં કરતાં ઘણી વધી ગઈ છે. ડેન્ડ્રફ અને હેર ક્લીનિંગની સમસ્યાથી પુરુષો પણ મહિલાઓની જેમ જ પરેશાન છે.

સ્કેલ્પ હેલ્થ એ કોઈ સામાન્ય બ્યુટી ટ્રેન્ડ નથી, પરંતુ માથાની ત્વચા પ્રત્યે વધેલી જાગૃતિ છે, કારણ કે લોકો હવે એ વાત સમજવા લાગ્યા છે કે વાળની અસલી સુંદરતા તેમની બહારની ચમકમાં નહીં, પરંતુ તેમના મજબૂત મૂળમાં છુપાયેલી છે. ■




# ફિફા વર્લ્ડ કપમાં પણ ડૉનલ્ડ ટ્રમ્પની ‘દાદાગીરી’

## પ્રમુખ કહે છે, ‘હા, મેં અમેરિકન ફૂટબોલરનું રેડ કાર્ડ પાછું ખેંચાવડાવ્યું’: ટ્રમ્પે વર્લ્ડ કપના ઈતિહાસમાં ૬૪ વર્ષનો વિક્રમ તોડાવ્યો

સીએટલ (અમેરિકા): ચાર મહિનાથી ઇરાન સાથેના યુદ્ધના મુદ્દે અનેક તબક્કે અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની મનમાની આખી દુનિયાએ જોઈ અને હવે તેમણે પોતાના દેશમાં રમાતા ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપમાં પણ એક નિર્ણય લેવડાવીને પોતાનું ધાર્યું કરાવડાવ્યું છે. અમેરિકાના ફૂટબોલર ફૉલારિન બલોગનને જે રેડ કાર્ડ બતાવવામાં આવ્યું એ ટ્રમ્પે પાછું ખેંચાવડાવ્યું છે. તેમણે ફિફાનો સંપર્ક કરીને આ ફેરફાર કરાવ્યો હોવાની વાતને ટ્રમ્પે પુષ્ટિ આપી હતી.

આ વખતની ટૂર્નામેન્ટમાં અમેરિકા વતી બલોગને સૌથી વધુ ત્રણ ગોલ કર્યા છે. બુધવારે બોસ્નિયા ઍન્ડ હર્ઝેગોવિના સામેની મૅચમાં બલોગને ૪૫મી મિનિટના ગોલ સાથે અમેરિકાને ૧-૦થી સરસાઈ અપાવી હતી. જોકે પછીથી એક ફાઉલ બદલ બલોગનને રેફરીએ વીડિયો રિવ્યૂ જોયા બાદ રેડ કાર્ડ બતાવ્યું હતું. પરિણામે, અમેરિકાની ટીમ ૧૧માંથી ૧૦ની થઈ ગઈ હતી. જોકે મલીક ટિલ્મૅનના ૮૨મી મિનિટના ગોલની મદદથી અમેરિકાએ છેવટે ૨-૦થી વિજય મેળવ્યો હતો.



બલોગન (જમણે)નું ફાઉલ વિવાદાસ્પદ બન્યું હતું. (એ. પી.)

### ફિફાના ચીફને ફોન કરીને પ્રતિબંધ પાછો ખેંચાવડાવ્યો

જોકે બલોગનનું ફાઉલ (મેદાન પરનો ગુનો) ગંભીર ન હોવા છતાં તેને રેડ કાર્ડ બતાવવામાં આવ્યું હોવાની અમેરિકાની ટીમની દલીલ હતી. રેડ કાર્ડ બતાવાતાં બલોગનને મંગળવારની બેલ્જિયમ સામેની પ્રી-ક્વૉર્ટર ફાઇનલ (મંગળવારે પરોઢિયે ૫.૩૦)માંથી બાકાત કરવામાં આવ્યો હતો. જોકે એ.પી.ના એક અહેવાલ મુજબ પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ફેડરેશન ઇન્ટરનૅશનલ દ ફૂટબૉલ અસોસિયેશન (ફિફા)ના પ્રમુખ જિયાની ઇન્ફેન્ટિનોને ફોન કરીને બલોગન પરનું રેડ કાર્ડ પાછું ખેંચાવી લેવા કહ્યું હતું અને એ પાછું ખેંચાયું છે જેને પગલે તેને બેલ્જિયમ સામેની મૅચમાં રમવાની છૂટ મળી હતી.

### અમેરિકાની ટીમને બસમાં જાણ થઈ

આ ફેરફારથી બેલ્જિયમની ટીમ તરફથી ટીકાનો વરસાદ થયો છે. આ ટીમ બલોગન વિશેના નિર્ણયની ફેરબદલ સામે અપીલ કરશે. કોઈ વર્લ્ડ કપમાં કોઈ ખેલાડીને રેડ કાર્ડ બતાવવામાં આવ્યું હોય, પણ એ કાર્ડ મળવા છતાં એ ખેલાડી પછીની મૅચમાંથી સસ્પેન્ડ ન થયો હોય એવું ૧૯૬૨ની સાલ પછી (૬૪ વર્ષે) પહેલી વખત બન્યું છે. અમેરિકાની ટીમના ખેલાડીઓ રવિવારે પ્રૅક્ટિસ માટે તેમની હૉટેલથી રવાના થઈને વૉશિંગ્ટનના સૉકર સ્ટેડિયમ પર જઈ રહ્યા હતા ત્યારે બસમાં તેમને બલોગન પરનું સસ્પેન્શન પાછું ખેંચાયું હોવાની સોશ્યલ મીડિયા પર જાણ થઈ હતી. પછીથી અમેરિકાના સ્ટાર ખેલાડી ક્રિશ્ચિયન પુલિસિચે કહ્યું, ‘બોસ્નિયા સામેની મૅચનો વીડિયો જોશો તો જણાશે કે બલોગનનું ફાઉલ ગંભીર હતું જ નહીં. બોસ્નિયાના ખેલાડી સામે તેનો કોઈ ખોટો ઇરાદો હતો જ નહીં. આ ટૂર્નામેન્ટમાં આનાથી પણ ગંભીર ફાઉલ થયા છે, પણ એમાં કાર્ડ નહોતા બતાવવામાં આવ્યા.’ ■

**આજે કઈ પ્રી-ક્વૉર્ટર ફાઇનલ?**

**અમેરિકા વિ. બેલ્જિયમ**
સવારે ૫.૩૦
**આર્જેન્ટિના વિ. ઇજિપ્ત**
રાત્રે ૯.૩૦
**સ્વિટ્ઝરલૅન્ડ વિ. કોલમ્બિયા**
મધરાત બાદ ૧.૩૦

# નોર્વે અને ઈંગ્લૅન્ડ ક્વૉર્ટર ફાઇનલમાં

ન્યૂ યોર્ક: રવિવારે મધરાત બાદ નોર્વેએ વિક્રમજનક પાંચ વખત વર્લ્ડ ચૅમ્પિયન બની ચૂકેલા બ્રાઝિલને રોમાંચક પ્રી-ક્વૉર્ટર ફાઇનલમાં ૨-૧થી હરાવીને પ્રથમ વખત ક્વૉર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. બ્રાઝિલ ૧૯૯૦ની સાલ પછી પહેલી જ વખત ક્વૉર્ટર ફાઈનલથી વંચિત રહ્યું છે.

બીજી તરફ, ઇંગ્લૅન્ડે જોશ અને ઝનૂનના શાનદાર પ્રદર્શન કરીને અને સંવેદનાઓને કાબૂમાં રાખીને સહ યજમાન મેક્સિકોને એના જ ઘરઆંગણે ૩-૨થી હરાવીને ક્વૉર્ટર ફાઇનલમાં એન્ટ્રી કરી હતી. આ સાથે, મેક્સિકો આ વર્લ્ડ કપની બહાર થઈ જનાર કૅનેડા પછીનો બીજો યજમાન દેશ બન્યો છે. હવે આઠ દેશ વચ્ચેના ક્વૉર્ટર ફાઇનલમાં નોર્વે અને ઇંગ્લૅન્ડ વચ્ચે મુકાબલો થશે.

### હાલૅન્ડે, ગોલકીપરે નોર્વેને જિતાડ્યું

બ્રાઝિલ સામેની મૅચમાં નોર્વેના અર્લિંગ હાલૅન્ડે ૭૯મી મિનિટમાં હેડરથી ગોલ કરીને નોર્વેને ૧-૦થી સરસાઈ અપાવી હતી. લૉન્ગ હેરવાળા હાલૅન્ડે ૧૧ મિનિટ બાદ ફરી એક ગોલથી સરસાઈ વધારીને ૨-૦ કરી આપી હતી. મુખ્ય મૅચની ૯૦ મિનિટ પછીના ઈન્જરી ટાઈમમાં (૧૦મી મિનિટે) નેમારે પેનલ્ટી કિકથી ગોલ કર્યો હતો, પરંતુ ત્યારે બ્રાઝિલ માટે બહુ મોડું થઈ ગયું હતું. નોર્વેએ ૨-૧થી જીત હાંસલ કરી હતી. જોકે આ જીતમાં નોર્વેના ગોલકીપર ઑર્યાન નાયલૅન્ડની પણ મોટી ભૂમિકા હતી. તેણે પેનલ્ટી કિકમાં ગોલ થતો બચાવવા ઉપરાંત નેમાર સહિત બ્રાઝિલના ખેલાડીઓને નિષ્ફળતા અપાવી હતી.

### બેલિંગમના ૯૬ સેકન્ડમાં બે ગોલ

ઇંગ્લૅન્ડ વતી જયૂડ બેલિંગમે ૩૬મી અને ૩૮મી મિનિટમાં (૯૬ સેકન્ડમાં) ઉપરાઉપરી બે ગોલ કરીને ઇંગ્લૅન્ડને ૨-૦થી સરસાઈ અપાવી હતી. મેક્સિકો વતી ક્વીનોનેસે ૪૨મી મિનિટમાં ગોલ કર્યો હતો. જોકે ઇંગ્લૅન્ડના કેપ્ટન હૅરી કેને ૬૦મી મિનિટમાં પેનલ્ટી કિકથી ગોલ કરીને ઇંગ્લૅન્ડની સરસાઈ વધારીને ૩-૧ કરી હતી. ૬૯મી મિનિટમાં મેક્સિકોના જિમેનેઝે પેનલ્ટી કિકથી ગોલ કર્યો હતો. ત્યાર બાદ ઇંગ્લૅન્ડના ગોલકીપર જોર્ડન પિકફર્ડના

### નેમાર હાર્યો, રડ્યો અને નિવૃત્ત થયો



ન્યૂ યોર્ક: ફિફા ફૂટબૉલ વર્લ્ડ કપની પ્રી-કવૉર્ટર ફાઈનલમાં સોમવારે નોર્વે સામે બ્રાઝિલનો ૧-૨થી પરાજય થયો અને ત્યાર બાદ થોડી જ વારમાં બ્રાઝિલના સુપરસ્ટાર ફૂટબોલર નેમાર જુનિયરે ઈજાથી પરેશાન થઈને આંતરરાષ્ટ્રીય ફૂટબૉલમાંથી છેવટે રિટાયરમેન્ટ જાહેર કરી દીધું હતું. આ મૅચમાં બ્રાઝિલ વતી થયેલો એકમાત્ર ગોલ નેમારે પેનલ્ટી કિકની મદદથી કર્યો હતો. નેમાર નોર્વે સામેની શૉકિંગ હાર બાદ મેદાન પર બેઠો-બેઠો ખૂબ રડ્યો હતો. સાથી ખેલાડીઓ તેને શાંત પાડીને પાછા લઈ ગયા હતા. ૩૪ વર્ષીય નેમારની ૧૬ વર્ષની શાનદાર કારકિર્દીનો પરાજય સાથે અંત આવી ગયો છે. ‘ઈટ ઇઝ નાવ ઓવર’ બોલીને નેમારે નિવૃત્તિ જાહેર કરી દીધી હતી. તેણે મૅચ પછી કહ્યું, ‘મેં કારકિર્દી ચાલુ રાખવા ખૂબ પ્રયત્ન કર્યો, પરંતુ નિર્ણય લઈ જ લીધો. અહીં ન્યૂ યોર્કના મેટલાઈફ સ્ટેડિયમમાં મેં કારકિર્દી શરૂ કરી હતી અને અહીં જ મેં પૂરી કરી.’

### નેમારના કરીઅરની આંકડાબાજી

(૧) બ્રાઝિલ વતી રમી ચૂકેલા તમામ ખેલાડીઓમાં નેમાર ૮૦ આંતરરાષ્ટ્રીય ગોલ સાથે મોખરે છે. (૨) બ્રાઝિલ વતી નેમાર કુલ ૧૩૦ મૅચ રમ્યો અને એમાં તેણે સાથી ખેલાડીઓને કુલ મળીને ૫૯ ગોલ કરવામાં મદદ કરી હતી. તેની આ સહાય આસિસ્ટ’ તરીકે ઓળખાય છે. (૩) ૨૦૧૬ માં બ્રાઝિલમાં આયોજિત ઑલિમ્પિક ગેમ્સમાં નેમારની કેપ્ટન્સીમાં બ્રાઝિલે ગોલ્ડ મેડલ જીત્યો હતો. (૪) બ્રાઝિલ વતી નેમાર કુલ ચાર ફિફા વર્લ્ડ કપ અને બે ઓલિમ્પિક્સ રમ્યો. (૫) ૨૦૨૬ના વર્લ્ડ કપમાં બ્રાઝિલ વતી નેમાર બે મૅચમાં સબસ્ટિટ્યૂટ તરીકે રમ્યો. એ સાથે, આ વર્લ્ડ કપમાં તે માત્ર ૩૭ મિનિટ રમ્યો અને છેવટે નિવૃત્તિ લઈ લીધી.■

# આજે શ્રેયસની કૅપ્ટન્સીમાં પહેલી વખત જીતીશું?

## ટ્રેન્ટ બ્રિજમાં સૂર્યકુમારની ખોટ વર્તાશે: બિશ્નોઈને બદલે પ્રિન્સ યાદવનો સમાવેશ?

ટ્રેન્ટ બ્રિજ (નૉટિંગમ): અહીં ભારત અને ઇંગ્લૅન્ડ વચ્ચે પાંચ મૅચવાળી ટી-૨૦ સિરીઝની ત્રીજી મૅચ આજે (ભારતીય સમય મુજબ રાત્રે ૧૦.૦૦ વાગ્યાથી) રમાશે અને એ જીતીને ટીમ ઇન્ડિયાએ શ્રેયસ ઐયરને તેની કૅપ્ટન્સીની પ્રથમ જીત આપવાની રહેશે. જોકે એમાં ખુદ શ્રેયસે પણ અસરદાર પર્ફોર્મ કરી બતાવવું પડશે. આયરલૅન્ડમાં તેના નેતૃત્વમાં ભારત બન્ને ટી-૨૦ મૅચ હાર્યું હતું અને ઇંગ્લૅન્ડમાં ભારત ૦-૧થી પાછળ છે. ભારત ટ્રેન્ટ બ્રિજમાં આયરલૅન્ડ અને બાંગ્લાદેશ સામેની ટી-૨૦ જીતી ચૂક્યું છે, પણ ઇંગ્લૅન્ડ અને સાઉથ આફ્રિકા સામે ભારતે પરાજય જોવો પડ્યો છે. છેલ્લે જુલાઈ ૨૦૨૨માં અહીં ઇંગ્લૅન્ડ વિરુદ્ધ ભારત માત્ર ૧૭ રનથી હારી ગયું હતું. ૨૧૬ રનના લક્ષ્યાંક સામે ભારતે નવ વિકેટે ૧૯૮ રન બનાવ્યા હતા જેમાં ભૂતપૂર્વ સુકાની સૂર્યકુમાર યાદવ (૧૧૭ રન, પંચાવન બૉલ, છ સિક્સર, ૧૪ ફોર)નું સૌથી મોટું યોગદાન હતું. જોકે ભારત ત્યારે હારી જતાં તેની સદી પાણીમાં ગઈ હતી, પરંતુ આજે અહીં સેન્ચુરિયન સૂર્યાની ખોટ ટીમને જરૂર વર્તાશે. આજે રવિ બિશ્નોઈને બદલે પ્રિન્સ યાદવને મોકો કદાચ અપાશે.



વૈભવ સૂર્યવંશી ગઈ કાલે ટ્રેન્ટ બ્રિજમાં પ્રૅક્ટિસ બાદ ચાહકોને મળ્યો હતો. (તસવીર: અમિત શાહ)

ભારત આજે જીતશે તો સિરીઝ જીતવાનો કે ડ્રૉ કરાવવાનો મોકો રહેશે, પણ જો ભારત હારી જશે તો સિરીઝ જીતી નહીં શકે અને બ્રિટિશરો શ્રેણી હારા નહીં શકે, કારણકે ત્યાર બાદ માત્ર બે ટી-૨૦ મૅચ બાકી રહેશે. વૈભવ સૂર્યવંશીને શનિવારે ડેબ્યૂ કરવાની સુવર્ણ તક મળી હતી. જોકે તે બે છગ્ગા ફટકાર્યા બાદ ૧૪ રનના પોતાના સ્કોર પર આઉટ થઈ ગયો હતો. હવે ફરી આજે આ ટૅલન્ટેડ ટીનેજરની આકરી પરીક્ષા થશે.■

# સૅમસનની ઝિમ્બાબ્વે પ્રવાસ માટેની ટીમમાંથી બાદબાકી

## પ્રભસિમરન, યશ, અશોક, હર્ષને ડેબ્યૂની તક: રિન્કુ અને મયંક યાદવના કમબૅક

નવી દિલ્હી: જુલાઈ મહિનામાં જ ભારતના ટી-૨૦ ક્રિકેટરો ત્રણ મૅચની સિરીઝ માટે ઝિમ્બાબ્વેના પ્રવાસે જશે સંજુ સૅમસનની બાદબાકી સૌથી ચર્ચાસ્પદ થઈ શકે. જોકે ટીનેજ-સેન્સેશન વૈભવ સૂર્યવંશીને ઝિમ્બાબ્વે ખાતેની ટી-૨૦ ટીમમાં જાળવી રાખવામાં આવ્યો છે. ઇંગ્લૅન્ડ સામે રમનારી રોહિત શર્મા અને વિરાટ કોહલી સહિતની ટીમમાં ઈજાગ્રસ્ત નીતીશ કુમાર રેડ્ડીના સ્થાને શિવમ દુબેનો સમાવેશ કરાયો છે.

ઇંગ્લૅન્ડમાં સિરીઝ રમી રહેલી ટીમમાં જે ખેલાડીઓ છે એમાં છ ફેરફાર કરવામાં આવ્યા છે. સૅમસન ઉપરાંત પ્રસિદ્ધ ક્રિષ્ના, અર્શદીપ સિંહ, હર્ષિત રાણા, વૉશિંગ્ટન સુંદર અને રવિ બિશ્નોઈને પણ બહાર રાખવામાં આવ્યા છે.

મૅચ-ફિનિશર ગણાતા રિન્કુ સિંહ અને ફાસ્ટ બોલર મયંક યાદવે ટી-૨૦ ટીમમાં કમબૅક કર્યું છે. પંજાબના વિકેટકીપર-બૅટ્સમૅન પ્રભસિમરન સિંહ, ફાસ્ટ બોલર્સ યશ ઠાકુર તથા અશોક શર્મા તેમ જ લેફ્ટ-આર્મ સ્પિન ઑલરાઉન્ડર હર્ષ દુબેને ડેબ્યૂ કરવાની તક અપાઈ છે.

**ઝિમ્બાબ્વે પ્રવાસ માટેની ટી-૨૦ ટીમ:** શ્રેયસ ઐયર (કૅપ્ટન), વૈભવ સૂર્યવંશી, અભિષેક શર્મા, તિલક વર્મા (વાઇસ-કૅપ્ટન), ઇશાન કિશન (વિકેટકીપર), શિવમ દુબે, સૂર્યાંશ શેડગે, રિન્કુ સિંહ, હર્ષ દુબે, વરુણ ચક્રવર્તી, પ્રિન્સ યાદવ, યશ ઠાકુર, અશોક શર્મા, મયંક યાદવ અને પ્રભસિમરન સિંહ (વિકેટકીપર). ■

# ઑસ્ટ્રેલિયાની મહિલા ટીમ ૧,૨૨૫ દિવસે ટી-૨૦ વર્લ્ડ કપનું ટાઇટલ જીતી

લૉર્ડ્સ: ઇંગ્લૅન્ડ સામે (૨૦ ઓવરમાં ૪/૧૫૦) ઑલરાઉન્ડર સૉફી મૉલિન્યૂક્સની કૅપ્ટન્સીમાં ઑસ્ટ્રેલિયા (૧૭.૧ ઓવરમાં ૩/૧૫૩) ની મહિલા ટીમે રવિવારે મોડી રાત્રે અહીં વિમેન્સ ટી-૨૦ વર્લ્ડ કપનું ટાઇટલ જીતી લીધું હતું. ઑસ્ટ્રેલિયાની મહિલાઓ ૧,૨૨૫ દિવસના લાંબા સમયગાળા બાદ ફરી ટી-૨૦ વિશ્વ કપ જીતી છે. ઑસ્ટ્રેલિયાએ સાતમી વખત આ ટૂર્નામેન્ટ જીતી છે જે વિશ્વવિક્રમ છે. ચૅમ્પિયન ટીમને સચિન તેન્ડુલકર સહિત અનેક ક્રિકેટરોના અભિનંદન સોશ્યલ મીડિયા પર મળ્યા છે. વિમેન્સ ટી-૨૦ વર્લ્ડ કપની અત્યાર સુધીમાં ૧૦ ટૂર્નામેન્ટ રમાઈ છે જેમાંથી સાત ઑસ્ટ્રેલિયાએ જીતીને પોતાનું પ્રભુત્વ બતાવ્યું છે. બાકીના ત્રણ ટાઇટલમાંથી એક ઇંગ્લૅન્ડ (૨૦૦૯માં), એક વેસ્ટ ઇન્ડિઝ (૨૦૧૬) અને એક ન્યૂ ઝીલૅન્ડે (૨૦૨૪) જીત્યું છે. ભારત વન-ડેમાં ડિફેન્ડિંગ વર્લ્ડ ચૅમ્પિયન છે, પરંતુ હજી સુધી ટી-૨૦નો તાજ નથી જીતી શક્યું. ■

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી મંગળવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.




### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| ગાવું | COMMISSION |
| ગાવડી | WOOLEN CLOTH |
| ગાવલી | SING |
| ગાશિયો | DIRT |
| ગાસ | COW |

### માતૃભાષાની મહેક

માગશરે ન વાયા વાવલા, આદરા ન ઊઠ્યા મેહ, ભરજોબન ન જાયો બેટડો, ત્રણે હાર્યા એહ. આ કહેવતમાં ૩ ભિન્ન અવસ્થામાં ઇચ્છિત ફળ નહીં મળતા વ્યથાની વાત છે. માગશરમાં પવન ન ફૂંકાય ને જો આર્દ્રા નક્ષત્રમાં વરસાદ ન થાય એ ભરજુવાનીમાં સંતાન ન થવાના દુઃખ બરાબર ગણવામાં આવ્યું છે.


### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ ENCHLOPHOBIA અનુભવે છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?
અ) શક્તિ બ) અંગ્રેજી
ક) આકાશ ડ) ભીડ

### ઈર્શાદ

તું શું જાણે પ્યાસ અમારી, શાના તોબા, શાનો સંયમ?
---- અકબરઅલી જસદણવાલા

### શબ્દલાલિત્ય




**આડી ચાવી**

૧. અઠવાડિયાનો એક દિવસ (૨)
૩. શરીર, તન (૨)
૬. પ્રકાશ, કિરણ (૨)
૭. વિયોગનું દુઃખ (૩)
૯. લક્ષ્મી, ચપળ સ્ત્રી (૩)
૧૧. ગણપતિ (૪)
૧૩. કાપો, છિદ્ર (૨)
૧૪. એદીપણું, સુસ્તી (૩)
૧૫. પ્રવીણ, હોશીયાર (૩)
૧૬. હૃદય (૨)
૧૭. ગીરવી (૨)
૧૯. ટંડેલ (૩)
૨૦. ચીંથરાં, લૂગડાનાં ટૂચા (૩)
૨૧. સોબતી (૨)
૨૨. કસબી (૪)
૨૬. ગપ, અફવા (૩)
૨૭. શ્રીકૃષ્ણનું એક નામ (૩)
૨૯. પાણી, નીર (૨)
૩૦. હકીકત, બનાવ (૨)
૩૧. વેશ ભજવનાર (૨)

**ઊભી ચાવી**

૧. ઘરડું, વયોવૃદ્ધ (૩)
૨. પૃથ્વી (૨)
૪. માગણ, ભીખારી (૩)
૫. ત્રાજવું (૨)
૬. આફત, દુઃખ (૩)
૮. ભોપાળું, ખોટો દંભ (૩)
૧૦. ઝૂંપડી (૪)
૧૨. એક ધાતુ (૩)
૧૩. વરણાગીયો માણસ (૨)
૧૪. આશ્રય, છત્રછાયા (૩)
૧૬. ખિન્ન, ગમગીન (૩)
૧૮. હાર (૪)
૧૯. સુકુમાર, કોમળ (૩)
૨૦. સુધી (૨)
૨૧. રક્ષણ, જતન (૩)
૨૩. કપની જોડીદાર (૩)
૨૪. હદ, મર્યાદા (૨)
૨૫. --- આવવી=ફાવવું, અનુકૂળ આવવું (૩)
૨૬. ફળઝાડનો બાગ (૨)
૨૮. દોલત, પૈસો (૨)

**ગયા વખતનો ઉકેલ**



### ઓળખાણ પડી?



નાના બાળકોને પેટમાં કૃમિની તકલીફ અને વડીલોને પાચનશક્તિ વધારવા માટે આપવામાં આવતી વનસ્પતિની ઓળખાણ પડી?
અ) વાવડિંગ બ) ગરમાળો
ક) ગોખરુ ડ) મરી

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

’ભાલ સોંસરી ઝાલ દીસતી અનેરી’ પંક્તિમાં ભાલ શબ્દનો અર્થ જણાવો.
અ) નસીબ બ) હથિયાર ક) કપાળ ડ) ઘરેણું

### માઈન્ડ ગેમ

છત્રપતિ શિવાજી મહારાજે પોતાનો ભવ્ય ખજાનો મહારાષ્ટ્રના કયા કિલ્લામાં થોડા સમય માટે સંતાડ્યો હતો એ જણાવો.
અ) સિંહગઢ બ) રાયગઢ ક) પ્રતાપગઢ ડ) લોહગઢ

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | | | | ૫ | | | ૨ | |
| ૫ | ૯ | | ૧ | ૭ | | | ૪ | |
| | ૪ | | | | ૯ | | | |
| ૮ | ૬ | ૧ | | | | | | |
| | | | | | | | | |
| | | | | | | ૪ | ૬ | ૩ |
| | | | ૭ | | | | ૫ | |
| | ૨ | | | ૧ | ૪ | | ૯ | ૭ |
| | ૮ | | | ૬ | | | | ૨ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ.

### સુડોકુ-ગયા વખતનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૬ | ૪ | ૯ | ૫ | ૮ | ૭ | ૩ | ૧ |
| ૧ | ૩ | ૮ | ૬ | ૭ | ૨ | ૪ | ૫ | ૯ |
| ૫ | ૯ | ૭ | ૪ | ૧ | ૩ | ૨ | ૮ | ૬ |
| ૯ | ૪ | ૨ | ૫ | ૩ | ૧ | ૬ | ૭ | ૮ |
| ૩ | ૭ | ૫ | ૮ | ૨ | ૬ | ૯ | ૧ | ૪ |
| ૬ | ૮ | ૧ | ૭ | ૯ | ૪ | ૫ | ૨ | ૩ |
| ૪ | ૨ | ૬ | ૩ | ૮ | ૫ | ૧ | ૯ | ૭ |
| ૭ | ૧ | ૩ | ૨ | ૪ | ૯ | ૮ | ૬ | ૫ |
| ૮ | ૫ | ૯ | ૧ | ૬ | ૭ | ૩ | ૪ | ૨ |

### ગયા મંગળવારના જવાબ

| A | B |
|---|---|
| ગારો | MUD |
| ગારદ | DESTROYED |
| ગારુડી | SNAKE CHARMER |
| ગાલ | CHEEK |
| ગાલીચો | CARPET |

**ગુજરાત મોરી મોરી રે:** કમ્પ્યુટર
**ઓળખાણ પડી?** ગળો
**માઈન્ડ ગેમ :** દિલ્હી
**ચતુર આપો જવાબ અર્થ જણાવો:** બુદ્ધિ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ભારતી બુચ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભરત કજરિયા (૫) ધીરેન્દ્ર ઉદ્દેશી (૬) વિપીન શાહ (૭) નૂતન વિપીન શાહ (૮) હર્ષા મહેતા (૯) શ્રદ્ધા આશર (૧૦) મહેશ સંઘવી (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) મીનલ કાપડિયા (૧૩) લજિતા ખોના (૧૪) જ્યોતિ ખાંડવાલા (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) મુલરાજ કપૂર (૧૭) કિશોરકુમાર જીવણદાસ વેદ (૧૮) મનીષા શેઠ (૧૯) ફાલ્ગુની શેઠ (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) નંદુભાઈ એ. ગોઠી (૨૩) વિણા સંપટ (૨૪) દેવેન્દ્ર સંપટ (૨૫) ભાવના કર્વે (૨૬) અંજુ ટોલિયા (૨૭) નિતીન જયંતીલાલ બજરિયા (૨૮) રમેશભાઈ દલાલ (૩૦) હિનાબેન દલાલ (૩૧) ઈનાક્ષીબેન દલાલ (૩૨) જ્યોત્સના ગાંધી (૩૩) ડાયના સંતોકે (૩૪) અલકા વાણી (૩૫) વિજય આસર (૩૬) અરવિંદ કામદાર (૩૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) સુભાષ મોમાયા (૪૧) નીતા દેસાઈ (૪૨) પુષ્પા પટેલ (૪૩) પ્રવીણ વોરા (૪૪) મહેશ દોશી (૪૫) તાહેર ઔરંગાબાદવાલા (૪૬) શીરીન ઔરંગાબાદવાલા (૪૭) મહેશ દોશી (૪૮) જયવંત પદમશી ચિખલ (૪૯) ધીરેન્દ્ર મુલરાજ (૫૦) પ્રતિમા પમાણી (૫૧) ભામિની સંપટ

# જુલાઈના છ દિવસમાં આખા મહિનાની સરેરાશ કરતા વધુ વરસાદ





મુંબઈના તટવર્તી વિસ્તારમાં પાણીનાં ઉછળતા મોટા મોજા અને ભારે પવનને પગલે અધિકારીઓએ સાવધાની વર્તવાની કરેલી અપીલને કારણે કાયમ ચહલપહલથી ધમધમતું ગિરગામ ચોપાટી સોમવારે સૂમસામ જોવા મળ્યું હતું. મીઠી નદીનું પાણી જોખમી સ્તરે વહેતાં ક્રાન્તિ નગર પરિસરના નાગરિકોની સુરક્ષા માટે પોલીસે જનજાગૃતિ અભિયાન ચલાવ્યું હતું અને લોકોને નદીના કાંઠા વિસ્તારમાં બિનજરૂરી ગીરદી ન કરવાની અને પ્રશાસનની સૂચનાનું પાલન કરવાની અપીલ કરી હતી. ભારે પવનને કારણે થાણેમાં એક હોર્ડિંગ તૂટી પડ્યું હતું. (અમય ખરાડે)

## કોલાબામાં ૭૩૪.૧ મિ.મી. અને સાંતાક્રુઝમાં ૮૫૫.૭ મિ.મી. વરસાદ નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં છેલ્લા એક અઠવાડિયાથી ભારે વરસાદ પડી રહ્યો છે, તેમાં પણ છેલ્લા ત્રણ-ચાર દિવસથી ઓરેન્જ અને રેડ અલર્ટ હેઠળ મુશળધાર વરસાદ પડી ગયો છે. તેને પગલે જુલાઈના પહેલા છ દિવસમાં જ મુંબઈમાં આખા મહિનાના સરેરાશ કરતાં વધુ વરસાદ પડી ચૂક્યો છે, જેમાં કોલાબા અને સાંતાક્રુઝ વેધશાળાઓમાં અનુક્રમે ૭૩૪.૧ મિ.મી અને ૮૫૫.૭ મિ.મી. વરસાદ નોંધાયો છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ આ આંકડાઓ પહેલાથી જ તેમના સંબંધિત જુલાઈ માસિક સામાન્ય કરતાં વધી ગયા છે. સાત જુલાઈ માટે તેની આગાહીમાં મુંબઈ અને થાણે માટે ઓરેન્જ ચેતવણી જારી કરવામાં આવી છે જેમાં ભારેથી ખૂબ ભારે વરસાદ સાથે ભારે પવનની ચેતવણી આપવામાં આવી છે. રાયગઢ અને પાલઘર માટે રેડ અલર્ટ રહે છે જેમાં અલગ અલગ સ્થળોએ ભારેથી અતિ ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ છ અને સાત જુલાઈ ૨૦૨૬ દરમિયાન મધ્ય મહારાષ્ટ્રના (જુઓ પાનું ૪) ▶▶

### વરસાદ માટે અનુકૂળ સ્થિતિ

હવામાન વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ મુંબઈ પર સક્રિય ચોમાસાની સ્થિતિ અનુકૂળ હવામાન પ્રણાલીઓના સંયોજન દ્વારા સંચાલિત છે, જેમાં દક્ષિણ ગુજરાતથી ઉત્તર કેરળ કિનારા સુધી વિસ્તરેલું ઓફશોર ટ્રફ, મધ્ય ભારત પર શીયર ઝોન અને દક્ષિણ ઝારખંડ અને નજીકના ઉત્તર આંતરિક ઓડિશા પર ડિપ્રેશનનો સમાવેશ થાય છે. આ સિસ્ટમ ભેજના પ્રવાહમાં વધારો કરી રહી છે અને પશ્ચિમ કિનારા પર ચોમાસાની પ્રવૃત્તિને મજબૂત બનાવી રહી છે. આગામી ૨૪ કલાકમાં ડિપ્રેશન ઝારખંડ, ઉત્તર છત્તીસગઢ અને નજીકના પૂર્વ મધ્ય પ્રદેશમાં ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધવાની ધારણા છે. તેનો પ્રભાવ ઓફશોર ટ્રફ સાથે મળીને મુંબઈ સહિત કોંકણ કિનારા પર વરસાદની પ્રવૃત્તિને સક્રિય રાખવાની શક્યતા છે. ■

### સૂસવાટાભર્યા પવનો ફૂંકાયા

મુંબઈમાં છેલ્લા બે દિવસથી ભારે પવન પણ ફૂંકાઈ રહ્યા છે, જેને કારણે અનેક જગ્યાએ વૃક્ષો ધરાશાયી થવાના બનાવ બન્યા હતા. સોમવારે વહેલી સવારના સાત થી આઠ વાગ્યા દરમિયાન મલબાર હિલ જેવા વિસ્તારોમાં પવનની ગતિ ૬૬ કિમી પ્રતિ કલાક, રે રોડ ૫૩ કિમી પ્રતિ કલાક, સાંતાક્રુઝ ૪૯ કિમી પ્રતિ કલાક, ઘાટકોપર ૪૨ કિમી પ્રતિ કલાક, મલાડ ૪૭ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન નોંધાયો હતો. ■

## મુંબઈને ડૂબતી બચાવવા પંપિંગ સ્ટેશનની સાથે ૫૪૦ પંપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વરસાદે છેલ્લા ત્રણ દિવસથી મુંબઈને બાનમાં લીધું છે, તેમાં રવિવાર અને સોમવાર રેડ અલર્ટની ચેતવણી હોઈ બે દિવસ સતત ભારે વરસાદ રહ્યો હતો ત્યારે વરસાદી પાણીનો નિકાલ કરવા માટે પંપિંગ સ્ટેશનની સાથે જ નીચાણવાળા વિસ્તારમાં બેસાડવામાં આવેલા ૫૪૦ પંપે વરસાદી પાણીનો નિકાલ કરવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હોવાનું પાલિકાએ જણાવ્યું હતું.

ભારે વરસાદ દરમ્યાન નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની પરિસ્થિતિને અસરકારક રીતે દૂર કરવા માટ પાલિકાના સ્ટોર્મ વોટર ડ્રેનેજ ડિપાર્ટમેન્ટ દ્વારા મુંબઈ શહેર અને ઉપનગરોમાં વિવિધ સ્થળોએ કુલ ૫૪૭ પંપ બેસાડયા છે. આમાંથી રેડ અલર્ટના સમયગાળા દરમ્યાન એટલે કે છેલ્લા ત્રણ (જુઓ પાનું ૪) ▶▶

### એકે દિવસ રેલવે સેવા ઠપ ના થઈ

પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ મુંબઈની લાઈફલાઈન ગણાતી ઉપનગરીય રેલવે સેવા ભારે વરસાદ દરમ્યાન પણ અવિરત ચાલુ રહે તે સુનિશ્ચિત કરવા માટે પાલિકા પ્રશાસને રેલવે વહીવટીતંત્ર સાથે સંકલનમાં તૈયારીના ભાગ રૂપે, વિવિધ સંવેદનશીલ રેલ્વે વિસ્તારોમાં ઉચ્ચ ક્ષમતાવાળા પપિંગ સેટ (પંપ) તહેનાત કર્યા હતા. એ ઉપરાંત રેલવે લાઇન પરના ગટર, બંધ વરસાદી પાણીની ચેનલો, કલ્વર્ટ, કેરેજવે અને કલ્વર્ટને સમયાંતરે સંપૂર્ણ રીતે સાફ કરવામાં આવ્યા હતા જેથી કાંપ, કચરો અને અવરોધો દૂર થાય. આને કારણે, વરસાદી પાણીનો પ્રવાહ અવિરત અને સુગમ રહ્યો. આ નિવારક પગલાંના અસરકારક અમલીકરણ અને તાત્કાલિક પ્રતિભાવ તંત્રને કારણે ભારે વરસાદ અને કેટલાક સ્થળોએ પાણી ભરાવાની શક્યતા હોવા છતાં રેલવે લાઇનો પર પાણી ભરાવાની ઘટનાઓને અસરકારક રીતે નિયંત્રિત કરવી શક્ય બની હતી. ■

**વરસાદ બન્યો વિલન**

## ચર્ચગેટથી વસઈ સુધી લોકલ ટ્રેનો દોડાવાઈ

### રેલવે સ્ટેશનો સરોવરો બન્યાં, મુંબઈથી અમદાવાદનો સંપર્ક તૂટ્યો, પ્રવાસીઓને રઝળપાટ, કચ્છ એક્સપ્રેસ સહિત અનેક ટ્રેનોને શોર્ટ ટર્મિનેટ કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ અને સમગ્ર પરાના વિસ્તાર અને મેટ્રો પોલિટન રિજનમાં ભારે વરસાદ અને ચક્રવાતને કારણે સમગ્ર જનજીવન પર અસર પડી હતી, જે મુંબઈગરાઓ ગઈકાલ સુધી પાણીની સમસ્યાથી પીડાતા હતા, જેઓ આજે ઠેરઠેર ભરાયેલા પાણીથી પરેશાન થઈ ગયા હતા. બીજી બાજુ આ જ વરસાદી પાણી રેલવે ટ્રેક પર ફરી વળવાને કારણે પશ્ચિમ રેલવેમાં ચર્ચગેટથી લઈ વસઈ સુધી મોડી રાત અસુધી ટ્રેન દોડાવવામાં આવી હતી, જ્યારે વિરાર દહાણુ વચ્ચે ટ્રેનવ્યવહાર સદંતર બંધ રહ્યો હતો, પરિણામે સબર્બનના પ્રવાસીઓને મુંબઈ આવવાની મુશ્કેલી પડી હતી. બીજી બાજુ (જુઓ પાનું ૪) ▶▶

## બેસ્ટ બસ સેવા ઠપઃ રૂટ બદલાયા

મુંબઈઃ છેલ્લા બે દિવસથી પડી રહેલા મુસળધાર વરસાદે ભારે તારાજી સર્જી છે, જેના કારણે શહેરની વાહનવ્યવહાર વ્યવસ્થા ખોરવાઈ ગઈ છે. અનેક વિસ્તારોમાં વૃક્ષો ધરાશાયી થવાને કારણે શહેરની રફતાર ધીમી પડી ગઈ છે. આની સૌથી મોટી અસર બેસ્ટ બસ સેવા પર પડી હતી. અનેક બસોને અન્ય માર્ગો પર વાળવામાં આવી હતી, જ્યારે કેટલીક બસ સેવાઓ રદ કરવામાં આવી હતી, જેના કારણે નાગરિકોને હાલાકી ભોગવવી પડી હતી.

નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાને લીધે કેટલીક બેસ્ટ બસો અચાનક બંધ પડી જતાં સાયન અને કિંગ્સ સર્કલ જેવા વિસ્તારોમાં મોટો ટ્રાફિક જામ સર્જાયો હતો.

વૃક્ષો ધરાશાયી થવાને કારણે અને (જુઓ પાનું ૪) ▶▶

## માનખુર્દમાં વરસાદે લીધો છનો ભોગઃ દુર્ઘટનાની તપાસનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ માનખુર્દમાં કલેકટરની જમીન પર ગેરકાયદે રીતે ઊભા થઈ ગયેલા ઝૂંપડાઓ પ્રત્યે દુર્લક્ષ કરવું ભારે પડ્યું હતું. રવિવારે ભારે વરસાદને પગલે ત્રણ માળનું કાચું ખાલી મકાન બાજુના ઝૂંપડા પર તૂટી પડતા તેમાં રહેતા પાંચ બાળકો સહિત કુલ છના કમનસીબે મૃત્યુ થયાં હતાં, જેમાં મૃતકોમાં પાંચ બાળકોનો સમાવેશ થાય છે. આ દુર્ઘટના બાદ મુખ્ય પ્રધાને મૃતકોના સંબધીઓને પાંચ લાખનું વળતર જાહેર કર્યું હતું. તો પાલિકાએ આ દુઘર્ટનાની તપાસનો આદેશ આપ્યો હતો. રવિવારે ભારે વરસાદ દરમ્યાન માનખુર્દમાં હનુમાન મંદિર નજીક જનતા નગરમાં ચાલી નંબર પાંચમાં ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળનું જર્જરિત મકાન તેના બાજુના બે કાચા મકાન પર તૂટી પડયું હતું, જેને કારણે ઘરના કાટમાળ (જુઓ પાનું ૪) ▶▶

### મૃતકના પરિવારને પાંચ લાખનું વળતર

મુંબઈઃ ઝૂંપડું તૂટી પડવાને કારણે જીવ ગુમાવનારા છ જણના પરિવારને વ્યક્તિદીઠ પાંચ લાખ રૂપિયાના વળતરની જાહેરાત રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કરી હતી. ફડણવીસે એક્સ પર પોસ્ટ કરીને મૃતકોને શ્રદ્ધાંજલિ આપી હતી. તેમણે દરેક મૃતકના પરિવારને પાંચ લાખ રૂપિયાની આર્થિક સહાયની જાહેરાત કરી હતી. (પીટીઆઈ) ■

## ઝૂંપડા માલિક અને કોન્ટ્રાક્ટર સહિત અન્યો વિરુદ્ધ સદોષ મનુષ્યવધનો ગુનોઃ બેની ધરપકડ



મુંબઈ સહિત રાજ્યભરમાં વરસાદનો રુદ્રાવતાર જોવા મળ્યો હતો. માનખુર્દમાં ત્રણ માળની એક ઈમારતનો હિસ્સો ધસી ધસી પડવાની ઘટનાએ છ જણનો ભોગ લીધો હતો.

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ધોધમાર વરસાદ અને તોફાની પવન વચ્ચે માનખુર્દમાં ઝૂંપડું તૂટી પડવાને કારણે પાંચ બાળક સહિત છનો ભોગ લેનારી ગોઝારી ઘટનામાં પોલીસે સદોષ મનુષ્યવધનો ગુનો નોંધી બે જણની ધરપકડ કરી હતી.

માનખુર્દમાં ન્યૂ મંડાલા ખાતે જનતા નગરમાં આવેલું ત્રણ માળનું ઝૂંપડું રવિવારની રાતે સાડાઆઠ વાગ્યાની આસપાસ અચાનક તૂટી પડ્યું હતું. આ ઘટનામાં પાંચ બાળક આલિયા (૭), મુસ્કાન (૧૪), નિહાલ (૬), નાબિયા (૨) અને મુનાફ (૭) સહિત સોની (૩૨)નાં મોત નીપજ્યાં હતાં. કાટમાળ હેઠળ દબાઈ ગયેલા રેહાન અલી (૨૪)ને સારવાર માટે રાજાવાડી હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. ઈસ્ટ ઝોન-૧ના ડેપ્યુટી પોલીસ કમિશનર (ડીસીપી) સમીર શેખે જણાવ્યું હતું કે આ (જુઓ પાનું ૪) ▶▶

## સુસવાટાભર્યા પવન ફૂંકાતા હોવાથી બિલ્ડરોને કામ સ્થગિત કરવાનો બીએમસીનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં રેડ અલર્ટની ચેતવણી વચ્ચે ભારે વરસાદ અને કલાકના ૭૦થી ૮૦ કિલોમીટરની ઝડપે પવનો ફૂંકાઈ રહ્યા હોવાથી મુંબઈ મહાનગરપાલિકાએ સોમવારે ડેવલપર્સ અને કોન્ટ્રાક્ટરોને તમામ પ્રોજેક્ટ સ્થળોએ જોખમી બાંધકામ પ્રવૃત્તિઓ સ્થગિત કરવા અને કડક સલામતીના પગલાં સુનિશ્ચિત કરવાનો નિર્દેશ આપ્યો છે.

પાલિકાએ જણાવ્યું હતું કે આપેલા નિર્દેશનું પાલન ફરજિયાત રહેશે. પાલિકાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે મજૂરો, પડોશી રહેવાસીઓ અને સામાન્ય લોકોની સલામતી ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. ડેવલપર્સ, આર્કિટેક્ટ, લાઇસન્સ પ્રાપ્ત સર્વેયર, કોન્ટ્રાક્ટરો, પ્રોજેક્ટ મેનેજરો અને સાઇટ એન્જિનિયરોને જારી કરાયેલી સલાહમાં પાલિકા પ્રશાસને તેમને (જુઓ પાનું ૪) ▶▶

## વકીલો હાજર ન રહે તો પ્રતિકૂળ આદેશ ન આપવાની હાઈ કોર્ટની ખાતરી

મુંબઈઃ મુંબઈ અને આસપાસના જિલ્લાઓમાં ભારે વરસાદને કારણે વકીલો કોર્ટમાં પહોંચી ન શકે તો કોઈ પણ પ્રતિકૂળ આદેશ નહીં આપવામાં આવે, એવી ખાતરી સોમવારે બૉમ્બે હાઈ કોર્ટે આપી હતી.

ભારતીય હવામાન વિભાગે સોમવારે મુંબઈ, થાણે અને રાયગડ જિલ્લાઓ માટે રેડ અલર્ટ જારી કરીને સુસવાટા મારતા પવન સાથે અતિવૃષ્ટિની આગાહી કરી હતી. અત્યાવશ્યક કાર્ય વિના ઘરની બહાર ન નીકળવાની અપીલ પણ કરવામાં આવી હતી. મુશળધાર વરસાદને કરાણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની પણ ચેતવણી અપાઈ હતી.

ઍક્ટિંગ ચીફ જસ્ટિસ રવીન્દ્ર ઘુગેએ વકીલોના સંગઠનને ખાતરી આપી હતી કે સોમવારે ધોધમાર વરસાદને કારણે વકીલો કોર્ટમાં હાજર ન રહી શકે તો કોઈ પ્રતિકૂળ અથવા રદબાતલના આદેશ અપાશે નહીં.

મુંબઈની અન્ય બધી હાઈ કોર્ટની બૅન્ચે પણ તેનું પાલન કરવાની ખાતરી આપી છે, એવું અદાલતે જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

## રાજ્યમાં આઠ જુલાઈ સુધી ભારે વરસાદ ચાલુ રહેશે

### મહારાષ્ટ્ર હાઈ અલર્ટ પરઃ મુખ્ય પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ હાલ મુંબઈ, થાણે, પાલઘર, રાયગડ સહિત રાજ્યના અનેક જિલ્લામાં મુશળધાર વરસાદ પડી રહ્યો છે. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે નાશિકમાં વાદળ ફાટવા જેવા બનાવોની ચેતવણી આપતા કહ્યું હતું કે આઠ જુલાઈ સુધી રાજ્યમાં ભારે વરસાદ ચાલુ રહેવાની ધારણા હોવાથી રાજ્ય તંત્રને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું છે. સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ કંટ્રોલ રૂમમાં પૂરની પરિસ્થિતિની સમીક્ષા કર્યા બાદ પત્રકાર પરિષદને સંબોધતા મુખ્ય પ્રધાને નાગરિકોને બિનજરૂરી મુસાફરી ટાળવા અને રસ્તાઓથી દૂર રહેવા વિનંતી કરી હતી, કારણ કે સરકારી અધિકારીઓ (જુઓ પાનું ૪) ▶▶

## મુંબઈ-ગોવા હાઈવે બંધ થતાં વાહનોની લાંબી લાઈન

મુંબઈઃ રાયગડ જિલ્લામાં અનરાધાર વરસાદને કારણે પાણી ભરાઈ જતાં અને રત્નાગિરિના ખેડ તાલુકામાં ભેખડ ધસી પડવાને કારણે મુંબઈ-ગોવા હાઈવે બંધ થઈ ગયો હતો, જેને પગલે લગભગ ૧૦ કિલોમીટર દૂર સુધી વાહનોની લાઈન લાગી હતી.

છેલ્લા પાંચેક દિવસથી રાયગડ જિલ્લામાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. તેમાંય રવિવારની રાતથી અતિવૃષ્ટિને કારણે નાગોથાણે નજીક સુકેળી ઘાટ ખાતે મુંબઈ-ગોવા હાઈવે પર પાણી ભરાઈ ગયાં હતાં. પાણી ઊતરવાનું નામ લેતાં ન હોવાથી બન્ને બાજુની લેન પર આઠથી દસ કિલોમીટર સુધી વાહનો ફસાયેલાં નજરે પડ્યાં હતાં.

નાગોથાણે-વાકણ પટ્ટામાં પૂર જેવી સ્થિતિ હોવાથી હજારો મુસાફરો અટવાઈ ગયા હોવાનું કહેવાય છે. બાર કલાકથી વધુ સમયથી ટ્રાફિકમાં ફસાયેલા લોકો માટે સ્થાનિક રહેવાસીઓ અને સંસ્થા મારફત નાસ્તા-પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી.બીજી બાજુ, નાશિકના ખેડ તાલુકામાં ખવટી પાસે મુંબઈ-ગોવા હાઈવે પર ભેખડ ધસી પડી હતી. ■

## ભૂસ્ખલનને કારણે મુંબઈથી પુણે ટ્રેનસેવા ઠપ, અનેક ટ્રેનો રદ થતા પ્રવાસીઓના બેહાલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભારે વરસાદ અને ભૂસ્ખલનને કારણે મહારાષ્ટ્રના ઘાટ સેક્શનમાં લાંબા અંતરની મેલ-એક્સપ્રેસ ટ્રેનસેવા પર અસર પડી હતી, જેમાં અનેક ટ્રેનો રદ અથવા ડાઈવર્ટ કરવાને કારણે મંગળવારનો દિવસ પ્રવાસીઓ માટે અમંગળ રહ્યો હતો.

મોડી રાતથી રેલવે ટ્રેક અને રસ્તાઓ પર મોટા પ્રમાણમાં ભૂસ્ખલનને કારણે ટ્રેનસેવા ઠપ થઈ ગઈ હતી, જેમાં દક્ષિણ ભારતની અનેક ટ્રેનોનો પણ સમાવેશ થયો હતો. **ત્રણ દિવસમાં ૬૦૦ મિલિમીટરથી વધુ વરસાદઃ** જિલ્લામાં પડેલા ભારે વરસાદ વચ્ચે ચાર કલાકમાં ૧૪૦ મિલિમીટરથી વધુ વરસાદ પડ્યો હતો, જ્યારે રવિવારે ૩૨૭ અને ચોથી (જુઓ પાનું ૪) ▶▶

## થાણે અને પાલઘરમાં મુશળધાર વરસાદ

### બિલબોર્ડ ઊડી જવાની સાથે સંખ્યાબંધ દીવાલ અને વૃક્ષો ધરાશાયી

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ મુંબઈના પડોશી જિલ્લા થાણે અને પાલઘરમાં પણ ધોધમાર વરસાદ પડી રહ્યો છે, જેમાં સંખ્યાબંધ વૃક્ષો ધરાશાયી થવાની સાથે ઘરની દીવાલો તૂટી જવાની, પાણી ભરાવા જેવી અનેક ઘટના બની હતી, જેમાં પાલઘર અને રાયગડ માટે મંગળવાર, સાત જુલાઈના પણ રેડ અલર્ટની ચેતવણી હોઈ ભારેથી અતિભારે વરસાદ પડવાની શક્યતા છે.

સોમવારે સવારે એક મોટા ઉખડી ગયેલા ઝાડને સાફ કરતી વખતે એક ફાયરમેનને પગમાં ગંભીર ઇજાઓ થઈ હતી અને અલગ અલગ ઘટનાઓમાં થાણે શહેરમાં ભારે વરસાદ અને ભારે પવનને કારણે એક મોટું બિલબોર્ડ અને બે દીવાલો ધરાશાયી થઈ હતી. ભારે વરસાદને કારણે થાણે શહેરમાં ૧૧૦ વૃક્ષો ધરાશાયી થયાં હતાં અને ૩૮ ડાળીઓ તૂટી પડી ગઈ, પાણી ભરાઈ જવાના ચાર બનાવો, બે કમ્પાઉન્ડ વોલ ધરાશાયી થયા અને એક સ્લેબ પડી ગયો હતો.

મુંબઈના પડોશી પાલઘર જિલ્લામાં જોરદાર પવનને કારણે ટીન-છતવાળા શેડ ઊડી ગયા અને એક રહેણાંક શાળામાં વૃક્ષો ઉખડી ગયાં હતાં. અધિકારીએ જણાવ્યું હતું કે સંસ્થામાં રહેલા તમામ ૩૫૦ વિદ્યાર્થીઓ સુરક્ષિત (જુઓ પાનું ૪) ▶▶

## ભારે વરસાદથી ફ્લાઈટ્સ ખોરવાઈઃ નાગપુરના ધારાસભ્યો ફસાયા

નાગપુરઃ મુંબઈમાં ભારે વરસાદના કારણે વિમાન સેવાઓ ઠપ થઈ ગઈ હતી, જેના કારણે નાગપુરના એક પ્રધાન અને ધારાસભ્યો મુંબઈ એરપોર્ટ પર જ ફસાઈ ગયા હતા અને સોમવારથી શરૂ થઈ રહેલા મહારાષ્ટ્ર વિધાનસભાના ચોમાસુ સત્રમાં ભાગ લેવા માટે રાજધાની પહોંચી શક્યા નહોતા.

આ અગાઉ, ખરાબ હવામાનને કારણે ફ્લાઇટ્સ રદ થતાં રાજ્યના મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળે અને અન્ય ધારાસભ્યોએ પોતાનો પ્રવાસ રદ કરવો પડ્યો હતો.મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં ભારે વરસાદ અને તીવ્ર પવનની આગાહીને પગલે રાજ્ય વિધાનમંડળના બંને ગૃહોમાં ચોમાસું સત્ર સ્થગિત કરવામાં આવ્યું હતું. ભાજપના ધારાસભ્ય સમીર મેઘેએ જણાવ્યું કે, નાગપુરથી મુંબઈ જતી તેમની સવારે ૧૦:૧૦ની ઈન્ડિગો ફ્લાઈટ ઉપડી જ શકી નહોતી.

ભાજપના ધારાસભ્ય પ્રવીણ દાતકેએ સુરક્ષા ખાતર પ્રવાસ ટાળ્યો હતો, જ્યારે કૉંગ્રેસના ધારાસભ્ય વિકાસ ઠાકરેએ ફ્લાઇટની અનિશ્ચિતતા અંગે નારાજગી વ્યક્ત કરી સત્ર લંબાવવાની માગ કરી હતી.

# સેન્સેક્સ ૭૮,૨૮૫ની સપાટીએ પહોંચ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ક્રુડ ઓઇલના ભાવ ઘટાડા સાથે સ્થાનિક સ્તરે બ્લુચીપ હેવીવેઇટ બેન્ક શેરોમાં લેવાલીનો ટેકો મળતા બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટી સોમવારે સતત ચોથા દિવસે પણ મજબૂત રહ્યા હતા, સ્થાનિક ઇક્વિટી બજારમાં નવા વિદેશી ભંડોળના પ્રવાહે પણ આશાવાદી વલણ ઉમેર્યું હતું. ત્રીસ શેરો ધરાવતો બીએસઈ સેન્સેક્સ દિવસ દરમિયાન, ૬૩૪.૧૫ પોઈન્ટ અથવા ૦.૮૧ ટકા વધીને ૭૮,૩૯૮.૦૬ની ઊંચી સપાટીને અથડાયા બાદ અંતે ૫૨૧.૧૬ પોઈન્ટ અથવા ૦.૬૭ ટકા વધીને ૭૮,૨૮૫.૦૭ પોઇન્ટ પર સ્થિર થયો. જ્યારે પચાસ શેરો ધરાવતો એનએસઈ નિફ્ટી ૧૫૯.૫૦ પોઈન્ટ અથવા ૦.૬૬ ટકા વધીને ૨૪,૪૩૦.૩૫ પર બંધ થયો હતો.

નોંધવું રહ્યું કે પાછલા ચાર ટ્રેડિંગ દિવસોમાં, બેન્ચમાર્ક ૧,૮૦૬.૪ પોઈન્ટ અથવા ૨.૩૬ ટકા વધ્યો છે, અને નિફ્ટી ૫૬૪.૬ પોઈન્ટ અથવા ૨.૩૬ ટકા વધ્યો છે. સેન્સેક્સ પેકમાંથી, એચડીએફસી બેંક ૩.૫૯ ટકા ઉછીળીને સેન્સેક્સની ત્રીસ કંપનીઓમાં ટોપ ગેઇનર બન્યો છે. આ ઉપરાંત મહિન્દ્રા અને મહિન્દ્રા, ભારત ઇલેક્ટ્રોનિક્સ, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ, આઇસીઆઇસીઆઇ બેંક અને મારુતિ પણ સૌથી વધુ વધનારા શેરોમાં સામેલ હતા. આ તરફ કોટક મહિન્દ્રા બેંક, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, બજાજ ફિનસર્વ અને પાવર ગ્રીડ ટોપ લુઝર રહ્યા હતા.

બેન્ક ઓફ મહારાષ્ટ્રએ પ્રથમ ક્વાર્ટરમાં લોન ગ્રોથમાં ૨૭ ટકાના વધારા સાથે રૂ. ૬.૫ લાખ કરોડનો બિઝનેસ નોંધાવ્યો છે. રિન્યુએબલ એનર્જી કંપની કોટચાર્ક ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર ગૌરાંગ રમેશચંદ્ર શાહને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ, લંડન દ્વારા તેમના ઉત્કૃષ્ટ નેતૃત્વ અને રિન્યુએબલ એનર્જી ક્ષેત્રમાં યોગદાન બદલ શ્રેષ્ઠતાનું પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે. ૨૬ જૂનના રોજ લંડનના હાઉસ ઓફ કોમન્સ, પેલેસ ઓફ વેસ્ટમિનિસ્ટર ખાતે પ્રતિષ્ઠિત આંતરરાષ્ટ્રીય મહેમાનોની હાજરીમાં આ પ્રમાણપત્ર આપવામાં આવ્યું હતું.

પ્રાઇમરી માર્કેટમાં લેસર પાવર એન્ડ ઇન્ફ્રા લિમિટેડે તેના રૂ. ૭૪૨ કરોડના આઇપીઓની પ્રાઇસ બેન્ડ માટે રૂ. ૨૦૩થી રૂ. ૨૧૪ની રેન્જ જાહેર કરી છે. આઇપીઓ નવમી જુલાઇએ ખુલશે. કંપની પાવર કેબલ, કન્ડક્ટર્સ, એલ્યુમિનિયમ વાયર રોડ્સ, એરિઅલ બન્ચ્ડ કેબલ અને પાવર ટ્રાન્સમિશન તથા ડિસ્ટ્રીબ્યુશન સેકટરના અન્ય પ્રોડક્ટનું ઉત્પાદન કરે છે. કંપની ૩૧ માર્ચના આંકડા અનુસાર રૂ. ૩૨૪૩ કરોડની ઓર્ડર બુક ધરાવે છે.

ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક, બ્રેન્ટ ક્રૂડ ૦.૮૨ ટકા ઘટીને ૭૧.૫૩ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. એક્સચેન્જ ડેટા અનુસાર, શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ રૂ. ૧,૩૫૫.૩૩ કરોડના ઇક્વિટી શેર ખરીદ્યા હતા. સ્થિર ક્રૂડ ભાવને કારણે મિશ્ર વૈશ્વિક સંકેતો છતાં ભારતીય શેરબજારો હકારાત્મક વલણ સાથે ટ્રેડ થયા. ક્રૂડ ઓઇલના ભાવમાં સતત નરમાઈ ફુગાવાને નીચા સ્તરે રાખવામાં સહાયક બનશે. ઉપરાંત, ચાલુ ખાતાના સંતુલન, ઓઇલ માર્કેટિંગ કંપનીઓની નફાકારકતા અને એકંદર મેક્રો સ્ટેબિલિટીને ટેકો આપશે.

માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, વૈશ્વિક સ્તરે, ઓવરક્રાઉડેડ એઆઇ ટ્રેડમાં શરૂ પ્રોફિટ બુકિંગે વૈશ્વિક બજારને નકારાત્મક અસર કરી હતી જ્યારે એફઆઇઆઇના પ્રવાહમાં સુધારાને કારણે ભારત લાર્જ કેપ્સના નેતૃત્વમાં સારું પ્રદર્શન કરી શકે છે, એવો અભિપ્રાય માર્કેટ એનાલિસ્ટે જાહેર કર્યો હતો. એશિયન બજારોમાં, હોંગકોંગનો હેંગ સેંગ ઇન્ડેક્સ ઊંચો સ્થિર થયો હતો, જ્યારે દક્ષિણ કોરિયાનો કોસ્પી અને જાપાનનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ નીચો રહ્યો હતો. યુરોપમાં બજારો મિશ્ર નોંધ પર ટ્રેડ થઈ રહ્યા હતા. દેશના સ્વતંત્રતા દિવસની ઉજવણીને કારણે શુક્રવારે યુએસ બજારો બંધ રહ્યા હતા. શુક્રવારે, સેન્સેક્સ ૨૬૧.૭૯ પોઈન્ટ અથવા ૦.૩૪ ટકા વધીને ૭૭,૭૬૩.૯૧ પર સ્થિર થયો હતો. નિફ્ટી ૯૫.૧૫ પોઈન્ટ અથવા ૦.૩૯ ટકા વધીને ૨૪,૨૭૦.૮૫ પર બંધ થયો.

શેરબજારમાં ટ્રેડિંગ સેન્ટિમેન્ટ ક્રૂડ ઓઇલના ભાવ, વૈશ્વિક વલણો અને કોર્પોરેટ કમાણીની મોસમની શરૂઆત પર આ સપ્તાહની ચાલનો આધાર રહેશે. કંપની પરિણામો પર વિશેષ ફોકસ રહેશે, જેમાં આઇટી કંપની ટીસીએસના જૂન-ક્વાર્ટરના નાણાકીય પરિણામો કેન્દ્ર સ્થાને રહેવાની સંભાવના હોવાનું સાધનો માને છે.

આ ઉપરાંત, નૈઋત્ય ચોમાસાની પ્રગતિ અને વિદેશી રોકાણકારોની ટ્રેડિંગ પ્રવૃત્તિ પણ બજારના ટ્રેડિંગને પ્રભાવિત કરશે. માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, રોકાણકારો નવ જુલાઈએ ટીસીએસના ત્રિમાસિક પરિણામોનું નજીકથી નિરીક્ષણ કરશે, ખાસ કરીને માગના વલણો, વિવેકાધીન ખર્ચ અને એઆઈ-લેડ વ્યવસાયિક તકો અંગે મેનેજમેન્ટ ટિપ્પણી પર ધ્યાન કેન્દ્રિત કરશે. વધુમાં, સ્થાનિક તરલતાની સ્થિતિ અને બેંકિંગ ક્ષેત્રના સ્વાસ્થ્ય અંગે વધુ માહિતી મેળવવા માટે બેંક ક્રેડિટ વૃદ્ધિ, થાપણ વૃદ્ધિ અને નવીનતમ વિદેશી વિનિમય અનામત ડેટા પર નજર રાખવામાં આવશે.

આ સપ્તાહે, રોકાણકારો યુએસ-ઈરાન વાટાઘાટોમાં વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરે તેવી અપેક્ષા છે, બજારો ઔપચારિક કરારની સંભાવનાઓ પર વધુ સ્પષ્ટતા શોધી રહ્યા છે. જ્યારે તાજેતરના અહેવાલો રચનાત્મક જોડાણ તરફ નિર્દેશ કરે છે, ત્યારે કોઈપણ આંચકો ભૂરાજકીય ચિંતાઓને પુનર્જીવિત કરી શકે છે અને જોખમની ભાવના પર ભાર મૂકી શકે છે. હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા શિપમેન્ટમાં વિક્ષેપો અંગે ચિંતા ઓછી થતાં ક્રૂડ ઓઇલના ભાવ પ્રતિ બેરલ ૬૮-૬૯ ની આસપાસ સ્થિર થયા પછી પણ ફોકસમાં રહેશે. ઊર્જાના ભાવમાં સતત સ્થિરતા ભારતના ફુગાવાના અંદાજ અને બાહ્ય સંતુલન માટે સહાયક રહેશે. માસિક ધોરણે કામચલાઉ એક્સચેન્જ ડેટા અનુસાર જૂન ૨૦૨૬માં, એફઆઇઆઇએ રૂ. ૪૯૦.૩ બિલિયનના કુલ ચોખ્ખા વેચાણકર્તા હતા, જ્યારે ડીઆઇઆઇ રૂ. ૮૫૮.૦ બિલિયનનું રોકાણ કરીને મજબૂત ચોખ્ખા ખરીદદારો તરીકે ઉભરી આવ્યા હતા.

આમ એફઆઇઆઇની વેચવાલીનો વેગ ઘટ્યો છે, પરંતુ અટક્યો નથી. સરવાળે, બજારની દિશા યુએસ એફઓએમસી મિનિટ્સ, સ્થાનિક કમાણીની મોસમની શરૂઆત, ચોમાસાની પ્રગતિ, ક્રેડિટ વૃદ્ધિના વલણો અને જાપાન, યુકે અને યુએસ સાથે ચાલી રહેલી વેપાર વાટાઘાટો દ્વારા આકાર પામશે. કમાણી વૃદ્ધિના અંદાજોમાં ઘટાડા, ચોમાસા સંબંધિત ફુગાવાની ચિંતાઓ અને સતત એફઆઇઆઇ સાવચેતી વચ્ચે જોખમો ચાલુ રહે છે. ■

# ડૉલર મજબૂત થતાં વિશ્વ બજાર પાછળ સોના-ચાંદીમાં નરમાઈ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગત સપ્તાહે સોનાના વૈશ્વિક ભાવમાં બે ટકા જેટલો ઉછાળો નોંધાયા બાદ આજે આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ બે સપ્તાહની ઊંચી સપાટીએથી પાછા ફર્યા હતા અને ચાંદીના ભાવમાં વધ્યા મથાળેથી નરમાઈ જોવા મળી હતી. આમ વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સપ્તાહના આરંભે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૫૮થી ૭૬૧નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૭૦૦નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વિશ્વ બજારનાં નિરુત્સાહી અહેવાલ સાથે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને ઔદ્યોગિક વપરાશકારોની માગને જળવાઈ રહેતાં હાજરમાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૭૦૦ના ઘટાડા સાથે રૂ. ૨,૩૩,૧૫૮ના મથાળે રહ્યા હતા. તે જ પ્રમાણે સોનામાં પણ વિશ્વ બજાર પાછળ નરમાઈનું વલણ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૭૫૮ ઘટીને રૂ. ૧,૪૫,૦૦૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૬૧ ઘટીને રૂ. ૧,૪૫,૫૮૩ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં ૨૩ પૈસા જેટલો ઘટાડો આવ્યો હોવાથી સોનાની આયાત પડતરમાં વધારો થવાથી વિશ્વ બજારની સરખામણીમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હતો. તેમ જ આજે વધુ ભાવઘટાડાના આશાવાદે સાર્વત્રિક સ્તરેથી સોનામાં માગ નિરસ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે ગત શુક્રવારે હાજરમાં સોનાના ભાવ ગત બાવીસમી જૂન પછીની ઊંચી ઔંસદીઠ ૪૨૦૨.૧૩ ડૉલરની સપાટી સુધી પહોંચ્યા બાદ આજે ડૉલર ઈન્ડેક્સ ૦.૨ ટકા મજબૂત થતાં નરમાઈનું વલણ રહેતાં હાજરમાં ભાવ આગલા બંધ સામે ૦.૪૬ ટકા ઘટીને ઔંસદીઠ ૪૧૫૬.૩૬ ડૉલર આસપાસ અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૧.૧ ટકા વધીને ૪૧૬૮.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ આગલા બંધ સામે ૦.૫ ટકા ઘટીને ઔંસદીઠ ૬૨.૧૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, ગત શુક્રવારે ભાવ વધીને ૨૩મી જૂન પછીની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા.

વર્તમાન કેલેન્ડર વર્ષ ૨૦૨૬માં અમેરિકી ફેડરલ રિઝર્વ ઓછી વખત વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા પ્રબળ થતાં ગત સપ્તાહે સોનાના વૈશ્વિક ભાવમાં સુધારો આવ્યા બાદ હવે ભાવ કોન્સોલિડેશનના તબક્કામાં હોવાનું સાક્સો બૅન્કના વિશ્લેષક ઓલે હાસને જણાવતાં ઉમેર્યું હતું હાલમાં સોનું ઔંસદીઠ ૩૯૦૦થી ૪૦૦૦ ડૉલર આસપાસ ટેકાની સપાટી બનાવવા મથી રહ્યું છે અને ઘણી પ્રતિકારક સપાટી વટાવવાની બાકી છે. અમારા મતે ૨૦૦ દિવસની દૈનિક સરેરાશ ૪૪૮૫ ડૉલરની સપાટી પ્રતિકારક સપાટી પુરવાર થશે.

દરમિયાન આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં વધારો કરે તેવી ૫૦ ટકા શક્યતા બજાર વર્તુળો વ્યક્ત કરી રહ્યા છે. જોકે, હવે ટ્રેડરો અને રોકાણકારોની નજર આગામી બુધવારે જાહેર થનારી અમેરિકી ફેડરલ રિઝર્વની છેલ્લી નીતિવિષયક બેઠકની જાહેર થનારી મિનિટ્સ પર સ્થિર થઈ છે. વધુમાં આજે જેપી મોર્ગને એક નોટ્સમાં જણાવ્યું હતું કે સોનામાં અમુક મુખ્ય ક્ષેત્રની માગ અપેક્ષા જેટલી મજબૂત ન હોવાથી અમારા મતે વર્ષ ૨૦૨૬ના ત્રીજા ત્રિમાસિકગાળામાં સોનાના ભાવ ઔંસદીઠ ૪૩૦૦ ડૉલર સુધી સીમિત રહેશે, જ્યારે ચોથા ત્રિમાસિકગાળામાં ભાવ ૪૫૦૦ ડૉલરની રેન્જમાં રહે તેવી શક્યતા છે. ■

# ડૉલર સામે રૂપિયો પચ્ચીસ પૈસા ગબડ્યો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં ખાસ કરીને ઊભરતા અર્થતંત્રોના ચલણ સામે ડૉલરમાં મજબૂત વલણ રહ્યું હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો આગલા બંધ સામે પચ્ચીસ પૈસા નબળો પડીને ૯૫.૪૩ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ અને ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૩૫૫.૩૩ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાના એક્સચેન્જના પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતાં રૂપિયામાં મોટો ઘટાડો અટક્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૯૫.૧૮ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૯૫.૨૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૪૮ અને ઉપરમાં ૯૫.૨૨ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે પચ્ચીસ પૈસા તૂટીને ૯૫.૪૩ની સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે ડૉલર સામે રૂપિયામાં ૧૭ પૈસાનો સુધારો આવ્યો હતો.

અમેરિકી ફેડરલ રિઝર્વ વર્ષ ૨૦૨૬માં ઓછામાં ઓછું એક વખત વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતા રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો. જોકે, સ્થાનિક ઈક્વિટીમાં માર્કેટમાં સુધારો અને ક્રૂડ તેલના ભાવમાં ઘટાડાતરફી વલણ રહેતાં રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે આગામી ટૂંકા સમયગાળામાં ડૉલર સામે રૂપિયાની રેન્જ ૯૫.૧૦થી ૯૫.૬૦ આસપાસની રહે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૨૬ ટકા વધીને ૧૦૧.૧૨ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો. જોકે, આજે બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં ભાવ ૦.૭૬ ટકા ઘટીને બેરલદીઠ ૭૧.૫૭ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૫૨૧.૧૬ પૉઈન્ટનો અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં ૧૫૯.૫૦ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાને થોડાઘણાં અંશે ટેકો મળ્યો હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. ■

# મથકો પાછળ દેશી તેલમાં ₹ ૧૦થી ૨૦ની તેજી



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગુજરાતના મથકો પર આજે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સિંગતેલ અને કપાસિયા રિફાઈન્ડના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ ૧૦ કિલોદીઠ કપાસિયા રિફાઈન્ડમાં રૂ. ૨૦ની અને સિંગતેલ તથા સરસવમાં રૂ. ૧૦ની તેજી આવી હતી. વધુમાં આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૭૦ રિંગિટ વધી આવ્યા હોવાથી સ્થાનિકમાં પણ આયાતી તેલમાં સોયા રિફાઈન્ડનામાં રૂ.૧૫, આરબીડી પામોલિનમાં રૂ. ૧૦ અને સન રિફાઈન્ડમાં રૂ. પાંચ વધી આવ્યા હતા.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૩૮, ગોકુલ એગ્રોના ઑગસ્ટ ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૪૦, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિનના રૂ. ૧૪૮૦, રિલાયન્સ કન્ઝ્યુમરના જુલાઈ અને ઑગસ્ટ ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૫ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ વેપારો પણ છૂટાછવાયા રહ્યાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ગુજરાતમાં ગોંડલ મથકે સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૬૦૦માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૫૦૦માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૪૦થી ૧૫૪૫માં થયા હતા. વધુમાં ગોંડલ મથકે આજે મગફળીની ૧૫૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૧૫૦થી ૧૫૩૦માં અને રાજકોટ મથકે ૯૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૧૦૦થી ૧૫૫૦માં થયા હતા. વધુમાં આજે રાજકોટ મથકે સિંગતેલમાં સ્થાનિક અને દેશાવરોની માગને ટેકે તેલિયા ટીનના ભાવ ૧૫ કિલોદીઠ રૂ. ૧૦ વધીને રૂ. ૨૪૯૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ વધીને રૂ. ૧૫૬૦ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે મધ્ય પ્રદેશનાં મથકો પર અંદાજે ૧.૧૫ લાખ ગૂણી સોયાસીડની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૬૬૫૦થી ૬૮૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૬૯૦૦થી ૬૯૫૦માં થયા હતા.

આજે હાજર બજારમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના ભાવ રૂ. ૧૪૬૫, સન રિફાઈન્ડના રૂ. ૧૬૭૦, સિંગતેલના રૂ. ૧૬૦૦ કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૫૦ અને સરસવના રૂ. ૧૬૪૦ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. ■

# મથકો પાછળ ખાંડમાં ₹ ૧૮થી ૪૦નો ચમકારો, વેપાર છૂટાછવાયા



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: તાજેતરમાં મહારાષ્ટ્રનાં ખાંડના મથકો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ભાવમાં મક્કમથી સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ આજે સપ્તાહના આરંભે મથકો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૮થી ૪૦નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૨૦થી ૨૬નો ચમકારો આવ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો. જોકે, આજે પણ સતત વરસી રહેલા વરસાદ અને હવામાન ખાતાએ રેડ એલર્ટ જાહેર કર્યું હોવાથી રિટેલ સ્તરની માગ મર્યાદિત રહી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો.

જોકે, મથકો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૧૮થી ૪૦ના સુધારા સાથે રૂ. ૪૧૪૦થી ૪૨૨૨માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૬ અને ઉપલા મથાળેથી રૂ. ૨૦ના સુધારા સાથે રૂ. ૪૨૬૨થી ૪૩૩૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો અને સ્થાનિક ડીલરોની પણ માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પાછળ ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦ વધી આવ્યા હતા, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૧૧૦થી ૪૧૫૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૧૯૦થી ૪૨૬૦માં થયા હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. ■

# પાંખાં કામકાજે ધાતુમાં મિશ્ર વલણ ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલીએ ₹ ૧૫૦નો ઉછાળો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હોવાથી લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે વરસાદી માહોલ અને હવામાન ખાતાએ એલર્ટ જાહેર કર્યું હોવાથી એકંદરે પાંખાં કામકાજો રહેતાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જેમાં ખાસ કરીને ટીન, નિકલ અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૫૦, રૂ. ૧૨ અને રૂ. છ વધી આવ્યા હતા અને વપરાશકાર ઉદ્યોગની લેવાલીને ટેકે કોપર વાયરબાર અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ત્રણ અને રૂ. એકનો સુધારો આવ્યો હતો. આ સિવાય કોપરની અમુક વેરાઈટીઓ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં કિલોદીઠ રૂ. બેથી પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે કોપર કેબલ સ્ક્રેપ, બ્રાસ શીટ કટિંગ્સ અને લીડ ઈન્ગોટ્સમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે ટીન, નિકલ અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૫૦ વધીને રૂ. ૫૧૭૫, રૂ. ૧૨ વધીને રૂ. ૧૬૦૦ અને રૂ. છ વધીને રૂ. ૩૭૭ના મથાળે રહ્યા હતા. આ સિવાય વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૧૩૪૮ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૩૩૮ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે અમુક ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને ઔદ્યોગિક વપરાશકારોની માગ પણ નિરસ રહેતાં ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને અનુક્રમે રૂ. ૧૧૭૮, રૂ. ૮૨૫ અને રૂ. ૨૯૦ના મથાળે, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૧૨૫૧ના મથાળે અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૧૨૬૧ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે કોપર કેબલ સ્ક્રેપ, બ્રાસ શીટ કટિંગ્સ અને લીડ ઈન્ગોટ્સમાં છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૨૭૦, રૂ. ૯૦૦ અને રૂ. ૨૦૭ની સપાટીએ ટકેલા રહ્યાના અહેવાલ હતા. ■

# રોકાણકારોનો નબળો પ્રતિસાદ: કેન્દ્રએ મહત્ત્વપૂર્ણ ખનીજનાં નવ બ્લોકના લિલામ રદ કર્યા

નવી દિલ્હી: રોકાણકારોનો નબળો પ્રતિસાદ અને ક્વૉલિફાઈડ બિડરોના અભાવને કારણે કેન્દ્ર સરકારે મહત્ત્વપૂર્ણ અને વ્યૂહાત્મક ખનીજના નવ બ્લોકનાં લિલામને રદ કર્યું છે. આ બ્લોક્સને વેચાણના સાતમાં રાઉન્ડમાં બ્લોક પર મૂકવામાં આવ્યા હતા.

એકંદરે લિલામ રદ થતાં સરકારના સ્થાનિક સ્તરે મહત્ત્વપૂર્ણ ખનીજોની શોધ અને ઉત્પાદનને વેગ આપવાના પ્રયાસને એક ધક્કો લાગ્યો છે. કેમ કે તેનાં થકી દેશની ઊર્જા સુરક્ષા અને ક્લિન ટૅક મેન્યુફેક્ચરિંગને વેગ મળે તેમ હોવાની સાથે આયાત નિર્ભરતામાં પણ ઘટાડો કરવા માટે પણ ઘટાડો થવાની શક્યતા હતી. વધુમાં તે જોખમી ખનીજ સંપત્તિમાં ખાનગી રોકાણને આકર્ષવાના પડકારને પણ પ્રતિબિંબિત કરે છે. ખાસ કરીને જ્યાં ટેક્નિકલ જટિલતાઓ, ઊંચા મૂડીગત્ ખર્ચ અને નિયમનકારી અનિશ્ચિતતાઓ હોવાથી રોકાણકારોનો બિડિંગ કરવામાં રસ ઓછો થતો હોય છે.

સરકારે અગાઉના તબક્કામાં પણ કેટલાંક મહત્ત્વના અને વ્યૂહાત્મક ખનીજોનાં બ્લોકનું લિલામ રદ કર્યું હતું. નોંધનીય બાબત એ છે કે પહેલા તબક્કામાં ૧૩, બીજા તબક્કામાં ૧૪, ત્રીજા તબક્કામાં ત્રણ, ચોથા તબક્કામાં ૧૧, પાંચમાં તબક્કામાં પાંચ અને છઠ્ઠા તબક્કામાં ૧૧ બ્લોકનો સમાવેશ થતો હતો. ■

# યુરિયા, ડીએપી અને સલ્ફરનાં ૧૫ વેસલે સલામતીથી સ્ટ્રેટ ઑફ હોર્મુઝ માર્ગ પસાર કર્યો

નવી દિલ્હી: તાજેતરમાં પશ્ચિમ એશિયાના વિવાદ દરમિયાન પણ દેશની ખાસ કરીને ફર્ટિલાઈઝરની પુરવઠાચેઈન નથી ખોરવાઈ અને ફર્ટિલાઈઝર અને કાચા માલનું વહન કરતાં ૨૦ વેસલ પૈકી ૧૫ વેસલે સલામતીપૂર્વક સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગ પસાર કર્યો હોવાનું રસાયણ ખાતર મંત્રાલયે એક યાદીમાં જણાવ્યું છે.

પસાર થયેલા ૧૫ વેસલ પૈકી આઠ વેસલમાં ૩.૩૨ લાખ ટન યુરિયા, ચાર વેસલમાં ૨.૫૭ લાખ ટન ડીએપી (ડાય એમોનિયમ ફોસ્ફેટ) અને ત્રણ વેસલમાં ૧.૧૧ લાખ ટન સલ્ફર છે અને આ વેસલ ભારતીય બંદર તરફ આવી રહ્યા છે. આ ઉપરાંત પ્રત્યેક ૨૫,૦૦૦ ટન એમોનિયા અને ૪૫,૦૦૦ ટન યુરિયા સહિતના પાંચ વેસલ પાઈપલાઈનમાં છે. તેમ જ યુરિયાના વધુ બે વેસલ અને એક સલ્ફરનું વેસલ લોડિંગ થઈ રહ્યું છે અને તેનું શિપમેન્ટ સમયસર પહોંચશે, એમ મંત્રાલયે એક યાદીમાં જણાવ્યું હતું. મંત્રાલયના જણાવ્યાનુસાર યુરિયાના પુરવઠાનો બંદોબસ્ત ઓમાન, મલયેશિયા, વિયેટનામ જ્યોર્જિયા, નાઈજી રિયા, રશિયા, ફિનલેન્ડ, ઈજિપ્ત, એલ્જેરિયા, તુર્કિય અને નેધર્લેન્ડથી કરવામાં આવ્યો હતો, જ્યારે ડીએપી અને એનપીકેના પુરવઠાનો બંદોબસ્ત રશિયા, મોરોક્કો, ઈજિપ્ત, અમેરિકા, જોર્ડન, દક્ષિણ કોરિયા, તુનિશિયા અને સાઉદી અરેબિયાથી રાતા સમુદ્ર મારફતે કરવામાં આવ્યો હતો. ■

# પહેલા જ વરસાદે ઉનાના સૈયદ રાજપરા બંદરના માછીમારોને કરોડોનો ફટકો, બોટો પાણીના પ્રવાહમાં ફંગોળાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ઉના: ચોમાસાના પ્રથમ જ વરસાદે ઉના તાલુકાના દરિયાકાંઠે આવેલા રાજ્યના મહત્ત્વના માછીમારી બંદરોમાંના એક સૈયદ રાજપરા બંદર પર કુદરતી આફતનું ગંભીર દૃશ્ય સર્જ્યું છે.



મધ્ય ગીર જંગલ વિસ્તારમાં ધોધમાર વરસાદ બાદ રાવલ નદીમાં આવેલા પ્રચંડ પાણીના પ્રવાહે બંદરની ખાડીમાં લંગારેલી બોટોને તબાહી તરફ ધકેલી દીધી છે. પાર્કિંગ જેટીની સુવિધા ન હોવાથી ખાડીમાં બાંધેલી બોટો ધસમસતા પાણીના પ્રવાહમાં ફંગોળાઈ ગઈ હતી. પરિણામે સાત ફિશિંગ બોટ દરિયામાં ડૂબી ગઈ, જ્યારે દરિયાની ભેખડો સાથે અથડાઈ પાંચ બોટ સંપૂર્ણપણે ફાટી-તૂટી ગઈ છે. આ ઘટનામાં અંદાજે રૂ. બે કરોડથી વધુનું નુકસાન થયું હોવાનું પ્રાથમિક અંદાજ છે. સૈયદ રાજપરા બંદર ઉનાથી આશરે ૨૦ કિલોમીટર દૂર દરિયાકાંઠાના છેવાડે આવેલું રાજ્યનું મહત્ત્વનું પરંપરાગત માછીમારી બંદર છે. અહીં ૧૦ હજારથી વધુ માછીમારોનો વસવાટ છે અને સમગ્ર વિસ્તારનો મુખ્ય વ્યવસાય માછીમારી છે. અંદાજે ૫૦૦થી વધુ ફિશિંગ બોટો ધરાવતું આ બંદર અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના ધારાબંદર સાથે જોડાયેલું છે. સમગ્ર વિસ્તારના હજારો પરિવારોનો જીવન નિર્વાહ દરિયા પર આધારિત હોવાથી આવી કુદરતી આફતો સમગ્ર અર્થતંત્રને સીધી અસર પહોંચાડે છે. માછીમારોના જણાવ્યા મુજબ હજુ પણ ત્રણ બોટ દરિયાની ભેખડો વચ્ચે ફસાયેલી છે. દરિયામાં સતત ઉછળતા મોજા અને જોખમી પરિસ્થિતિને કારણે બોટોને બહાર કાઢવી મુશ્કેલ બની છે.

જો આગામી દિવસોમાં પણ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરવામાં નહીં આવે તો આ બોટો પણ દરિયામાં તૂટી જવાની પૂરી શક્યતા છે. માછીમારોના જણાવ્યા મુજબ મધ્ય ગીર જંગલ વિસ્તારમાં આવેલ રાવલ ડેમ ઓવરફ્લો થાય અથવા ડેમમાંથી પાણી છોડવામાં આવે ત્યારે રાવલ નદી સહિત આસપાસના તમામ નાળા-હોંકરાનું પાણી સૈયદ રાજપરા બંદરની ખાડીમાંથી દરિયામાં વહી જાય છે. ચોમાસામાં આ પાણીનો પ્રવાહ એટલો પ્રચંડ બની જાય છે કે ખાડીમાં લંગારેલી બોટો એકબીજા સાથે અથડાઈ જાય છે અથવા સીધી દરિયામાં તણાઈ જાય છે. અગાઉ તૌકતે વાવાઝોડા દરમિયાન પણ માછીમારોએ ભારે નુકસાન વેઠવું પડ્યું હતું અને હવે ફરી એકવાર કુદરતી આફતે તેમની જીવનભરની મૂડી જોખમમાં મૂકી છે. માછીમારોએ આક્ષેપ કર્યો હતો કે, દરિયામાં ફસાયેલી બોટોને બચાવવા માટે ફિશરીઝ વિભાગ પાસે કોઈ કાયમી બચાવ વ્યવસ્થા નથી. કરોડો રૂપિયાની બોટો દરિયામાં ફસાયેલી હોવા છતાં તેને બહાર કાઢવા માટે જરૂરી ટગબોટ, ટોલર કે ભારે મશીનરી ઉપલબ્ધ નથી. ■

# કચ્છમાં વાદળો ઘેરાયાં પણ વરસ્યા નહીં: અસહ્ય બફારાથી જનજીવન પ્રભાવિત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં હવામાન વિભાગ દ્વારા ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે, પરંતુ આકાશમાં વાદળો ઘેરાવા છતાં મેઘરાજા હજુ સુધી મન મૂકીને વરસ્યા નથી. વાતાવરણીય પરિબળો હજી પૂરતા પ્રમાણમાં સાનુકૂળ ન હોવાને કારણે આગામી બે-ત્રણ દિવસ જિલ્લામાં કોઈ વરસાદની સંભાવના નહિવત દેખાઈ રહી છે.

વરસાદના વર્તારા વચ્ચે જિલ્લા મથક ભુજ સહિતના આસપાસના વિસ્તારોમાં માત્ર અમી છાંટણા વરસ્યાં હતાં જેનાથી રસ્તાઓ માંડ ભીંજાયા હતા. જો કે, બંગાળની ખાડીમાં સર્જાયેલી નવી લો-પ્રેશર સિસ્ટમ આગામી દિવસોમાં સમગ્ર રાજ્યની સાથે કચ્છમાં પણ સાર્વત્રિક અને સારો વરસાદ લાવશે તેવી આશા બંધાઈ છે.

હાલની સ્થિતિએ જિલ્લામાં સૂર્યનારાયણના દર્શન દુર્લભ બન્યા છે અને આકાશ વાદળોથી ઘેરાયેલું રહે છે, પરંતુ વરસાદના અભાવે અસહ્ય ઉકળાટ અને બફારાનું સામ્રાજ્ય છવાયું છે. જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૫થી ૩૭ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૮થી ૨૯ ડિગ્રી આસપાસ નોંધાતાં જનજીવન વરસાદના બદલે પરસેવે રેબઝેબ થઈ રહ્યું છે.

રણપ્રદેશમાં હવે મેઘરાજાના ધમાકેદાર આગમનની ચાતક નજરે રાહ જોવાઈ રહી છે. ■

# મુંદરામાં ટ્રાન્સફોર્મર બ્લાસ્ટ બાદ ભીષણ આગ: પાર્ક કરેલી ૧૦ જેટલી મોટરસાઈકલો બળીને ખાખ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના મુંદરાના ઔદ્યોગિક વિસ્તારમાં આવેલી 'કચ્છ કોપર કંપની' સામે એક વીજ ટ્રાન્સફોર્મરમાં જોરદાર ધડાકા સાથે ભીષણ આગ ફાટી નીકળતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. આગની લપેટમાં આવી જતાં નજીકમાં પાર્ક કરેલી આશરે ૧૦ જેટલી મોટરસાઈકલો સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ હતી. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી. શોર્ટ સર્કિટ અથવા કોઈ ટેકનિકલ ખામીના કારણે ટ્રાન્સફોર્મરમાં પહેલાં એક જોરદાર બ્લાસ્ટ થયો હતો અને જોતજોતામાં આગની ભયાનક જ્વાળાઓ ઉઠવાની શરૂ થઈ હતી. આગ એટલી ઝડપથી ફેલાઈ કે કંપનીના કર્મચારીઓ અને મુલાકાતીઓ દ્વારા ટ્રાન્સફોર્મર નજીક પાર્ક કરાયેલા નાના વાહનો તેની ઝપેટમાં આવી ગયા હતા અને એક પછી એક સળગી ઉઠ્યા હતા. આગ લાગતાં જ લોકો સમયસૂચકતા વાપરીને દૂર ભાગી ગયા હોવાથી મોટી જાનહાનિ ટળી હતી, પરંતુ વાહનમાલિકોને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો.

આગના કારણે આકાશમાં ૩-૪ કિલોમીટર દૂર સુધી કાળા ડીબાંગ ધુમાડાના ગોટેગોટા દેખાતાં સમગ્ર પંથકમાં ભયનો માહોલ છવાયો હતો. ઘટનાની જાણ થતાં જ વીજ કંપનીના અધિકારીઓ, સ્થાનિક તંત્ર અને ફાયર ફાઇટરની ટીમ તાબડતોબ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. તકેદારીના ભાગરૂપે વિસ્તારનો પાવર સપ્લાય કાપી નાખીને ફાયર બ્રિગેડના જવાનોએ ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. ■

# ભાવનગરના શિહોર નજીકથી ગેરકાયદે પિસ્તોલ સાથે શખસ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: લોકલ ક્રાઇમ બ્રાન્ચ ટીમે શિહોર ડિવિઝન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન ગેરકાયદેસર હથિયાર સાથે એક ઇસમને ઝડપી પાડવામાં સફળતા મેળવી હતી.

ભાવનગર એલ.સી.બી.સ્ટાફના માણસો શિહોર વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી અર્થે પેટ્રોલિંગમાં હતા. તે દરમિયાન પોલીસ ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, ભાવનગર-રાજકોટ રોડ પર આવેલા બજુડ ગામના પાટિયા પાસે એક શખ્સ ગેરકાયદે હથિયાર ધારણ કરીને ઊભો છે, જેણે મરૂન કલરનો શર્ટ પહેરેલો છે અને માથા પર મોટા વાળ રાખેલા છે.

બાતમીના આધારે એલ.સી.બી.ની ટીમે તુરંત જ બજુડ ગામના પાટિયા પાસે પહોંચીને તપાસ હાથ ધરતા બાતમી વર્ણનવાળો શખ્સ ત્યાં મળી આવ્યો હતો. પોલીસે તેને કોર્ડન કરીને ઝડપી લીધો હતો અને તેની તલાશી લેતા તેની પાસેથી લોખંડની ધાતુની સિલ્વર કલરની, છ ઇંચ લાંબી બેરલ અને ચાર ઇંચ લાંબા સિલ્વર-કાળા કલરના હાથાવાળી તથા ખાલી મેગેઝીનવાળી એક ચાલુ હાલતની પિસ્ટલ મળી આવી હતી. પોલીસે રૂ. ૧૦,૦૦૦/- ની કિંમતની આ ગેરકાયદેસર પિસ્ટલ કબજે કરી આરોપી વિજયભાઈ શંભુભાઈ મેર (ઉ.વ. ૩૨, ધંધો-મજૂરી, રહે. લુવારા ગામ, તા. ગારીયાધાર, જી. ભાવનગર) વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ કાયદેસરનો ગુનો નોંધી, આગળની તપાસ અર્થે તેને સોનગઢ પોલીસ સ્ટેશનને સોંપી આપ્યો હતો. આ સફળ કામગીરીમાં એલ.સી.બી. સ્ટાફના અનિરૂધ્ધસિંહ ગોહિલ, બીજલભાઈ કરમટીયા, નિલેશભાઈ જોશી અને એજાજખાન પઠાણ જોડાયા હતા. ■

# વિદેશી દારૂ છુપાવીને લાવતો મહારાષ્ટ્રનો બદમાશ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગાંધીધામના રેલવે મથકે આવેલી કચ્છ એક્સપ્રેસ ટ્રેનમાંથી ઉતરીને શંકાસ્પદ રીતે ભાગવા જતાં એક શખ્સને રેલવે પોલીસે દબોચી લીધો હતો. તલાશી દરમિયાન તેની બેગમાંથી રૂા. ૨૨,૨૯૭ની કિંમતની વિદેશી દારૂની ૨૪ બોટલો મળી આવતાં પોલીસે દારૂનો જથ્થો જપ્ત કરી ગુનો દાખલ કર્યો હતો.

મળતી વિગત મુજબ, સવારે ગાંધીધામ રેલવે પોલીસની ટીમ પ્લેટફોર્મ પર પેટ્રોલિંગમાં હતી.

આ દરમિયાન કચ્છ એક્સપ્રેસ ટ્રેન આવીને ઊભી રહેતાં જ જનરલ કોચમાંથી એક શખ્સ મોટી બેગ સાથે ઉતાવળે ઊતરીને ભચાઉ તરફ જવા રવાના થયો હતો. ઉતાવળમાં તે લપસી પડતાં પોલીસને તેના પર વહેમ ગયો હતો. પોલીસે તેને અટકાવી તેની બેગની તપાસ કરતાં તેમાંથી ૭૫૦ મિલીની વિદેશી શરાબની ૨૪ બોટલો મળી આવી હતી. ■

# રાજકોટના પડધરીમાં વીજપોલના વળતર મુદ્દે ખેડૂતોની ટ્રેક્ટર રેલી, મામલતદારને છ માંગણીઓ સાથે આવેદનપત્ર આપ્યું છે



(તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)





(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજકોટ જિલ્લામાં વીજ ટ્રાન્સમિશન લાઇન માટે ઊભા કરવામાં આવનારા વીજપોલના મુદ્દે ખેડૂતોનો વિરોધ દિવસે ને દિવસે વધુ ઉગ્ર બનતો જઈ રહ્યો છે. પડધરી તાલુકાના અનેક ગામોના ખેડૂતો જમીન સંપાદન અને વળતરની નીતિ સામે ખુલ્લેઆમ વિરોધ નોંધાવી રહ્યા છે. આ મુદ્દે ખેડૂતોએ જણાવ્યું હતું કે, તેમની ખેતીની જમીન પર વીજ ટ્રાન્સમિશન લાઇનના પોલ ઊભા કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી રહી છે, પરંતુ તેના બદલામાં યોગ્ય અને વાજબી વળતર આપવામાં આવી રહ્યું નથી. આ મુદ્દે છેલ્લા કેટલાક દિવસોથી ખેડૂતોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ વિરોધના ભાગરૂપે પડધરી તાલુકામાં ખેડૂતો દ્વારા ટ્રેક્ટર મહારેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ખેડૂત હિતરક્ષક સમિતિ દ્વારા ખેડૂતોના હિતની રક્ષા માટે આ રેલી યોજાઈ હતી.

ખેડૂતોના જણાવ્યા મુજબ પડધરી તાલુકાના ખજરૂડી, ખોડાપીપર સહિત ચાર ગામોના ખેડૂતોને વીજપોલ ઊભા કરવાની કાર્યવાહી અંગે નોટિસ આપવામાં આવી છે. નોટિસ મળ્યા બાદ ખેડૂતોમાં વધુ ચિંતા અને અસંતોષ ફેલાયો છે. આ ટ્રેક્ટર રેલીમાં આશરે ૩૦૦૦થી વધુ ખેડૂતો ૧૦૦ ટ્રેક્ટર અને ૩૦૦થી વધુ બાઈક સાથે જોડાયા હતા. રેલી પડધરીના મોવૈયા સર્કલથી શરૂ થઈ મુખ્ય માર્ગ અને રેલવે ફાટક થઈને મામલતદાર કચેરી સુધી પહોંચી હતી. ખેડૂતોએ મામલતદારને આવેદનપત્ર પાઠવી સરકાર સમક્ષ પોતાની રજૂઆત કરી હતી. ખેડૂતોએ સરકાર સમક્ષ ખેડૂતોને ચાર ગણું વળતરની માંગ કરી હતી.

આ આવેદનપત્રમાં ખેડૂતોના હિતની કુલ છ માગણીઓ રજૂ કરવામાં આવી હતી અને તેને સ્વીકારવા અપીલ કરાઈ હતી. વીજ પોલના વિરોધમાં સંગઠિત થયેલા ખેડૂત આગેવાનોએ ચેતવણી આપી હતી કે, જો સરકાર અને સંબંધિત તંત્ર ખેડૂતોની રજૂઆતને ગંભીરતાથી નહીં લે અને યોગ્ય નિર્ણય નહીં કરે તો આંદોલન વધુ ઉગ્ર બનાવવામાં આવશે. ■

# ભચાઉમાં એન્ટિક સિક્કાના નામે વેપારી સાથે ₹ ૩૨ લાખની ઠગાઈ

## અસલી સિક્કા બતાવી નકલી પધરાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: જૂના જમાનાના અને સોનાના એન્ટિક સિક્કા સસ્તામાં આપવાની લાલચ આપીને ભોળા 'શોખીન' લોકોને શિકાર બનાવતી ઠગ ટોળકી ફરી એકવાર સક્રિય થઈ છે. ભચાઉમાં એક વાસણના વેપારીને વિશ્વાસમાં લઈ, અસલી એન્ટિક સિક્કાની આડમાં ખોટા સિક્કા પધરાવી બે અજાણ્યા શખ્સો રૂા. ૩૨ લાખની રોકડ રકમ પડાવીને રફુચક્કર થઈ ગયા હોવાની ચોંકાવનારી ઘટના બની હતી.

મળતી વિગત મુજબ, ભચાઉના રામવાડી વિસ્તારમાં રહેતા અને ઘંટી ચોકમાં 'મહાવીર વાસણ' નામની દુકાન ચલાવતા રોહિત વિનોદ શેઠ નામના વિન્ટેજ વસ્તુઓના કલેકટર યુવકે આ અંગે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે, ગત તા. ૨૨ મેના રોજ તેમની દુકાને ૨૫થી ૪૦ વર્ષની વયના બે અજાણ્યા શખ્સો આવ્યા હતા અને એક જૂનો સિક્કો બતાવી તેની કિંમત પૂછી હતી. વેપારીએ સિક્કો સોની પાસે તપાસાવતા તે સોનાનો અને આશરે રૂા. ૧૪,૦૦૦ની કિંમતનો હોવાનું બહાર આવ્યું હતું. વેપારીનો વિશ્વાસ જીત્યા બાદ ઠગોએ ફોન કરીને જણાવ્યું કે તેમની પાસે આવા ૨૭૦૦થી ૨૮૦૦ સિક્કા (આશરે ૨ કિલો ૭૦૦ ગ્રામ) છે, જેની બજાર કિંમત ૪૦થી ૪૫ લાખ રૂપિયા થાય છે. ઠગોએ આ આખો જથ્થો રૂા. ૩૨ લાખમાં આપી દેવાની લાલચ આપી હતી. સોદાબાજી વખતે વેપારીએ પોટલીમાંથી રેન્ડમલી ત્રણ સિક્કા કાઢીને ફરી સોની પાસે ચેક કરાવ્યા, જે સાચા નીકળ્યા હતા.ત્રણ સિક્કા સાચા નીકળતાં વેપારીને પૂર્ણ વિશ્વાસ આવી ગયો હતો અને તેમણે આરોપીઓને રૂા. ૩૨ લાખ રોકડા ચૂકવીને સિક્કાની પોટલી ખરીદી લીધી હતી. રૂપિયા મેળવ્યા બાદ બંને શખ્સો ત્યાંથી નાસી છૂટ્યા હતા. બાદમાં વેપારીએ ઘરે જઈને તમામ સિક્કાની બારીકાઈથી તપાસ કરાવી ત્યારે તે તમામ સિક્કા નકલી હોવાનું બહાર આવ્યું હતું. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનો અહેસાસ થતાં જ વેપારીના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. ■

# રાપરમાં ગેરંટીનું કૂલર બદલવા મુદ્દે મહિલા પર દુકાનદારનો હુમલાનો પ્રયાસ: એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના રાપર શહેરના માલીચોક વિસ્તારમાં ગેરંટી પીરિયડમાં રહેલું કુલર બદલવા જેવી નજીવી બાબતે એક મહિલા ગ્રાહક સાથે મારપીટ કરી, જાતિવિષયક અપશબ્દો ઉચ્ચારવા બદલ 'આશાપુરા ઇલેક્ટ્રિક'ના સંચાલક કિશોર માલી વિરુદ્ધ રાપર પોલીસ મથકે એટ્રોસિટી એક્ટ સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

મળતી માહિતી મુજબ, ભોગ બનનાર મહિલાએ ગત તારીખ ૪ જુલાઈના રોજ સવારે ૮ વાગ્યાના અરસામાં માલીચોકમાં આવેલી આશાપુરા ઇલેક્ટ્રિક દુકાનની મુલાકાત લીધી હતી. તેમણે દુકાનદાર કિશોર માલીને ગેરંટી વાળું કુલર બરાબર કામ ન કરતું હોવાનું કહી નવું કુલર બદલી આપવા જણાવ્યું હતું. જો કે, દુકાનદારે કુલર બદલવાના બદલે બે દિવસ પછી રિપેર કરી આપવાની વાત કરી હતી. મહિલાએ કુલર તાત્કાલિક બદલી આપવાનો આગ્રહ રાખતાં દુકાનદાર કિશોર માલી ઉશ્કેરાઈ ગયો હતો અને મહિલાનું કાંડું પકડીને દુકાનમાંથી બહાર કાઢવાનો પ્રયાસ કર્યો હતો.

દુકાનદારના ગેરવર્તનથી રોષે ભરાયેલી મહિલાએ તેને એક થપ્પડ મારી દીધી હતી, જેના વળતા પ્રહારમાં ઉશ્કેરાયેલા દુકાનદારે મહિલાને બે જોરદાર થપ્પડ મારી દીધી હતી. આ હુમલામાં મહિલાને જમણા કાનમાં ઈજા પહોંચતાં લોહી નીકળવા લાગ્યું હતું. આરોપીએ આટલેથી ન અટકતાં મહિલા પ્રત્યે જાહેરમાં જાતિસૂચક અપશબ્દો બોલી જ્ઞાતિ પ્રત્યે અપમાનિત કર્યા હતા.

બનાવના પગલે ભયભીત થયેલી મહિલાએ તુરંત તેના સંબંધીઓને વાકેફ કરી ૧૧૨ નંબર પર પોલીસની મદદ માંગી હતી. ત્યારબાદ તેમને સારવાર અર્થે રાપરની સરકારી હૉસ્પિટલમાં ખસેડાયા હતા. ■

# ગીર સોમનાથ પોલીસે મહિલાના સોનાના દાગીનાના લૂંટારુંને મુદ્દામાલ સાથે ઝડપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)



(તસવીર- ફારૂક કાઝી, ઉના)

ઉના: ગીર સોમનાથ પોલીસે વધુ એક ગંભીર ગુનાનો ભેદ ઉકેલી ગણતરીની કલાકોમાં લૂંટના આરોપીને મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં સફળતા મેળવી હતી. પોલીસ દ્વારા લૂંટમાં વપરાયેલી કાર, છરી, મોબાઇલ ફોન તેમજ રૂ. એક લાખની કિંમતના સોનાના બે બુટ્ટા સહિતનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ ચાર જુલાઈ, ૨૦૨૬ના વિઠલપુર ગામના બસ સ્ટેશન પાસે વાહનની રાહ જોતા એક મહિલાને અજાણ્યા ચાલકે આલીદર જવાનું કહી પોતાની ગાડીમાં બેસાડી હતી. બાદમાં મોરવડ નજીક સૂમસામ સ્થળે ગાડી ઊભી રાખી મહિલાના ગળા પર છરી રાખી જાનથી મારી નાખવાની ધમકી આપી કાનમાં પહેરેલા અંદાજે એક તોલા વજનના સોનાના બે બુટ્ટા લૂંટી લીધા હતા. આરોપીએ મહિલાના હાથમાં છરીથી ઇજા પહોંચાડી ગાડીમાંથી ધક્કો મારી ફરાર થઈ ગયો હતો. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી પોલીસે તાત્કાલિક ગુનો નોંધી સમગ્ર જિલ્લામાં નાકાબંધી કરી હતી. ભારે વરસાદ અને ગ્રામ્ય વિસ્તાર હોવા છતાં પોલીસની અલગ-અલગ ટીમોએ સીસીટીવી ફૂટેજ, ટેક્નિકલ સર્વેલન્સ અને અન્ય પુરાવાના આધારે ઇકો કારની ઓળખ કરી તપાસ આગળ વધારી હતી. દરમિયાન મળેલી બાતમીના આધારે ઘાટવડ ગામ નજીક રેલવે ફાટક પાસે વોચ ગોઠવી પોલીસે શંકાસ્પદ કારને અટકાવી હતી. પૂછપરછ દરમિયાન આરોપીએ ગુનો કબૂલી લીધો હતો અને તેની પાસેથી લૂંટનો સમગ્ર મુદ્દામાલ પણ કબજે કરવામાં આવ્યો હતો. ઝડપાયેલા આરોપીની ઓળખ હાર્દિકભાઈ નાનજીભાઈ શિયાળ (ઉંમર ૨૩), રહે. થોરડી, તા. ગીર ગઢડા તરીકે થઈ છે. પોલીસે આરોપી પાસેથી રૂ. એક લાખ કિંમતના સોનાના બે બુટ્ટા, કાર, એક છરી અને વીવો કંપનીનો મોબાઇલ ફોન મળી કુલ મુદ્દામાલ કબજે કર્યો હતો. ■

# રાપરમાંથી સગીરાનું અપહરણ: બે ઈસમો સામે 'પોક્સો'

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના રાપર તાલુકાના ગણેશપર પગીવાંઢ વિસ્તારમાંથી એક ૧૬ વર્ષીય સગીરાનું અપહરણ થયું હોવાની ગંભીર ઘટના બની હતી. બદકામના ઈરાદાથી સગીરાને લલચાવી-ફોસલાવીને ભગાડી જવામાં આવી હોવાની ફરિયાદના આધારે રાપર પોલીસે બે શખ્સો સામે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, ગણેશપર પગીવાંઢ ખાતે રહેતા એક શ્રમિક પરિવારની ૧૬ વર્ષ અને પાંચ માસની દીકરી ગત તારીખ બે જુલાઈના રોજ અચાનક ગુમ થઈ હતી. પરિવારે તેની શોધખોળ આદરી હતી, પરંતુ કોઈ પત્તો ન લાગતાં આખરે રાપર પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ■





યુનિવર્સિટી પોલીસ મથકમાં વકીલ સાથે પોલીસના અયોગ્ય વર્તન મામલે રાજકોટ બાર એસોસિએશને પોલીસ કમિશનર સહિત ઉચ્ચ અધિકારીઓને રજૂઆત કરી હતી. રાજકોટ બાર એસોસિએશને યુનિવર્સિટી પોલીસ સ્ટેશનના સ્ટાફ સામે ઉચ્ચસ્તરીય તપાસની માગ કરી હતી. (પ્રવિણ સેદાણી, રાજકોટ)